એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૩ • અંક-૫

જુન-જુલાઈ '૦૮



મુખ્ય તંત્રી

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭ ૨૩૫૦

તંત્રી મંડળ

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા

જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

ડિઝાઈન, મુદ્રણ

જયેશ ઘિડયાળી ૯૮૨૪૦ ૪૮૪૮૭

મેહુલ બુદ્ધભટ્ટી ૯૯૨૫૭ ૩૭૫૫૭

વિતરણ વ્યવસ્થા

પ્રશાંત બિજલાની ૯૪૨૮૩ ૫૬૬૪૬

વેબ સાઈટ

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

કાર્યાલય વ્યવસ્થા

રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

માનદ્ સલાહકાર

મનુભાઈ કોટડીયા અમદાવાદ

તુલસીદાસ કંસારા અમદાવાદ

સૂર્યકાન્ત સોની અમદાવાદ

શૈલેષ કંસારા ભુજ

કાન્તીભાઈ કંસારા રાજકોટ

માનદ્ સંયોજક (ભુજ)

પી.જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪



કાર્યાલય

ધવલ જ્વેલર્સ

ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ - ૧

ફોન : ૦૭૯ - ૨૨૧૪ ૪૦૦૮

વેબ સાઈટ

www.gnyatisetu.com

ઈ-મેલ

editor@gnyatisetu.com




| | | |
|---|---|---|
| છુટક કિંમત | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦/- |
| ત્રિવાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજુ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી



अद्‌बुध्यध्व समनसः सजायः समग्निमिन्धवं बहवः सनीलाः।
दधिकामग्निमुषसं च ध्वीमिन्द्रावतोडवस नि चे व ।।

(ऋग्वेद १०/१०१/१)

***જે સમાજમાં વધુમાં વધુ લોકો એક મન, વિચાર અને સંકલ્પવાળા હોય છે તે સમાજ ઉન્નતિશીલ હોય છે. ત્યાં લોકો તેજસ્વી હોય છે.***

ઉપરોક્ત 'ઋગ્વેદ-ઋચા' 'સમુહ જીવન'નું શાશ્વત સત્ય ઉજાગર કરે છે, જેના પ્રમાણ આપણને સર્વત્ર જોવા મળે છે. મન, વિચાર અને સંકલ્પ આ ત્રણેય બાબતો માનવ જીવનમાં આપો આપ ઉદ્‌ભવતી નથી. એનું પેઢી દર પેઢી સીંચન કરવું પડે. પૂર્વજોએ જે કંઈ વાવ્યું હોય તેની લહાણી એના પછીની પેઢી કરે છે અને આજની પેઢી જે કંઈ વાવશે તેની લહાણી આપણી હવે પછીની પેઢી માણી શકશે. જેમ ફળદ્રુપ ધરા અને યોગ્ય વર્ષા હોય પણ જો એ ધરાનું સરખું ખેડાણ ન થયું હોય, સારું બીજ વવાયું ન હોય તો સારી પેદાશની આશા વ્યર્થ છે. તેમ સમાજની ધરાનું નિરંતર ખેડાણ અને સારા બીજનું વાવેતર આવશ્યક છે. 'જ્ઞાતિસેતુ'નો એ ઉદ્દેશ છે. આપણા પૂર્વજોના સત્કર્મો આપણી ફળદ્રુપ ધરા છે. આપણે એ સત્કર્મોને સતત યાદરૂપી ખેડાણ કરતા રહેવું જોઈએ. 'જ્ઞાતિસેતુ' એના પ્રત્યેક અંકમાં આપણી એવી પેઢીઓની પહેચાન આપતું રહે છે. અને આપણી આજની યુવા પેઢી આપણા સમાજનું સુધારેલું બિયારણ છે. આ બિયારણની સતત શોધ અને એનું સમયસર વાવેતર થતું રહે તે માટે 'સેતુ' આજની યુવા પેઢીના શિક્ષણ, વ્યવસાય, કલા, સંસ્કૃતિ ક્ષેત્રે પ્રગતિના પ્રતિબિંબો આપતું રહે છે.

'જ્ઞાતિસેતુ'નો આગામી અંક દીપાવલી નિમિત્તે વિશેષાંક છે. આવો, આ 'સ્વર્ણિમ' વિશેષાંકમાં આપણે સહુ સાથે મળી આપણી ગઈ કાલની વિરાસત, આજની દોલત અને આવતી કાલની 'અમાનત'ને જાણીએ અને માણીએ. આપણા સમાજ રૂપી ધરતીનું ખેડાણ કરીએ જે વિકાસરૂપી વર્ષાને ઝીલી શકે, મબલખ પાક આપી શકે, અને સમાજની સર્વતોમુખી પ્રગતિ શક્ય બને.

આથી વિવિધ વિસ્તારમાં વસતા આપણા સમાજના શ્રેષ્ઠીઓ, બુદ્ધિજીવીઓ, કારીગર કસબીઓ, મહિલાઓ, બાળાઓ, તરૂણ-તરૂણીઓ, વડીલો સર્વેને અમારૂં ભાવભર્યું 'ઈજન' (આમંત્રણ) છે કે આપ આ સુવર્ણમાળાની એક મહત્વની કડી બનો. જે કંઈ આપની પાસે કહેવા જેવું હોય તે બેધડક, જેવું આવડે તેવું કહો. સમાજને ઉપયોગી હશે તેવી કોઈપણ વાત, પૂર્વજની હોય કે પછી આત્મજની હોય, પરંપરાની હોય કે પ્રવૃત્તિની હોય. અવશ્ય લખી મોકલો. સપ્ટેમ્બરના અંત સુધીમાં 'સેતુ' કાર્યાલયને મળે તે રીતે મોકલશો તો પૃષ્ઠ મર્યાદા અને વિષય અનુકુળતા અનુસાર એનો સમાવેશ અવશ્ય થશે.

| અતુલ સોની | મનુભાઈ કોટડીયા | હંસરાજ કંસારા |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

# સુભાષિત ચિંતન

*કુ. એકતા કટ્ટા - અંજાર*

**न सा सभा, यत्र न सन्ति वृद्धाः, वृद्धाः न ते ये न वदन्ति धर्मम्।**
**धर्मः स नो यत्र च नास्ति सत्यं, सत्यं न तद् यत् छलनानुविद्धम्।।**

*અર્થાત "તે સાચી સભા ન કહેવાય કે જ્યાં વૃદ્ધ સભ્યો ન હોય. તેઓ વૃદ્ધ ન કહેવાય જેઓ ધર્મ રજૂ કરી શકતા ન હોય. તે ધર્મ ન ગણાય કે જે સત્યના પાયા પર ન હોય અને તે સત્ય ન ગણાય કે જે છળ-કપટથી યુક્ત હોય.*

સુભાષિતકારે ઉપરોક્ત સુભાષિતમાં સભા, વૃદ્ધ, ધર્મ અને સભ્યના મૂળ ગુણોનો એક-બીજા સાથે સંલગ્ન ગણી તેને મહત્તા સ્પષ્ટ કરી છે.

મનુષ્ય જ્યારથી સુસંસ્કૃત બન્યો ત્યારથીજ જુદા જુદા રૂપે વિકાસની સમીક્ષા કરતો જ રહ્યો છે. આ સમીક્ષા તે 'સભાઓ' (આધુનિક સમયની મિટીંગ)ના માધ્યમે કરતો રહ્યો છે. આ 'સભાઓ'ની સફળતા જે તે ક્ષેત્રના અનુભવી કે નિષ્ણાતોની ઉપસ્થિતિ પર અવલંબે છે. અહીં 'વૃદ્ધ' શબ્દ અનુભવી અને નિષ્ણાતના સંદર્ભે ઉલ્લેખિત થયેલ છે, "શારીરિક ઘડપણ"ના સંદર્ભે નહીં! અને જે સભામાં અનુભવી અને નિષ્ણાંતોની ઉપસ્થિતિ નથી હોતી, તે મનુષ્યોનો સાથે મળેલ જૂથ માત્ર સિદ્ધ થાય છે. કારણ કે, ત્યાં થતી પ્રત્યેક ચર્ચા પરિણાત્મક કે સમીક્ષાત્મક નથી હોતી. કોઈપણ કાર્યનો અનુભવ તેની અડધી સફળતા નિશ્ચિત કરી શકે છે, તેનું માર્ગદર્શક બની શકે છે. પરંતુ, સભાઓમાં આવા અનુભવી કે નિષ્ણાતોની ઉપસ્થિતિ હોવા છતાં પણ જો તેઓ પોતાના અનુભવનું નિરૂપણ ન કરી શકે તો તે પૂર્ણપણે "અનુભવી" ન કહેવાય! જેને સુભાષિતકારે "ધર્મ" કહ્યું છે, તે કોઈ ધાર્મિક સંપ્રદાય દ્વારા થતાં "કર્મકાંડ" માત્ર નથી! પરંતુ, જે તે "ક્ષેત્ર" (ભક્તિ, સંસ્કૃતિ, શિક્ષણ વિગેરે જેવા)ના "મૂળભૂત ગુણધર્મો"ના સંદર્ભે કહેલ છે. આવા મૂળભૂત ગુણધર્મોને આત્મસાત કરનારા જ અનુભવી કહેવાય. આ "મૂળભૂત ગુણધર્મો" વાસ્તવદર્શી કે વ્યવહારુ હોય છે. આ વાસ્તવિકતા કે વ્યવહારિકતા જ સુભાષિતકારે કહેલ "સત્ય" છે. અને જ્યારે આ વાસ્તવિકતા કે વ્યવહારિકતારૂપી "સત્ય"માં કોઈપણ પ્રકારના સ્વાર્થ, લોભ, મોહ, ઈર્ષ્યા ઈત્યાદી જેવા દૂષણો ભળતાં હોય છે, ત્યારે તે મૂળભૂત ગુણધર્મોનું વાસ્તવિકરૂપ ઝંખવાય છે અને તે ભ્રામક સિદ્ધ થાય છે, અને ભ્રામકતાના આધારે કદી કોઈપણ ધ્યેય (પરિણામ)ને પ્રાપ્ત ન કરી શકાય! અત્રે નોંધ લેવી ઘટે કે મૂળભૂત ગુણધર્મોની વાસ્તવિકતા અટલ-અચલ હોય છે. સમય કે પરિસ્થિતિ તેને બદલાવી શકતી નથી.

નિર્ભેળ વાસ્તવિકરૂપે મૂળભૂત ગુણધર્મોને આત્મસાત કરનારા અનુભવીઓ સાથે મળેલ માનવીય સમયુદાય જ નિશ્ચિત લક્ષ્ય વડે વિકાસ સાધી શકે છે, અને તે સભા, તે વૃદ્ધો, તે ધર્મ અને તે સત્ય જે માનવીય સમુદાયના વિકાસાર્થે નિર્માયા છે તેનો યથાર્થપણે ઉપયોગ થઈ શકશે!.

## ભગવાન ક્યારે મળે ?

*- આર.પી. પોમલ-અંજાર*

એક શિષ્ય પોતાના ગુરૂ પાસે ગયો અને કહેવા લાગ્યો : 'ગુરૂજી ! મારે ધર્મ જોઈએ છે.'

ગુરૂએ પેલા યુવાન ભણી જોયું, પણ તે કશુ બોલ્યા નહી. સહેજ હસ્યા.

પોતે યુવાન દરરોજ ગુરૂજી પાસે આવતો અને ભાર દઈને કહેતો : 'મારે ભગવાન જોઈએ છે.'

પરંતુ પેલા યુવાન કરતા ગુરૂજી વધારે અનુભવી હતા, એટલે તેઓ કશો જવાબ આપતા નહીં, મૌન જાળવતા.

એક દિવસે જ્યારે ખૂબજ ગરમી હતી, ત્યારે જ ગુરૂજીએ પેલા યુવાનને પોતાની સાથે નદીએ આવવા કહ્યું.

નદીએ જઈને ગુરૂજીએ તેને પાણીમાં ડૂબકી મારવા કહ્યું. પેલા યુવાને ડુબકી મારી.

પેલા વૃધ્ધ ગુરૂજીએ તરતજ તેની પાસે જઈને તેને પાણીમાં થોડીવાર દબાવી રાખ્યો. જ્યારે પેલા યુવાને પાણીમાંથી બહાર નીકળવા ખૂબજ ધમપછાડા માર્યા, ત્યારે ગુરૂજીએ તેને છોડી દીધો.

બહાર આવ્યા પછી ગુરૂજીએ તેને પૂછ્યું : 'જ્યારે તું પાણીની અંદર હતો, ત્યારે તને સૌથી વધારે જરૂર શાની લાગી હતી ?'

પેલા શિષ્યએ જવાબ આપ્યો : 'શ્વાસની.'

ગુરૂજીએ કહ્યું : 'તેવીજ તીવ્ર તને ભગવાનની જરૂર લાગે છે ખરી ? એમ હશે તો એક ક્ષણમાંજ મળશે.'

જ્યાં સુધી એ પ્રમાણે ધર્મ માટેની તમને તીવ્ર તૃષ્ણા જાગી ન હોય, ત્યાં સુધી તમને ધર્મ મળે નહીં. ભલે તમે તમારી બુદ્ધિ, પુસ્તકો વગેરે દ્વારા ગમે તેટલી મથામણ કરો. જ્યાં સુધી તીવ્ર તાલાવેલી તમારામાં પેદા ન થાય, ત્યાં સુધી કશું નહીં વળે.

## વિચાર મંચ

*- મોહન બી. પોમલ-ભુજ.*

# યુવાન સંતાનોના વાલીઓ જોગ

"સ્વ. સોની બચુભાઈ સુંદરજી પોમલ" દરેક જ્ઞાતિજન માટે પરિચિત એક વિશ્વસ્નીય નામ. મોટા ભાગનું જીવન સતત સંઘર્ષમય ગુજારી નિવૃત્તિકાળે ફુરસદના સમયે જ્ઞાતિમાં વયસ્ક યુવક-યુવતીઓના સબંધ જોડાણ બાબતે મૂકસેવક તરીકે સેવા આપતા હતા. તેઓ ક્યારેય પણ કોઈપણ જાતના માન-સન્માન કે સ્વાર્થની અપેક્ષા વગર જ્ઞાતિજનોના વ્યક્તિગત કામો માટે હંમેશા પોતાને ખર્ચે દોડધામ કરવા તૈયાર રહેતા. તા. ૧૨/૫/૦૬ના રોજ તેમનું અવસાન થયું. આ દુ:ખદ બનાવ બાદ મેં તેમને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ રૂપે તેમના સેવાકાર્યને ચાલુ રાખવા અનુકુળતા એ સમય ફાળવી જ્ઞાતિના ઉત્કર્ષ બાબતે પ્રયાસ કરવા નિર્ણય કર્યો.

આપણી જ્ઞાતિમાં ઉંમરલાયક યુવક-યુવતીના સબંધ વખતે ઘણીવાર, કુટુંબમાં વડીલ પુરૂષ વર્ગની ગેરહાજરી, સામા પક્ષને દરખાસ્ત મૂકવાની સંકોચવૃત્તિ, સામા પક્ષ વિશે જાણકારી ન હોવાથી ઉતપન્ન થતી અસમંજસ વિ. જેવા કારણોને લઈ વચ્ચે તટસ્થ વ્યક્તિની મધ્યસ્થી જરૂરી બનતી હોય છે.

આવી મધ્યસ્થી બાબતે ઘણા પક્ષકારો મારી પાસે આવે છે. દરેક પક્ષકાર વિશે શક્ય તેટલી જાણકારી મેળવી, યોગ્ય માર્ગદર્શન આપી પ્રપોઝલ મૂકવામાં આવે છે. જો કે દુ:ખ એ બાબતનું છે કે મોટા ભાગના કિસ્સામાં સામા પક્ષકાર તરફથી દરખાસ્તનો સ્પષ્ટ રીતે હા યા ના નો જવાબ આપવાની પણ સૌજન્યતા દાખવવામાં આવતી નથી, જે અયોગ્ય બાબત છે.

હાલ આપણી જ્ઞાતિમાં વયસ્ક યુવક-યુવતીનો સબંધ નક્કી થયા બાદ સગાઈના પ્રસંગ પહેલાં અથવા પછી ટૂંકા સમયમાં જ સબંધ ફોક કરવાના કિસ્સા આશ્ચર્યજનક રીતે વધી રહ્યા છે. જે સામાજીક તંદુરસ્તી માટે હાનીરૂપ છે.

એક તરફ આપણી જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ સારા એવા પ્રમાણમાં વધતું જાય છે, જે આનંદની વાત છે, પરંતુ આજનો યુવા વર્ગ શિક્ષિત હોવા છતાં સબંધ ફોકના કિસ્સા શા માટે વધે છે ? શું આપણે ફક્ત ઉપાર્જનલક્ષી શિક્ષણને જ મહત્વ આપીએ છીએ ? આપણા બેઝીક વિચારો, માન્યતાઓ, શોચ-સમજમાં તેનું કોઈ સ્થાન સ્વીકારતા નથી, યા નાની નાની બાબતોને મોટું સ્વરૂપ આપી, સહનશીલતા દાખવ્યા વગરનું વલણ અપનાવી, પોતાને, કુટુંબને તેમજ સામાજીક વાતાવરણને આડકતરું નુકશાન પહોંચાડીએ છીએ.

આપણી જ્ઞાતિમાં બીજી એક નોંધનીય બાબત એ છે કે મોટા ભાગના અનેક કિસ્સાઓ જોતાં ઉંમરલાયક છોકરા-છોકરીના વાલીઓ, ઉમેદવારની વય વધતી હોવા છતાં, સબંધ કરવા આતુર હોવા છતાં તે માટે યોગ્ય પ્રયાસો કરતા નથી, તેમજ એવી અપેક્ષા રાખતા હોય છે કે પોતાના ઉમેદવાર માટે સામેથી પૂછા આવે તો સારું. આ કેવી માનસિકતા ? પ્રયત્ન ન કરવાથી ઉમેદવારની ઉંમર વધતી જાય છે, પછી પસંદગીના વિકલ્પો ઘટતા જતા હોઈ મેચીંગ પાત્ર ન મળતાં વાલીઓ માટે ચિંતાનો વિષય બને છે.

આજે સમાજમાં છોકરીઓમાં એજ્યુકેશનનું પ્રમાણ ગૌરવપ્રદ રીતે વધી રહ્યું છે, જે બદલાતા પ્રવાહ સાથે તાલમેલ માટે અતિ આવશ્યક છે. એ તે શોચને વધુમાં વધુ પ્રોત્સાહન મળે તે જરૂરી છે.

પરંતુ સિક્કાની બીજી સાઈડ તરફ જોઈએ તો આપણી સામાજીક પરંપરા, સંસ્કૃતિ, રીતીરીવાજોને અનુરૂપ પાયાનું ઘડતર જે તેને આગળ જતાં દામ્પત્ય જીવનમાં અતિશય ઉપયોગી થવાનું છે, તે ઘણા વાલીઓ ખાસ તો માતા તરફથી છોકરીને મળે તેનું પ્રમાણ થોડું ઓછું દેખાય છે. શિક્ષણની સાથે પ્રેક્ટીકલ ઘડતર પામનાર છોકરીના દામ્પતય જીવનમાં પ્રશ્નો ઊભા થવાનું પ્રમાણ ઘટી જાય છે, અને જીવન સુખરૂપ પસાર થઈ શકે છે. ગૃહસ્થી જીવનમાં ભણતરની સાથે ઘડતરનું મહત્વ પણ ઘણુ છે.

## નિ:સ્વાર્થ આનંદ

બીડી, સીગારેટ, દારૂ વગેરે પીને પોતાના કાળજા બાળવામાં પૈસો ખર્ચવાને બદલે કોઈના પેટનો ખાડો પૂરવામાં પૈસો વપરાય તો આપણને અવર્ણનીય આનંદ થશે.

કોઈ ભવ્ય હોટલમાં, આપણા કુટુંબના એક ટંકના જમણ માંથી કોઈક ગરીબના કુટુંબનું પૂરા એક મહિનાનું ભરણ-પોષણ થઈ શકે છે, તે યાદ રાખવા જેવું છે.

સત્કર્મ તો કામધેનુ છે. એને દોહતા આવડે તો આનંદરૂપી દૂધ મળે. બીજાનો સાંસારિક બોજો ઓછો કરી શકે એવી કોઈપણ વ્યક્તિ, સંસારમાં બિનઉપયોગી નથી.

નિ:સ્વાર્થ સેવાના દરવાજામાં આનંદનો વાસ છે.

*- માનસી ડી. કોટડીયા*

**જ્ઞાતિ સમાચાર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

## સરસ્વતી સન્માન સમારોહ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા, ભુજ જ્ઞાતિના તારલાઓને સન્માનવા સરસ્વતી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૩/૮/૦૮ના ટાઉનહોલ, ભુજ મધ્યે યોજેલ ભવ્ય કાર્યક્રમમાં ધો. ૧ થી કૉલેજ - ડિપ્લોમા તથા ઈંગ્લીશ મીડીયમના જ્ઞાતિમાં ૧ થી ૩ ક્રમાંકે આવનાર ૧૩૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનપત્ર સાથે ઈનામો આપવામાં આવેલ.

સમારોહના પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ,

**વ્યવસાયલક્ષી અભિગમને બદલે વિવિધ અભ્યાસક્રમોમાં રસ ધરાવતી, વિદ્યાર્થીઓમાં રહેલ છુપી શક્તિઓ બહાર લાવવા ખુદ વાલીઓએ દરરોજ થોડો સમય ફાળવી ખાસ કાળજી લેવા અનુરોધ.**

ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી, તથા મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્યથી સમારોહની શુભ શરૂઆત કરવામાં આવી.

કુમારી શ્રેયા મનોજભાઈ મૈચાના સ્વાગત નૃત્ય બાદ શ્રી ચંદ્રકાંત જે. ચનાણીએ મહેમાનોના પરિચય તથા શાબ્દીક સ્વાગત બાદ શૈક્ષણિક અહેવાલ, આયોજન સબંધે માહિતી ઉપરાંત પ્રોજેક્ટ સબંધે વિશેષ છણાવટથી રજુઆત કરેલ.

સમારોહના પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ, અતિથિવિશેષ શ્રી ચંદ્રકાંત ગુજરાતી, જ્ઞાતિ




**શ્રી કાર્તિકેય બુદ્ધભટ્ટીનું મોમેન્ટો આપી સન્માન કરતા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જે. સોલંકી**

પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી, શ્રી શૈલેષભાઈ કંસારા, આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ સર્વેએ આપણી જ્ઞાતિમાં વધારેમાં વધારે માર્ક્સ સાથે ઊંચી ટકાવારી મેળવી, ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવેલ તેમજ શિક્ષણ ક્ષેત્રે તમામ સહયોગ તથા માર્ગદર્શન આપવા ખાત્રી આપેલ.



**વિદ્યાર્થીનીનું ઈનામ આપી સન્માન કરતા જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી**

ધો. ૧૦ થી કૉલેજ - ડિપ્લોમા તથા ઈંગ્લીશ મીડીયમના જ્ઞાતિમાં ૧ થી ૩ નંબરે આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓને સમારોહના પ્રમુખ શ્રી, જ્ઞાતિ પ્રમુખ શ્રી, આમંત્રિત મહેમાનો, દાતાશ્રી તેમજ અંજાર, માંડવી, પશ્ચિમ કચ્છ જ્ઞાતિ મંડળના પ્રમુખશ્રીના હસ્તે સન્માનપત્ર તેમજ ઈનામોનું વિતરણ કરવામાં આવેલ.

અભ્યાસમાં વધારે માર્ક્સ મેળવી ઉચ્ચ ટકાવારી સાથે વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓ

(૧) પરમાર આરોહી ભરતભાઈ (એસ.એસ.સી.માં કચ્છમાં ચોથા ક્રમે) (૨) સાકરીયા પલક સુરેશચંદ્ર (એચ.એસ.સી. (સાયન્સ) કચ્છમાં સાતમા ક્રમે) (૩) ચૌહાણ ચાંદની કિશોરચંદ્ર (એફ.વાય.બી.એ. કચ્છ યુનિ.માં બીજા ક્રમે) (૪) હેડાઉ દીપા રમેશભાઈ (કંસારા) (એમ. કોમ. પાર્ટ-૨ કચ્છ યુનિ. પ્રથમ ક્રમે) તથા (૫) મૈચા જાગૃતિ પ્રકાશભાઈ (ટી.વાય.બી.બી.એ. ગુજરાત યુનિ.માં દ્વિતીય ક્રમે) આવવા બદલ ચાંદીના મેડલ તથા સન્માનપત્ર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું ઉપરાંત સ્વ. ઠાકરશી પી. કંસારા (નિવૃત્ત ન્યાયાધિશ)ના સ્મરણાર્થે એમ.સી.એ. (ફાઈનલ)માં ઉત્તીર્ણ થવા બદલ હેડાઉ પૂજા કાન્તીલાલનું ચાંદીના મેડલથી સન્માન કરવામાં આવેલ.

અભ્યાસની સાથે ઈત્તરપ્રવૃત્તીઓમાં ભાગ લઈ, રાષ્ટ્રીય - રાજ્ય તથા જિલ્લા સ્તરે અગ્રસ્થાન મેળવેલ ૨૦ વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાતિજનોનું ટ્રોફી તથા સન્માનપત્ર દ્વારા ઉપપ્રમુખશ્રી કિશોરભાઈ જે. ચનાણી, મંત્રીશ્રી દીલીપભાઈ બગ્ગા, ખજાનચીશ્રી પ્રણલાલભાઈ બુદ્ધભટ્ટી, શ્રી સુનીલભાઈ પોમલ, શ્રી નિતીનભાઈ હેડાઉ, શ્રી હસમુખભાઈ મૈચા, શ્રી ભુપેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી વિગેરે કારોબારી સભ્યોના વરદ્ હસ્તે અભિવાદન કરેલ.

યુવકમંડળ આયોજીત ચેસ, કેરમ, વિગેરે ટૂર્નામેન્ટના વિજેતાઓને પ્રમુખશ્રી અનિલ છત્રાળા, ઉપપ્રમુખ સંજય વી. બુદ્ધભટ્ટી, દાતા શ્રી મહેશભાઈ એમ. ગુજરાતીના હસ્તે ઈનામો આપવામાં આવેલ, જેનું સંચાલન સંજીવ બુદ્ધભટ્ટીએ કરેલ.

મહિલામંડળના પ્રમુખ શ્રીમતિ લતાબેન સોલંકીએ મંડળની પ્રવૃત્તિઓ વિશે માહિતી જણાવેલ તથા પરફ્યુમ ક્લાસ, ચોકલેટ બનાવવાના ક્લાસના આયોજન બદલ સુધાબેન બુદ્ધભટ્ટી, રોહિણીબેન બુદ્ધભટ્ટીને સન્માનીત કરવામાં આવેલ.

જ્ઞાતિના પાર્ટીપ્લોટનું બાંધકામ શરૂ થઈ ગયેલ છે. તથા આગામી ૨૩મા સમૂહલગ્ન તા. ૭/૧૨/૦૮ના ભુજ ખાતે યોજાશે તેવી જાહેરાત જ્ઞાતિના પ્રમુખશ્રી અમૃતલાલ જે. સોલંકીએ કરી હતી.

આ શુભ અવસરે યુ.પી.એસ.સી.ની ઉચ્ચ પરિક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી જ્ઞાતિના પ્રથમ આઈ.એ.એસ. થવા બદલ શ્રી કાર્તિકેય ધનજીભાઈ બુદ્ધભટ્ટીનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ સોલંકીના હસ્તે ચાંદીનો સ્મૃતિચિહ્ન તથા સન્માનપત્ર આપી વિશિષ્ટ સન્માન કરવામાં

આવ્યું તે વખતે ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોએ પોતાના સ્થાન પર ઊભા થઈ તાળીઓના તાલે અભિવાદન કરી અભિનંદન પાઠવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રીએ, કચ્છની ભૂમિના તેજસ્વી તારલાઓ રાષ્ટ્રીય લેવલે સમાજનું નામ રોશન કરી, જ્ઞાતિને અપાવેલ ગૌરવ બદલ સર્વે જ્ઞાતિજનો વતીથી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. શ્રી કાર્તિકેયની વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્તિ માટે આશીર્વાદ સહ માર્ગદર્શક તેમના પિતાશ્રી ધનજીભાઈ હરીદાસ બુદ્ધભટ્ટીનું શ્રી દિલીપભાઈ બગ્ગા હસ્તે શાલ ઓઢાડીને તથા માતુશ્રી હેમલતાબેન ધનજીભાઈનું શ્રીમતિ લતાબેન સોલંકીના હસ્તે શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનના પ્રતિભાવ આપતા શ્રી કાર્તિક્ય બુદ્ધભટ્ટીએ સૌની લાગણી બદલ ખૂબ-ખૂબ આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા પર ખાસ ધ્યાન આપી, સખત મહેનત કરી, આયોજનબદ્ધ અભ્યાસ કરી, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા જણાવ્યું હતું. આ માટે કોઈપણ વિદ્યાર્થી કે જ્ઞાતિજનને માર્ગદર્શન - સહયોગ આપવા તૈયારી બતાવી હતી. ત્યારબાદ ચંદ્રકાંત ચનાણી તથા સુનિલ કંસારાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા પ્રોગ્રામોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો, જેમાં જ્ઞાતિના કલાકારોએ પોતાની સંદર નૃત્યકલાઓ રજૂ કરી જ્ઞાતિજનોને મનોરંજન પુરું પાડેલ. કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુદ્ધભટ્ટીએ કરેલ.

અંતમાં હની ટ્યૂન ઓર્કેસ્ટ્રાના શ્રી ધ્રુવ પોમલ તથા મયુર પોમલના સથવારે ગીત સંગીતનો કાર્યક્રમ યોજાયેલ, જેમાં શ્રી ભરત બુદ્ધભટ્ટી, સુરેશ બુદ્ધભટ્ટી, નરેન્દ્ર બુદ્ધભટ્ટી, વિજય બુદ્ધભટ્ટી, ચૌલાબેન એમ. મૈચા, કલ્પેશ વિગેરે કલાકારોએ કંઠના કામણ રેલાવ્યા હતા. સંગીત કાર્યક્રમનું આયોજન પ્રદિપ એમ. ચનાણીએ તથા સંચાલન રોહિણીબેન બુદ્ધભટ્ટીએ કરેલ.

ઈનામી વસ્તુ માટે કાયમી દાતા (૧) સ્વ. ચંચળબેન વેલજી ભગવાનજી (આફ્રિકાવાળા) ટ્રસ્ટ હા. શ્રી નવીનભાઈ ઈંદરજી હેડાઉ તરફથી ધો. ૧ થી ૯ ગુજરાતી મીડીયમના ઈનામો તથા ૨૦૦ પ્રોત્સાહિત ઈનામો માટે (૨) સ્વ. સોની ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ હા. શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી તરફથી ધો. ૧૦ થી કોલેજ - ડિપ્લોમાના ઈનામો તથા (૩) સ્વ.




**સમારોહનું દીપ પ્રાગટ્યથી શુભારંભ કરતા સમારોહ પ્રમુખ શ્રી જગદીશભાઈ દયારામ ચૌહાણ, જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી, અરવિંદભાઈ બારમેડા, ચંદ્રકાંત ગુજરાતી, પ્રેમજીભાઈ સોલંકી**

લાડુબેન નરભેરામ સોલંકી હા. શ્રી પ્રાણલાલ નરભેરામ સોલંકી તરફથી ધો. ૧ થી ૧૨ના ઈંગ્લીશ મીડીયમના ઈનામો માટે સહયોગ સાંપડેલ. ઉપરાંત અન્ય પ્રોત્સાહિત ઈનામો - રોકડા ઈનામો - જાહેરાત ખર્ચ માટે દાતાઓનો સહયોગ મળેલ છે.

આ પ્રસંગે જ્ઞાતિજનો - દાતાઓ - મહેમાનો તરફથી દાનનો પ્રવાહ વહેતાં શિક્ષણ ક્ષેત્રે, શૈક્ષણિક કાયમી ફંડ સમિતિને રૂા. ૧,૨૭ ,૦૦૦/- તથા શિ. સાં સમિતિને કાર્યક્રમ માટે રૂા. ૧૭,૦૦૦/-નું દાન મળેલ છે. કાયમી શૈક્ષણિક ફંડના મુખ્ય દાતાશ્રીઓ (૧) બેટા નિતીરાજના સ્મરણાર્થે હા. શારદાબેન જશવંતલાલ પોમલ (૨) શ્રી જટુભાઈ વેલજી ચનાણી (૩) શ્રી મગનલાલ વેલજી ચનાણી (૪) શાંતાબેન દયારામ ચૌહાણ હા. જગદીશભાઈ (૫) સ્વ. લહેરીકાંત હીરજી બારમેડા હા. જ્યોતિબેન (૬) સ્વ. બાબુલાલ પરષોત્તમ સાકરીયા હા. જશોદાબેન (૭) સ્વ. મોહનલાલ રવજી બુદ્ધભટ્ટીના સ્મરણાર્થે હા. જયાબેન (૮) બારમેડા નુખભાઈઓ હા. ચંદ્રકાંત ઓધવજી તથા પ્રવિણ મુળશંકર (૯) શ્રી વાલજીભાઈ ખેતશી ગુજરાતી (૧૦) વેલુબેન ગોવિંદજી બુદ્ધભટ્ટી. અન્ય દાતાશ્રીઓ તરફથી પણ નોંધપાત્ર દાન મળેલ છે. તે બદલ સર્વેનો ખૂબ-ખૂબ આભાર. સમારોહના અધ્યક્ષપદે શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ, અતિથિ વિશેષપદે શ્રી કાર્તિકેય ધનજીભાઈ બુદ્ધભટ્ટી, વસંતલાલ માવજી બુદ્ધભટ્ટી, મદદનીશ જિલ્લા સરકારી વકીલ શ્રી ચંદ્રકાંત સી. ગુજરાતી, એડવોકેટ શ્રી અરવિંદભાઈ કે. બારમેડા, જ્યોતિબેન લહેરીકાંત બારમેડા, તથા દાતાશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, નવીનભાઈ ઈંદરજી હેડાઉ, પ્રાણલાલ નરભેરામ સોલંકી, ઝવેરીલાલ શીવજી બુદ્ધભટ્ટી, શારદાબેન જશવંતલાલ પોમલ તેમજ અખિલ ભારત મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકી, અંજાર જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ કે. પરમાર, માંડવી જ્ઞાતિ પ્રમુખશ્રી વિનોદભાઈ હેડાઉ, પશ્ચિમ કચ્છ જ્ઞાતિ મંડળના પ્રમુખશ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા, અખિલ કચ્છ જ્ઞાતિ ઉત્કર્ષ મંડળના સમીર કંસારા, શ્રી ધનજીભાઈ બુદ્ધભટ્ટી (કોઠારા) માધાપર જ્ઞાતિ મંડળના પ્રમુખશ્રી હરસુખભાઈ મૈચા, યુવકમંડળ - ભુજના પ્રમુખશ્રી અનિલ કે. છત્રાળા, મહિલામંડળના પ્રમુખ શ્રીમતિ લતાબેન સોલંકી શ્રી શૈલેષભાઈ કંસારા, વિગેરે આમંત્રિત મહેમાનોએ મંચ પર બિરાજી શોભામાં અભિવૃદ્ધિ કરેલ. ઉપરાંત શ્રી મગનલાલ વેલજી ચનાણી, અનિલ એ. હેડાઉ, પી.જી. સોનીપ શાંતિલાલ જે. પોમલ, શ્રી ચુનીલાલભાઈ પોમલ (કોઠારા) શ્રી નવીનભાઈ કે. પોમલ (મુંબઈ) શ્રી જેન્તીલાલ એચ. સાકરીયા (મુંબઈ) અંજાર-માંડવી જ્ઞાતિ કારોબારી સભ્યો વિગરે જ્ઞાતિ આગેવાનોએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો માટે નાસ્તાની સગવડ રાખવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાંત જે. ચનાણી તથા શ્રી ચેતન આઈ. બારમેડાએ કરેલ.

કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જે. સોલંકી, મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગા, સુનિલ કંસારા, નિતીન હેડાઉ, શિ. સાં. સમિતિના કન્વીનર શ્રી ચેતનભાઈ બારમેડા, શ્રી ચંદ્રકાંત ચનાણી, મંત્રી શ્રી પ્રદીપ બીજલાણી, ખજાનચી શ્રી કિશોરભાઈ ચૌહાણ, હિતેશભાઈ પોમલ, દિપકભાઈ પોમલ, શીશીર હેડાઉ, મનસુખ બુદ્ધભટ્ટી, મુળજી કટ્ટા, યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલ છત્રાળા, સંજય બુદ્ધભટ્ટી, મનોજ મૈચા, ગીરીશ સોલંકી, સંજીવ બુદ્ધભટ્ટી, અશોક બુદ્ધભટ્ટી, અતુલ બુદ્ધભટ્ટી તેમજ જ્ઞાતિ કારોબારી સભ્યો, શિ. સાં. સમિતિના સભ્યો, યુવક મંડળ - મહિલા મંડળના સભ્યો તેમજ નામી અનામી સક્રીય કાર્યકરોએ જહેમત ઉઠાવેલ.

***અહેવાલ : પ્રદીપભાઈ બીજલાણી,***
***મંત્રી, શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિ***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, અંજારે તેજસ્વી તારલાઓને બિરદાવ્યા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, અંજાર દ્વારા ગત તા. ૨૦/૭/૨૦૦૮, રવિવારના રોજ ટાઉન હોલ મધ્યે, ગત શૈક્ષણિક વર્ષમાં ઉત્તિર્ણ અંજાર જ્ઞાતિના અંદાજે ૨૫૭ જેટલા તેજસ્વી તારલાઓ સહિત સમગ્ર જ્ઞાતિના ગૌરવ એવા જ્ઞાતિના પ્રથમ આઈ.એ.એસ. શ્રી કાર્તિકેય ધનજીભાઈ બુદ્ધભટ્ટીને ''સરસ્વતી સન્માન સમારોહ'' અંતર્ગત બિરદાવવામાં આવ્યા હતા.

***''કુદરતે બક્ષેલ નિપુણતા તથા સ્વ-રસ ધરાવતા ક્ષેત્રમાં અથાગ મહેનત દ્વારા કોઈપણ સફળતા મેળવી શકાય છે. આપણા બાળકોને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં તેઓને વધુને વધુ મહેનત કરવા પ્રોત્સાહન આપવું જોઈએ.''***

***- રાજેશભાઈ વિસાપરમાર***

સમારોહ અધ્યક્ષ, ઉપસ્થિત અતિથિઓ અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ રંગારંગ ''સાંસ્કૃતિક કાર્યક્રમ'' દ્વારા આ કાર્યક્રમનું આયોજન ગયું હતું. સ્વાગત ગીત, ''લવ-કુશ દ્વારા રામકથા'' નૃત્ય નાટિકાથી લઈ ફ્યુઝન મ્યુઝિક ડાંસ જેવી અંદાજે ૧૭ કૃતિઓ ઉપસ્થિતોએ માણી હતી, બિરદાવી હતી. આ સાંસ્કૃતિત કાર્યક્રમનું સમગ્ર આયોજન અંજાર જ્ઞાતિના મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, અંજાર દ્વારા પ્રાથમિક કક્ષાથી ઉચ્ચઅભ્યાસક્રમોમાં ઉત્તીર્ણ અંજાર જ્ઞાતિના પ્રત્યેક વિદ્યાર્થીઓ તથા ધોરણ ૧ થી ૧૨ સુધીના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના જુદા-જુદા વિભાગોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમવારે, ઉત્તીર્ણ પ્રત્યેક વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ બિરદાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે, ૨૦૦૭ના વર્ષમાં લેવાયેલ આઈ.એ.એસ. - ભારતીય સનદ્‌સેવા (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) પરિક્ષામાં સમગ્ર ભારતમાં ૭૦માં ક્રમે ઉત્તીર્ણ થયેલા શ્રી કાર્તિકિય ધનજીભાઈ બુદ્ધભટ્ટીનું વિશિષ્ટ સન્માન અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમાર તથા મંત્રી શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ, અંજારના પ્રમુખ શ્રીમતિ શાંતાબેન અમૃતલાલ બારમેડા દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી જીવનના કેન્દ્રબિંદુ ગણાતા, ગત શૈક્ષણિક વર્ષના ૧૦મા ધોરણમાં ૭૩.૬૯% સાથે પોમલ જીમિ રામદાસ (ગુજરાતી માધ્યમ) તથા ૬૫.૩૮% સાથે સોની અમિત સુરેશભાઈ (અંગ્રેજી માધ્યમ) અંજાર જ્ઞાતિમાં પ્રથમ રહ્યાં હતાં તથા ૧૨મા ધોરણમાં ૭૫.૭૧% સાથે સોની મોનિકા કિશોરભાઈ (ગુજરાતી માધ્યમ) તથા ૬૫.૨૯% સાથે સોની કિશન જેન્તીલાલ (અંગ્રેજી માધ્યમ) અંજાર જ્ઞાતિમાં પ્રથમ રહ્યાં હતાં.



અંજાર જ્ઞાતિના પ.પૂ. ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસના આશીર્વચન ઉપરાંત શ્રી કાર્તિકેયભાઈ તથા અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમારે જ્ઞાતિ ઉદ્‌બોધન કર્યું હતું. ''કુદરતે બક્ષેલ નિપુણતા તથા સ્વ-રસ ધરાવતા ક્ષેત્રમાં અથાગ મહેનત દ્વારા કોઈપણ સફળતા મેળવી શકાય છે. આપણા બાળકોને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં તેઓને વધુને વધુ મહેનત કરવા પ્રોત્સાહન આપવું જોઈએ.'' તેમ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરનારા જ્ઞાતિ બાળકોને ધ્યાનમાં લઈ, શ્રી કાર્તિકેયભાઈએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું હતું. તો શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજાર દ્વારા આગામી સમય દરમ્યાન ''જ્ઞાતિ સમાજવાડી નિર્માણ'' અંગે શ્રી રાજેશભાઈએ માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ અંતર્ગત અંજાર જ્ઞાતિ સમાજવાડીના પ્રસ્તાવિત નક્શાઓ જ્ઞાતિ પ્રમુખ શ્રી દ્વારા કાર્યક્રમ સ્થળ મધ્યે મૂકવામાં આવેલ હતાં.





''સરસ્વતી સન્માન સમારોહ''નું અધ્યક્ષસ્થાન શોભાવનારા શ્રી નવિનભાઈ નરોત્તમભાઈ બારમેડા, અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ, ગાંધીધામના પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, ભુજના શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિ કન્વીનર શ્રી ચેતનભાઈ, નખત્રાણા પ્રમુખ શ્રી હિમતભાઈ, માંડવી પ્રમુખ શ્રી વિનોદભાઈ ઉપરાંત અંજાર જ્ઞાતિના વડીલ તથા માજી પ્રમુખ શ્રી શામજીભાઈ, કાર્યક્રમને આર્થિક અનુદાન આપનારા શ્રી નરોત્તમભાઈ પરષોત્તમ બારમેડા પરિવારના શ્રી નવિનભાઈ, શ્રી પરષોત્તમ લખમશી વિસાપરમાર પરિવારના શ્રી સુરેશભાઈ કેશવલાલ વિસાપરમાર, શ્રી કિરણભાઈ કાનજી હેડાઉ ઉપસ્થિત રહ્યાં

હતાં. આ ઉપરાંત શ્રી કાનજી ગોવિંદજી હેડાઉ પરિવારના શ્રી વેલજીભાઈ તરફથી પણ આર્થિક અનુદાન મળેલ હતું.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુદ્ધભટ્ટી, શ્રીમતિ પિન્કીબેન નિખિલકુમાર કટ્ટા અને શ્રીમતિ અંજનાબેન નરેશકુમાર પોમલે કર્યું હતું. આભારવિધિ શ્રી હસમુખભાઈ ફૂલચંદ પોમલે કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે અંજાર જ્ઞાતિ કારોબારી કમિટીના શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમાર, શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુદ્ધભટ્ટી, શ્રી ભરતભાઈ ચત્રભુજ ગોહિલ, શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા, શ્રી પ્રકાશભાઈ નરોત્તમ બારમેડા, શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા, શ્રી શીવલાલભાઈ શામજી મૈચા, શ્રી શશીકાંત મનસુખલાલ બારમેડા, શ્રી સંજયભાઈ અમૃતલાલ બારમેડા, શ્રી દિનેશભાઈ રાઘવજી સાકરીયા, શ્રી શાંતિલાલ હંસરાજ બુદ્ધભટ્ટી, શ્રી હસમુખલાલ ફૂલચંદ પોમલ, શ્રી જેન્તીભાઈ કેશવલાલ સાકરીયા તથા મહિલા મંડળના શ્રીમતિ શાંતાબેન અમૃતલાલ બારમેડા, શ્રીમતિ પિન્કીબેન નિખિલકુમાર કટ્ટા, શ્રીમતિ અંજનાબેન નરેશકુમાર પોમલ વગેરેએ સહયોગ આપ્યો હતો.

***- શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમાર - પ્રમુખશ્રી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજાર.***

## વાહ...! શું પ્રોગ્રામ હતો...

અંજાર જ્ઞાતિમાં સ્વઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા રજૂ થયેલો સાંસ્કૃતિક પ્રોગ્રામ ખૂબજ સરસ અને માણવા લાયક હતો. જેનો તમામ શ્રેય શ્રીમતિ અંજનાબેન નરેશકુમાર પોમલ અને શ્રીમતિ પિંકીબેન નિખિલ કટ્ટા અને મહિલા મંડળની પૂરી ટીમને ફાળે જાય છે. નાના બાળકોએ તો પાતાની કલા ખૂબજ સારી રીતે રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આવી જ રીતે આપણી જ્ઞાતિમાં દર વખતે પ્રોગ્રામો થાય તો બાળકો માટે તે ઉપયોગી થાય અને તેમની શક્તિ ખીલે અને વિકાસ થાય. આજના નાના બાળકો આપની આવતી પેઢીનું ભવિષ્ય છે, માટે તેને આગળ કરવા માટે સ્પર્ધાઓ રાખી શકાય, જે દરેક બાળકો માટે ઉપયોગી થઈ શકે. અંતમાં પ્રોગ્રામ ખૂબજ સારો હતો અને મહિલા મંડળની તમામ બહેનોએ ખૂબજ મહેનત કરી હતી માટે તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

***-આર.પી. પોમલ-અંજાર***

## રોટરી ક્લબ નખત્રાણાના પ્રમુખ પદે અતુલ સોની

રોટરી ક્લબ નખત્રાણા. રોટરીનું ઘર, માનવનું મંદિર છે. નખત્રાણા ખાતે રોટરી ક્લબનું શપથગ્રહણ કાર્યક્રમ યોજાયો. સેવાકીય પ્રવૃત્તિ બદલ સેવાભાવીને એવોર્ડ અપાયા. જેમાં રોટરી ક્લબના મેમ્બર તરીકે કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી ભરતભાઈ બી. સોની સહિત પાંચ નવા સભ્યો જોડાયા, આપણા સોની સમાજ ભાવી અતુલભાઈ પી. સોની નવ નિયુક્ત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. જેમાં સેવાકીય પ્રવૃત્તિઓ છેવાડાના લોકો સુધી લઈ જવાનો આપ્યો કોલ. નખત્રાણા ખાતે યોજાયેલા ૨૦૦૮-૦૯ના રોટરી ક્લબના પ્રમુખ તરીકે શપથ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલાતા જયેશભાઈ શાહ, અતુલભાઈ સોનીએ શપથ ગ્રહણ કરાવી હતી. જેમાં નખત્રાણા સોની સમાજ, નવ યુવક મંડળ, સોની હંસરાજ વેલજી કટ્ટા પરિવારે અતુલભાઈ સોનીનું સન્માન કર્યું હતું, અને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



***-પ્રકાશ પી. સોની, સેતુ પ્રતિનિધિ, પશ્ચિમ કચ્છ નખત્રાણા.***

## હાઈકુ

મનુષ્ય પાસે
પ્રેમનો ધનુષ્ય
હોવો જોઈએ

'ગુલાબ' ચુભે
જો સંગ તેવો રંગ
સાચું હોત તો !

મૌલિક શક્તિ
અલૌકિક હોય છે
બધા કવિની !

યાદ રાખજો,
જીવનની વાડીમાં
તમે માળી છો

દાન + ધર્મ +
કર્મ + પૂણ્ય =
શ્રાવણ માસ !

સિરિયલથી
જવાની ખોટે રસ્તે
રવાની થાય

***-જીનલ પી. સોની નાગલપુર, માંડવી***

## ભુજ જ્ઞાતિ મહિલા મંડળની પ્રવૃત્તિઓ

*- રોહિણી ભરતભાઈ બુદ્ધભટ્ટી, માનદ્‌મંત્રી*

## બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ

વેકેશન એટલે મોજ-મજા-આનંદનો સમય. તેમાં પણ બાળકો માટે આ ગાળો એટલો મહત્વાનો હોય છે કે પરિક્ષાઓ ચાલુ હોય તે દરમ્યાનજ બાળકો વેકેશન કેવી રીતે ગાળવું એના પ્લાન બનાવતા હોય છે. આમાં મદદરૂપ થાય છે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ. તા. ૧૭/૫/૦૮ના રોજ અમારા મહિલા મંડળે બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન જ્ઞાતિની જ વાડી મધ્યે સાંજે ૪:૦૦ કલાકે થી ૭:૩૦ કલાક સુધી કર્યું હતું. જેમાં બાળકો માટે વન મિનિટ, મેમરી ગેમ, મ્યુઝિકલ ચેર વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વય મર્યાદા ૧૫ વર્ષ સુધીના બાળકોની રાખવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત અતિથિ વિશેષ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જે. સોલંકીના પ્રાસંગિક પ્રવચનથી કરવામાં આવી હતી. જેમાં તેમણે બાળકોતે વેકેશનનો સદ્‌ઉપયોગ સ્પર્ધાઓ, અભ્યાસ વગેરેમાં કરી અને ખૂબ આગળ વધવાની શીખ આપી હતી. તેમજ આવા કાર્યક્રમો યોજવા બદલ મહિલા મંડળને અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન મહિલા મંડળના મંત્રી રોહિણીબેન ભરત બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. નિર્ણાયકો તરીકે સુધાબેન એ. બુદ્ધભટ્ટી, નીલાબેન પોમલ, પ્રીતીબેન બગ્ગા, શીતલબેન બુદ્ધભટ્ટી વગેરે રહ્યા હતા. તેમજ બાળકોને રમતોમાં માર્ગદર્શન અરૂણાબેન નરેન્દ્રભાઈ બુદ્ધભટ્ટીએ પુરું પાડ્યું હતું. જયશ્રીબેન એ. છત્રાળાએ એન્ટ્રીની નોંધ રાખી હતી. વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. મહિલા મંડળને આર્થિક સહયોગ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકીએ પુરો પાડ્યો હતો. બાળકોને પ્રોત્સાહન પુરું પાડવા માટે જ્ઞાતિની બહેનોએ પણ સારી એવી હાજરી પૂરાવી હતી. લગભગ ૧૦૦ જેટલી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. વિજેતાઓના નામ નીચે મુજબ છે.

*(૧)વન મિનિટ ગેમ -*

**પ્રથમ બારમેડા યશ શરદભાઈ**
**દ્વિતીય પોમલ નીલોની રૂપેશભાઈ**
**તૃતીય કટ્ટા ક્રિષ્ના મનોજભાઈ**
**આશ્વાસન સાકરીયા રીમા મદનભાઈ**

*(૨) મેમરી ગેમ -*

**પ્રથમ છત્રાળા સોનાલી અનિલભાઈ**
**દ્વિતીય સાકરીયા રીમા મદનભાળ**
**તૃતીય કટ્ટા ક્રિષ્ના મનોજભાઈ**
**આશ્વાસન સોની જય ભરતભાઈ**

કાર્યક્રમને અંતે બહેનો માટે હાઉઝી ગેમ રાખવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના સભ્યો અરૂણાબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, શીતલબેન બુદ્ધભટ્ટી, રહિણીબેન બુદ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, રીટાબેન બુદ્ધભટ્ટી, પ્રીતીબેન બગ્ગા, જયશ્રીબેન છત્રાળા, નીલાબેન પોમલ, ક્રિષ્ટીબેન બારમેડા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આભારવિધિ મહિલા મંડળના મંત્રી રોહિણીબેન બુદ્ધભટ્ટીએ કરી હતી.

## સાડી પરિધાન સ્પર્ધા

શ્રી મારૂ કંસારા જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત સાડી પરિધાન હરીફાઈ જૂન મહિનામાં યોજાઈ હતી. જેના અધ્યાક્ષા શ્રીમતિ લતાબેન આઈ. સોલંકીએ મહિલાઓએ ઘરકામની સાથે-સાથે ઈત્તરપ્રવૃત્તિમાં પણ ભાગ લેવો જોઈએ તેમજ બાળકોમાં પણ ભણતરની સાથે-સાથે ઘડતર પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે શ્રીમતિ ત્રિવેણીબેન આઈ. સોલંકી તેમજ શ્રીમતિ અનીતાબેન કે. ચૌહાણ રહ્યા હતા. તેમણે પણ બહેનોને આવા કાર્યક્રમોમાં ભાગ લેવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જયેષ્ઠાબેન અનિલભાઈ બારમેડા, ભાવનાબેન એ. ચનાણી તેમજ પ્રીતીબેન ડી. બગ્ગાએ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં સ્પોન્સર તરીકે સ્વ. પ્રેમકુંવરબેન બચુભાઈ પોમલ, સ્વ. વેલુબેન હરીરામ સોલંકી, શાન્તાબેન દયારામ ચૌહાણ, પ્રીતીબેન દિલીપભાઈ બગ્ગા વગેરે રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જયશ્રીબેન છત્રાળા, નીલાબેન પોમલ, ભાવનાબેન બુદ્ધભટ્ટી, ક્રિસ્ટી બારમેડા, માલતીબેન ગુજરાતી, અરૂણાબેન બુદ્ધભટ્ટી વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કુમારી સુધાબેન અમૃતલાલ બુદ્ધભટ્ટીએ કરી હતી. આ કાર્યક્રમમાં એક અગત્યની જાહેરાત પણ કરવામાં આવી હતી કે મહિલા મંડળના વર્ષના સમગ્ર કાર્યક્રમોની આવકમાંથી ૫% આવક મહામંડળમાં જમા કરાવવામાં આવશે.

<u>જુનિયર વિભાગ</u>

**પ્રથમ વિજેતા : જુલીબેન નિમેષભાઈ ચનાણી**
**દ્વિતીય વિજેતા : પ્રિયાબેન કૌશિકભાઈ ચનાણી**
**આશ્વાસન ઈનામ : હિરલ નિલેશભાઈ ચૌહાણ**

<u>સિનિયર વિભાગ</u>

**પ્રથમ વિજેતા : નીતાબેન નિતીનભાઈ સોલંકી**
**દ્વિતીય વિજેતા : દીનાબેન હિતેશભાઈ બગ્ગા**
**આશ્વાસન ઈનામ : શીતલબેન અરૂણભાઈ બુદ્ધભટ્ટી**

## જ્ઞાતિ ગંગાને વ્હાલ

- રીના ચંદ્રકાંતભાઈ કોટડીયા, ભુજ

*બડા હુવા તો ક્યા હુવા જૈસે પેડ ખજુર, પંથી કો છાયા નહીં, ફૂલ લાગે અતિ દૂર*

પૂજ્ય, વડીલો, માતાઓ, ભાઈઓ, બહેનો અને બાળકો, જ્ઞાતિનું સંમેલન તે ગંગાનો સાગર છે. ટીપે-ટીપે સરોવર ભરાય છે, અને કાંકરે કાંકરે પાળ બંધાય છે. તેમ જ્યારે જ્યારે જ્ઞાતિના કોઈ કાર્યમાં આપણે સાથ આપશું તો આપણને અંદરથી આનંદ થશે અને તે આનંદ પરમ રહેશે ''એક હાથથી તાળી પાડી શકાતી નથી''. સંગઠનથી તાકાત અને જુસ્સો આવે છે. જ્ઞાતિ સંગઠનને સદા વંદન.

મોટા હોવાથી નાળીયેરી અને ખજુરીના વૃક્ષોની જેમ રહેવાથી આપણી શક્તિ તાકાત કે આપણું જીવન બીજાને ઉપયોગમાં ન આવે તે પૈસો શું કામનો? નાળીયેરી-ખજુરીના વૃક્ષ ઊંચા હોય છે. પણ તેનો છાંયડો પશુ-પક્ષી કે માનવીને ઉપયોગમાં આવતો નથી. તેમ પ્રભુએ પૈસો આપ્યો હોય તેનો જ્ઞાતિને કે કોઈ ધર્મદાનમાં થોડો ન આપી શકાય તો તે પૈસો શું કામનો? જ્ઞાતિ પાછળ-ધર્મ પાછળ ખર્ચાતો પૈસો દીપી ઊઠશે. આવું કરવાથી આપણા બાળકોને પણ એવાજ વિચારો અને શુભકામના થશે. પોતાના સ્વજન અને જ્ઞાતિ હિતમાં રચ્યા-પચ્યા રહેવાથી આપણું જીવન ઉજ્જવળ બનશે. થોડું ધન જ્ઞાતિ સેવાર્થે વાપરનારનો ધરણીધર ભંડાર ભરી આપે છે. આજે દુનિયા કૂદકેને ભૂસકે આગળ વધી રહી હોય ત્યારે આપણી પીછે હટ જે આપણા માટે શરમજનક થઈ પડે છે. જાગ્યા ત્યારથી સવાર ઘણી જ્ઞાતિના પ્રત્યેક કાર્યમાં રસ લેવા તત્પર બનીએ તો તે સદા મંગલમ્ લેખાશે. ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવાથી પણ જ્ઞાતિ ગૌરવ અનુભવશે. આપણુ છે, આપણે કરવાનું છે. આવો વિચારજ ઘણું થઈ પડશે. જ્ઞાતિને મદદ તે પોતાને મદદ સમજજો

''કર ભલા હોગા ભલા''

લાખ કમાતા હોઈએ પણ જ્ઞાતિની સામે ન જોવાય તો લાખ શુ કામના? ધન દીધું હોય ધરણીધરે તો થોડું સેવાર્થે જ્ઞાતિ ગંગાને વાપરતો જા, આવ્યો છો આ સંસારે, તો સફળ જન્મ કરતો જા.

જ્ઞાતિમાં સેવાના દીપ પ્રગટાવી એક પ્રકાશ પાડવાથી પાછળની પેઢી તે પથ પર ચાલી મહાસુખ માણશે. આપણો જન્મારો સફળ થશે. આપણી યાદ ચિરકાલિન બની યાદી તરતી રહેશે. જય માતાજી

## કેલ્શિયમ પરિક્ષણ કેમ્પનું આયોજન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત કેલ્શિયમ પરિક્ષણ કેમ્પનું આયોજન તા. ૧૨/૭/૦૮ના રોજ શનિવારે સમાજની લગ્નવાડી મધ્યે કરવામાં આવ્યું



હતું, જેમાં સમાજના ૪૦ વર્ષથી ઉપરના ભાઈ-બહેનોએ પરિક્ષણ કરાવ્યું હતું. ૧૫૦ થી વધુ સંખ્યા થઈ જતાં કેમ્પ ફરીથી યોજવા પર જ્ઞાતિજનોએ ભાર મૂક્યો હતો. કેમ્પના આયોજનમાં જયેષ્ઠાબેન અનિલભાઈ બારમેડાએ ખાસ જહેમત ઉઠાવી હતી. સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી આ કેમ્પ ચાલ્યો હતો. જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકીએ તેમજ યુવક મંડળના પ્રમુખ અનિલભાઈ છત્રાળાએ મહિલા મંડળની પ્રવૃત્તિઓને બીરદાવી હતી. આવા આયોજનો ફરી ભવિષ્યમાં પણ થવા જોઈએ તેવી આશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ લતાબેન સોલંકી, મંત્રી રોહિણીબેન બુદ્ધભટ્ટી, ખજાનચી અરૂણાબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, નીલાબેન પોમલ વગેરેએ ખાસ જહેમત ઉઠાવી હતી. મંડળની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર મહિલાઓએ પણ કેલ્શિયમ પરિક્ષણ કરાવ્યું હતું, અને જ્ઞાતિજનોએ પણ હોંશભેર આ કેમ્પમાં ભાગ લઈ મંડળને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. કેમ્પમાં સેવા આપનાર બંને મેડિકલ રિપ્રેઝેન્ટેટીવ્સને મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી તેમજ ખજાનચી અરૂણાબેન બુદ્ધભટ્ટીને હાથે પ્રતિક-ભેટ આપવામાં આવી હતી.

- *રોહિણી ભરતભાઈ બુદ્ધભટ્ટી, માનદ્‌મંત્રી*

## પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજના સમૂહલગ્ન

**પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજના સમૂહલગ્ન નખત્રાણા ખાતે રવિવારે તા. ૩૦/૧૧/૨૦૦૮ના રોજ યોજવાનું નક્કી કરેલ છે.**

**વધુ વિગત માટે સંપર્ક કરો**
**શ્રી હિરાલાલ સોની-પ્રમુખ - ૯૮૭૯૧ ૨૨૧૬૦**
**શ્રી હેમેન્દ્રભાઈ કંસારા-ઉપપ્રમુખ - ૨૨૨૨૬૫**
**શ્રી લખમશીભાઈ-કન્વીનર - ૯૪૨૭૭ ૬૬૬૪૫**

**ધોરણ ૮ થી ૧૨ પાસ સુધી ૭૦% અને કૉલેજના ૫૫% ઉપરનાની નકલ ઝેરોક્ષ પોતાના વાલીના પૂરા સરનામા સાથે ૧૫ દિવસમાં પહોંચાડવા વિનંતી.**

**મહામંડળની પ્રવૃત્તિ**

## ભુજ મધ્યે મળેલ મહા મંડળ 'કલા-સાંસ્કૃતિક સમિતિ'ની મીટિંગ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજવાડી, ભુજ મધ્યે, ગત તા. ૨૯/૬/૨૦૦૮, રવિવારના રોજ મહા મંડળની 'કલા-સાંસ્કૃતિક સમિતિ'ની મીટિંગનું આયોજન, મહા મંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીના અધ્યક્ષપદે થયું હતું.

સમિતિના કન્વીનર સુધાબેન અમૃતલાલ બુદ્ધભટ્ટી દ્વારા 'પરફ્યુમ મેકીંગ આર્ટ'ના નિદર્શન સાથે મીટિંગનું પ્રારંભ થયું હતું. આ 'પરફ્યુમ મેકીંગ આર્ટ'નું નિદર્શન 'કલા-સાંસ્કૃતિક સમિતિ' દ્વારા જ્ઞાતિના ભુજ, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, નલિયા-કોઠારા, માંડવી જેવા વિવિધ ઘટકો મધ્યે યોજવાના આશયથી આનું આયોજન મીટિંગ અંતર્ગત કરવામાં આવ્યું હતું, જેના પરિણામે, ત્યારબાદ ઉપસ્થિત સભ્યોએ પણ પાંચ-પાંચના ગ્રુપમાં આવી આ નિદર્શન કરી બતાવ્યું હતું.

ત્યારબાદ 'કલા-સાંસ્કૃતિક સમિતિ' દ્વારા નજીકના ભવિષ્યમાં થનાર ગતિવિધિઓ અંગે ઉપસ્થિતો દ્વારા મંતવ્યો રજૂ કરાવમાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મહા મંડળના પ્રમુખશ્રી ઉપરાંત ખજાનચીશ્રી અને નાણાંકીય સમિતિના કન્વીનર શ્રી ચન્દ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી, મહા મંડળના ઉપપ્રમુખ અને મેડિકલ સમિતિના સંગઠન મંત્રી અને ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલ સોલંકી પણ ઉપસ્થિત રહી સમિતિ સભ્યોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

'કલા-સાંસ્કૃતિક સમિતિ'ના કન્વીનર દ્વારા જ્ઞાતિમાં વિવિધ ઘટકોમાં 'પરફ્યુમ મેકીંગ આર્ટ'ના નિદર્શન હેતુસર પરફ્યુમ મેકીંગ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભુજ, માધાપર, માંડવી, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, ગઢશીસા, કોટડા તથા નલિયા-કોઠારાના કલા-સાંસ્કૃતિક સમિતિ સભ્યો ઉપરાંત જે તે ઘટકના મહિલા મંડળોના પ્રમુખ, કારોબારી સભ્યો આ મીટિંગમાં ઉપસ્થિત રહ્યાં હતા.

*- સુધા એ. બુદ્ધભટ્ટી, કન્વીનર*

## સુગંધનો દરિયો... વિશેષ માહિતી

'જ્ઞાતિસેતુ'ના ગત અંકમાં 'સુગંધનો દરિયો - પરફ્યુમ' લેખમાં સુધાબેન બુદ્ધભટ્ટીએ ખૂબ સરસ માહિતી આપેલ. સુધાબેન દ્વારા આપણે જ્ઞાતીની બહેનો માટે પરફ્યુમ બનાવવાનું શીખવવા માટે કાર્યક્રમ કરવામાં આવે છે તે માટે તેમને ખૂબ અભિનંદન. વિશેષમાં જણાવવાનું કે પરફ્યુમ બનાવવા અંગેનો વ્યવસાય ખરેખર એક ગૃહઉદ્યોગ બની શકે છે, તેવો મારો જાત અનુભવ છે. અમો છેલ્લા કેટલાંક વર્ષો અમદાવાદમાં રહી ઘર બેઠા પરફ્યુમની બોટલ તૈયાર કરી વેચાણ કરેલ છે. વ્યવસ્થિત રીતે આ વ્યવસાય કરવામાં આવે તો કોઈપણ વ્યક્તિને તેના પર પોતાનું ઘર આસાનીથી ચલાવી શકાય તેટલું કમાઈ શકે. મારા અનુભવને આધારે જ્ઞાતિજનો માટે વિશેષ માહિતી આપવા ઈચ્છું છું. પરફ્યુમ માટે જરૂરી કાચો માલ તથા ખાલી બોટલ અમદાવાદના દિલ્હી દરવાજા બહારની હોલસેલની દુકાન પરથી કિફાયતી ભાવે ઉપલબ્ધ થઈ શકે છે. કાચા માલના ભાવો આ મુજબ હોય છે.

મીથેનોલ - ૨.૫ લીટરના કેરબાની કિંમત રૂા. ૧૮૦ થી ૨૦૦.

એસેન્સ - ૨૫ મી.લી.ની બોટલ અંદાજે રૂા. ૭૦ ની ૧૦૦માં મળે છે. જેમાંથી ૨૫૦ મી.લી. પરફ્યુમ બને છે. (ચાર બોટલ).

મસ્ક ઓઈલ - ૨૫ મી.લી. ની કિંમત રૂા. ૧૫૦. એક બોટલ (૬૦ મી.લી.)માં માત્ર બે ટીપાં જેટલુંજ જોઈએ.

ખાલી બોટલ - ૬૦ મી.લી. ની બોટલ ડિઝાઈન મુજબ ૫ થી ૧૦ રૂા.

સુધાબેન દ્વારા દર્શાવેલ રીત મુજબ બનાવેલ પરફ્યુમની ૬૦ મી.લી.ની બોટલ બજાર ભાવ રૂા. ૧૨૦ થી ૧૫૦ જેટલી ગણાય. આમ યોગ્ય નફો મળી શકે.

આ ઉપરાંત જ્ઞાતિની બહેનો માટે ગૃહ ઉદ્યોગ તરીકે અગરબત્તી બનાવવાનો વ્યવસાય પણ કરી શકાય. તેની વિગતો જોઈએ તો કાચા માલ તરીકે પરફ્યુમ વગરની સાદી સળી રૂા. ૪૫ થી ૬૦/કિલોમાં અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ નંગ આવે. ડી. પી. ઓઈલ જે ૮૦ થી ૧૨૦ રૂા. પ્રતિ લીટરના ભાવે મળે છે તે ૫૦૦ મી.લી. લઈ તેમાં ૧૦૦ મી.લી. પરફ્યુમ (અંદાજે ૧૦૦ થી ૧૨૦) ઉમેરવામાં આવે તેમાં ૨૦૦૦ જેટલી અગરબત્તી ભીંજવી સુકાવવામાં આવે છે. વિવિધ ડિઝાઈનના બોક્સ ૮૦ થી ૧૦૦ પ્રતિ ૧૦૦ નંગના ભાવે આવે છે. પૅકીંગ માટેની પ્લાસ્ટીકની નાની થેલી સસ્તા ભાવે તૈયાર મળે છે. આ બધી આઈટમ અમદાવાદની હોલસેલ માર્કેટમાં ખૂબ કિફાયતી ભાવે મળે છે. તૈયાર થયેલ અગરબત્તીનો બોક્સ (૪૦ થી ૪૫ અગરબત્તી) અંદાજે ૧૦ રૂપિયાના ભાવે આસાનીથી વેચી શકાય.

આમ પરફ્યુમ બોટલ અને અગરબત્તીનો વ્યવસાય સારી રોજગારી આપી શકે છે. આ વ્યવસાય અંગેની વિગતો મારા અનુભવ આધારે સેતુના વાચકો માટે જણાવેલ છે. અમો હાલ ભુજમાં રહીએ છીએ. કોઈપણ જ્ઞાતિજન ઉપરોક્ત વ્યવસાય કરવા ઈચ્છે તો તેને કાચો માલ મેળવવાથી માંડી દરેક વિગત અમો પ્રેમથી જણાવવા તૈયાર છીએ. આથી કોઈ જ્ઞાતિ બાઈ-બહેન ઈચ્છે તો અમારો સંપર્ક કરી શકે છે. અંતમાં ઉપયોગી લેખો પ્રસિધ્ધ કરવા બદલ 'સેતુ'ને અભિનંદન.

**સંપર્ક : ચંદ્રકાંત એન. કોટડીયા. ૨૭, જયનગર રો-હાઉસ, ભુજ.**
**મો : ૯૯૨૪૩ ૪૩૪૧૩**

## લાગણીના સબંધો

- સોની હરીલાલ લખમશી (અંજાર)

# દામ્પત્ય જીવનમાં સંતુલન

**સામાજીક લેવલની એક ભીષ્મ સમસ્યા જે ઓછે-વત્તે અંશે સમાજમાં દરેક પરિવારને સ્પર્શેલી હોય છે તે એ છે કે પુત્ર-પુત્રીના સગાઈ-લગ્ન અને લાગણીઓના આનુસાંગીક બનાવોમાં સરળતાથી ચાલતા પરિવારમાં એક નવી વ્યક્તિના આગમનથી આંદોલનો શરૂ થઈ જાય છે.**

પ્રશ્નો પર આપુતો પુત્રની સગાઈ પછી ઘરમાં પુત્રવધુ સ્વરૂપે એક નવી વ્યક્તિનું આગમન થાય છે અને એજ સાથે જૂના લાગણીના સબંધો છંછેડાવાની શરૂઆત થાય છે. અથવા તો લાગણીઓની એક સ્પર્ધા શરૂ થાય છે, જે દિકરો પચ્ચીસ વર્ષથી 'મા' અને 'બહેન'ની લાગણીમાં બંધાયેલો હતો, તે કાલની આવેલી છોકરીના પસંદનું શર્ટ પહેરતો થાય છે. આ એક ખૂબજ નાજુક ગાળો છે. લાગણી જગતને લાગણી હળબલવાના કારણો જે 'માં' અને 'બહેન' જેમણે પચ્ચીસ કે વીસ વર્ષ સુધી જે પુત્ર અને ભાઈલાની સગવડો ગમા-અણગમા તોફાનો અને બહેન સાથેના મસ્તી તોફાનોના જગતમાં વિહારયાં હતાં, ત્યાં ભાઈની પત્ની સ્વરૂપે આવતી યુવતી પણ હવે 'મારો પતિ'નો અધિકાર જણાવવા જાણ્યે-અજાણ્યે કોશીસ કરતી થાય છે.... અથવા એવું લાગે છે કે જ્યારે અને જે નવી વ્યક્તિ સાથે જોડાવવાનું છે. તેની પસંદ-નાપસંદ અને શોખ-જીવનશૈલીની પધ્ધતિથી પરીચિત થઈને અનુકુલન સાધવાનું છે, અને એક બહુજ સ્વાભાવિક પ્રક્રિયા છે.

બસ પ્રશ્નની શરૂઆત અહીંથીજ થાય છે. કારણ કે, બન્ને પક્ષ આપવા પક્ષ શબ્દ નહીં વાપરતા કહું તો 'એક પુરૂષ વ્યક્તિ' સાથે લાગણી અને લોહીના સબંધોથી બંધાયેલી સ્ત્રી વ્યક્તિઓ માંથી બધાજ કેન્દ્રમાં રહેલી વ્યક્તિનું સંપૂર્ણ હિત ચાહે છે. એ વ્યક્તિને દિલોજાનથી પ્રેમ હોય છે. છતાંય એમની વચ્ચે વિવાદ અથવા વૈમનસ્ય થવાના ચાન્સીસ ઊભા થાય છે. અને વિખવાદ ઊભો થાય છે. આમ થવાના કારણો થોડા ઊંડાણમાં જઈએ તો એક વસ્તુ તરતજ નજર સામે આવે છે કે આપણા સમાજની મનોવૃત્તિનો સંપૂર્ણ પણે માનવીય અભિગમ કે માનવીય ગુણધર્મ નહીં કહું અથવા આ એનો એક પ્રકાર આપવા પાસુ છે. જે જે વ્યક્તિને પચ્ચીસ-પચ્ચીસ વર્ષ કે વીસ-વીસ વર્ષ પ્રેમ કર્યો હોય એને લોહીની સગાઈની જે અનુભુતિ ને અભિવ્યક્તિ છે, તે કોરાણે મૂકી શકાય નહીં. તેની પાસે નવા ઊગતા અરમાનોનો મહાસાગર ઊછળે છે, તેને ન્યાય આપવા માટે શું કરવું? આજ તો પ્રાણ પ્રશ્ન છે ને! બસ અહીંયા જરૂર છે સંતુલનની. એક સામાજીક કૌટુંબીક અને લાગણીઓના સબંધોનું સમતુલન જાળવવું, એક સમજણ કેળવણી જરૂરી બન્ને છે. આપણી એક સામાજીક મનોવૃત્તિ અને સામાજીક રીત રહી છે, તે પ્રમાણે દિકરાને 'મા'એ મોટો કર્યો પછી મા-બાપ મોટો થાય પછી દિકરો સંભાળે તેવી એક અણલીખી કરાર પત્રીકા છે અને દિકરાના લગ્ન પછી તેની રૂહમાં વા થઈ હોય તેવી લાગણી ઊભી થાય છે.

એની પત્ની આવ્યા પહેલાં પોતાની બહેનને શોપીંગમાં, પીક્ચરમાં હોંશથી લઈ જતો હતો. તેજ ભાઈ પોતાની બહેનને પીક્ચરમાં લઈ જતાં ખચકાય છે. તે પોતાની પત્ની કે ફીઆન્સી સાથે જતી વખતે બહેનને નિમંત્રણ આપે છે. બહેન એવી ભોળી ન હોય કે સમજે નહીં. છતાંય ભાઈ સાથે પીક્ચર જોવા કે શોપીંગમાં ક્યારેક જાય, ત્યારે ભાભીનું મોઢું ચડી જાય છે. આમ શા માટે? આપણી દિકરી કે વહુઓ એટલી સમજદાર નથી કે થોડી વાર કોઈને સહન કરી શકતી નથી. શું આનું નિવારણ આપણે શોધી શકશું?

## ..તોજ પુનઃ લગ્ન સફળ થાય..

*જ્ઞાતિસેતુના એપ્રિલ - મે '૦૮ના અંકમાં એકતા કટ્ટાના લેખમાં પ્રસ્તુત થયેલ પ્રશ્નો સંદર્ભે કેટલાક વિચારો*

- બન્ને કુટુંબની સમજદારી અને સલામતી જરૂરી છે.
- બીજાની પત્નીને જો પોતાની પત્ની કે પુત્રવધુ બનાવવા તૈયાર છીએ, તો બીજાના પુત્રને પોતાનોજ પુત્ર માનવાની તૈયાર એટલીજ જરૂરી છે.
- એક જીવ (પુત્ર)ને દુઃખી કરીને નવું દામ્પત્ય જીવન સુખના રસ્તા ઉપર જઈ શકે નહીં !
- માર્ગ સ્વાર્થ અથવા મારા પુત્રનું ગોઠવાઈ ગયું ! એટલામાં સંતોષ ન માનતા તમામ પરિસ્થિતિ સ્વિકારવી પડે.
- પોતે માતા છે. તેમ આવનાર પત્રવધુ પણ માતા છે. તેને પુત્રથી વિખુટા પડાય નહીં, એ દ્દષ્ટી જરૂરી છે.
- લગ્નનો અર્થ જ સંપૂર્ણ સ્વિકારે મળી જવું !
- પુનઃ લગ્નમાં પણ પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, તમામ પરિસ્થિતીનો સ્વિકાર એટલોજ જરૂરી છે.
- એક સાચી માં બીજી માંને પુત્રથી અલગ કરવામાં ક્યારે રાજી ન હોય, છતાં તેમ શરત મૂકતી હોય તો તેમાં માતૃત્વ નથી. માત્ર સ્વાર્થ જ છે.

**- પોમલ ભારતીબેન અનીષકુમાર-ઉપપ્રમુખ, નલિયા મહિલા મંડળ.**

શ્રી ગણેશાય નમઃ

શ્રી વાંકલ ચામુંડા નમઃ

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ


(જુના પુસ્તકોની લે-વેંચ કરનાર)



અમારે ત્યાંથી સ્કૂલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન,
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો





# માનસી મોબાઈલ શોપ

B.S.N.L. (D.S.A.)
ડાયરેક્ટ સેલીંગ એજન્ટ




| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમ કાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કૂપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે.**

**નોંધ :- શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશીયલ ડિસ્કાઉન્ટ મળશે.**

Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455

અભિષેક કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર - ૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ).

## આપણી અવિછિન્ન પરંપરા નૈવેદ્ય

*- કુ. એકતા કટ્ટા - અંજાર*

# સાકરીયા પરિવારના નૈવેદ્ય

*'આપણી અવિછિન્ન પરંપરા : નૈવેદ્ય' અંતર્ગત આપણી જ્ઞાતીના વિવિધ નુખ પરિવારો દ્વારા, પરિવારના કુળદેવ - દેવી, ખેતરપાળદાદા, પુરસાદાદાને ધરાવવામાં આવતા વાર્ષિક - પ્રસંગોપાત નૈવેદ્ય (કર)ની માહિતીનું સંકલન કરવાનું પ્રયાસ કર્યો છે. એકજ જ્ઞાતિમાં વિવિધ નુખ પરિવારોના ઉદ્‌ભવ પાછળ સમય, ઘટના, સ્થળ ઈત્યાદીનો ઈતિહાસ તો રહ્યો જ હશે. કોઈ એક પ્રક્રિયાને પરંપરામાં પરિણમતા જે સમય લાગે છે, તે જ સમયના વિવિધ પરિવર્તનો અને વર્તમાન સમયની પ્રક્રિયા વચ્ચેના તફાવત પણ, આવા ઈતિહાસના માધ્યમે ઉજાગર થતાં હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણી આ પરંપરાનું પાલન પ્રારંભથી વર્તમાન સમય સુધી, જેવી રીતે વડીલો પોતાના વારસદારોને વારસો આપે છે, તેવીજ રીતે ઘણું ખરું પરિવારના વડીલ સ્ત્રી સભ્યો દ્વારા પરિવારની યુવા સ્ત્રી સભ્યોને નિર્દેશાત્મકરૂપે કરાવવામાં આવે છે, જે સામાન્ય રીતે મૌખિક હોય છે. આધુનિક સમયમાં આ પરંપરાને લેખિતરૂપમાં ઘણાખરા પરિવારો દ્વારા સંકલન થઈ રહ્યું છે. પરંતુ, સાથે-સાથે પરિવારોના ઉદ્‌ભવ અંગેની માહિતીનું પણ સંકલન અપેક્ષિત છે.*

અંજાર મધ્યે આપણી જ્ઞાતિના શ્રી સાકરીયા પરિવાર દ્વારા કરવામાં આવતા વાર્ષિક - પ્રસંગોપાત નૈવેદ્યની માહિતી અત્રે પ્રસ્તુત છે. અંજારના 'મચ્છીપીઠ' વિસ્તારમાં આ પરિવારના કુળદેવીનું સ્થાનક આવેલ છે. આ પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજી છે. જેઓની પધરામણી કારતક સુદ નોમના દિવસે થયેલ હોવાથી આ દિવસે આ પરિવાર દ્વારા પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે. અંજાર મધ્યેના આ સ્થાનક માં શ્રી કુળદેવી ઉપરાંત શ્રી ખેતરપાળદાદા, શ્રી પુરસાદાદા અને શ્રી યક્ષદાદાનું પણ સ્થાપન કરવામાં આવેલ છે.

**વાર્ષિક નૈવેદ્ય :-**

**કારતક સુદ નોમ (પાટોત્સવ) :-** આ દિવસે બપોરના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**મહા સુદ એકાદશી :-** આ દિવસે બપોરના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**મહા સુદ ચૌદશ :-** આ દિવસે સાંજના સમયે કોઈપણ એક સવાઈ માત્રામાં કાળા તલનો ચુરમો, કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, કોઈ પણ સવાઈ માત્રામાં ઘઉંના મોરા પુડલાં તથા એક શ્રીફળના નૈવેદ્ય કરવામાં આવે છે.

**ચૈત્ર સુદ બીજ (ચંદ્ર દર્શન) :-** આ દિવસે સાંજના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**અષાઢ સુદ બીજ (ચંદ્ર દર્શન) :-** આ દિવસે ચૈત્ર સુદ બીજ મુજબ જ નૈવેદ્ય કરવામાં આવે છે.

**આસો સુદ આઠમ :-** આ દિવસે બપોરના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**આસો વદ ચૌદશ (કાળી ચૌદશ) :-** આ દિવસે સાંજના સમયે કોઈપણ સવાઈ માત્રામાં કાળા તલનો ચુરમો તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**કારતક સુદ બીજ (પડવો) :-** આ દિવસે સાંજના સમયે કોઈપણ સવાઈ માત્રામાં ઘઉંના મોરા પુડલાં બનાવી તેના પર ખાંડ મૂકી, શ્રી પુરસાદાદા સમક્ષ નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**પ્રસંગોપાત થતાં નૈવેદ્ય :-**

લગ્ન પ્રસંગે થતાં નૈવેદ્ય :- આ પ્રસંગે, લગ્નના આગળના દિવસે, માય બેસાડવામાં આવે છે. જેમાં સવા પાલી શેકયા વગરની લાપસી તથા એક શ્રીફળના નૈવેદ્ય ધરાવવામાં આવે છે. માય માટલાંમાં ઓગણ પચાસ પુરિઓ, સાત લાડવા, સવા પાલી ચાખા, મુઠ્ઠી સીંગા, સવા મીટર સફેદ કાપડ અને સવા પાંચ રૂપિયા મૂકવામાં આવે છે. કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, જાર, કાળા તલ તથા શ્રીફળના નૈવેદ્ય મોટા માંડવે પરણાવવાના સમયે ધરાવવામાં આવે છે.

**શ્રીમંત પ્રસંગે થતાં નૈવેદ્ય :-** આ પ્રસંગે, કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, જાર, કાળા તલ, શ્રીફળ અને જમણીના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

**ઝંડા (બાલ મુવારા) પ્રસંગે થતાં નૈવેદ્ય :-** આ પ્રસંગે, પ્રસંગના આગળના દિવસે, શ્રી ગણેશ સ્થાપન બાદ માય બેસાડવામાં આવે છે. જેમાં કોઈપણ સવાઈ માત્રામાં શેકયા વગરની લાપસી, પુરી તથા મોરા ભાતના નૈવેદ્ય ધરાવવામાં આવે છે, અને માય માટલાંમાં ઓગણ પચાસ પુરીઓ, સાત લાડવા, સવા પાલી ચોખા, મુઠ્ઠી સીંગા, સવા મીટર સફેદ કાપડ, સવા પાંચ રૂપિયા અને શ્રીફળ મૂકવામાં આવે છે.

પ્રસંગની આગળની રીતે ઝારની રાબ કે જેમાં સહેજ મીઠું ભેળવેલું હોય, તે બનાવી રાખવામાં આવે છે.

પ્રસંગના દિવસે સવારના સમયે યથાશક્તિ સોના-રૂપાની ટીલી અને સવા ગજ સફેદ કાપડ શ્રી યક્ષદાદાને ધરાવવામાં આવે છે અને મગની દાળનો પુડલો તથા ઝારની રાબના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

પ્રસંગના દિવસે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, કાળા તલ, જારના ઠોઠાં, શ્રીફળ અને જમણીના નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

વાર્ષિક અને પ્રસંગોપાત ધરાવવામાં આવતા નૈવેદ્ય ઉપરાંત દર ચંદ્રદર્શનના દિવસે યથાશક્તિ શ્રીફળ, સાકર શ્રી યક્ષદાદા સમક્ષ આ પરિવાર દ્વારા ધરાવવામાં આવે છે.

અત્રે નોંધનીય છે કે, અંજાર ઉપરાંત 'મંજલ' ગામ મધ્યે પણ આ પરિવારના કુળદેવીનું સ્થાનક આવેલ છે. જ્યાં કરવામાં આવતા નૈવેદ્ય અંગેની માહિતી ઉપલબ્ધ થતાં તેનું સંકલન, સમયાનુકૂળતાએ પ્રસ્તુત કરીશું.

***સંદર્ભ માહિતી : ગં.સ્વ. કસ્તુરબેન કેશવલાલ સાકરીયા, શ્રી પ્રવિણકુમાર કેશવલાલ કંસારા, પ્લોટ નં. ૩૦, વૃંદાવન સોસાયટી - ૨, કળશ કોમ્પ્લેક્ષની પાછળ, અંજાર (કચ્છ).***

## બ્રિટનમાં નવરાત્રી મહોત્સવ

ગુજરાતી લોકોના હૃદયમાં નવરાત્રીનું મુલ્ય અનેરૂ હોય છે. નવરાત્રી એટલે માતા જગદમ્બાની આરાધનાનો પર્વ. ગુજરાત બહાર વસતા ગુજરાતી માટે નવરાત્રી પર્વનું ધાર્મિક ઉપરાંત સાંસ્કૃતિક મહત્વ ખૂબ વધારે છે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દુબઈ સહિત અનેક દેશોમાં વસતા ગુજરાતી લોકો અન્ય ભારતીય લોકોસાથે રહી ઉમંગભેર નવરાત્રી ઉજવે છે.

બ્રિટનના સાઉથહોલ વિસ્તારમાં છેલ્લા ૩૧ વર્ષથી નવરાત્રી મહોત્સવનું આયોજન થાય છે. ગૌરવની વાત એ છે કે આ સંપૂર્ણ આયોજનના મુખ્ય પ્રેરણા સ્ત્રોત આપણી જ્ઞાતિના ગુલાબબેન ગાંગજીભાઈ મહિચા છે. ગુલાબબેન પૂત્રે આપેલ માહિતી મુજબ સાઉથહોલ વિસ્તારમાં નવરાત્રી મહોત્સવ યોજવાની શરૂઆત થઈ ત્યારે આરંભના વર્ષોમાં ત્યાં ગુજરાતી વસતી ઓછી હોવાથી એને સ્થાનિક પ્રજામાં આ ઉજવણી અંકે શંકા-કુશંકા હોવાથી કેટલીક મુશ્કેલીઓ પડેલ. અસુરોના નાશ કરનાર માતાજીની પરમ કૃપાથી સર્વે તરલીફો અને પડકારો બાદ હવે એજ વિસ્તારમાં ખાસ 'આદ્યશક્તિ' મંદિરની સ્થાપના થઈ શકેલ છે. વિદેશમાં પોતાના ધર્મ અને સંસ્કૃતિનું જતન કરવાના પડકારજનક કાર્યમાં ગુલાબબેન તથા તેમના પરિવારને સફળતા મળેલ છે. એપ્રિલ ૨૦૦૮માં નુતન મંદિરનો પ્રારંભ થયેલ છે.



સારા ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો અન્ય સારા કાર્યોની પ્રેરણા આપે છે. વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલ ભૂકંપ બાદ ગુલાબબેનના સુપુત્રોએ આ નવરાત્રી મંડળને ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યું જેથી ફંડ મેળવી સેવાકીય પ્રવસત્તિઓ કરી શકાય. હાલમાં પણ શ્રીમતિ ગુલાબબેન પરિવારની સક્રિય ભુમિકાથી શરૂ થયેલ નવરાત્રી મહોત્સવના અંતે આઠમ હવન અને દુર્ગાપૂજા યોજાય છે.


NJ

# કંસારા નવનીતલાલ જગજીવનદાસ

## સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે, માણેક ચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪ (ઘ) ૨૨૧૪૬૯૪૧

**વ્યક્તિ વિશેષ**

- હંસરાજ કંસારા

# છબીકલાના ઈતિહાસનો ધ્રુવતારો એલ. એમ. પોમલ


તસવીરની પણ એક આગવી તાસીર હોય છે, તેની પ્રતીતિ કરાવનાર વિશ્વવિખ્યાત તસ્વીરકાર સ્વ. એલ. એમ. પોમલ (લાલજીભાઈ) અર્ધી સદીથી પણ વધુ સમય સુધી છબીકલા જગતના ઝળહળતા સીતારા રહ્યા. એટલું જ નહીં, એમના અવસાન પછી પણ એમણે સર્જેલી, માત્ર ખેંચેલી નહીં, તસવીરો - એક યા બીજી રીતે ક્યાંક ને ક્યાંક ઝળહળતી રહે છે. એમના છબીકલાના પ્રયોગો અને જેમણે એમની પાસેથ□

ઑગસ્ટની ૧૮મી તારીખે એમના જન્મ દિવસે, એમના ચાહકો એ એમને અવશ્ય યાદ કર્યા હશે. આવા અજોડ કલાકાર, જેમણે ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છનું નામ વિશ્વના તખ્તે ગાજતું કર્યું, તેમને, 'જ્ઞાતિસેતુ' આ લેખ દ્વારા નમ્ર સ્મરણાંજલિ અર્પે છે. પ્રસ્તુત લેખ - એમના સુપુત્ર શ્રી હર્ષદ પોમલે મોકલેલી વિગતો તેમજ સ્વ. લાલજીભાઈના અંતરંગ મિત્ર કચ્છની સંસ્કૃતિ પરના અજોડ પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'ના લેખક સ્વ. રામસિંહજીભાઈ રાઠોડના કચ્છમિત્રમાં પ્રકાશિત લેખના થોડા અંશોનું સંકલન છે.



છબીકલા ક્ષેત્રે ઝળહળતા ધ્રુવ તારા સમાન સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ (કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભૂષણ - કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચી સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું. અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફી નો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ પાછા મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજીત ફોટો કોમ્પીટીશમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એમને શ્રેષ્ઠતા - ઈનામો મળ્યા.

હવે એમની સર્જનશીલ તસવીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી. મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં એમનો સિંહફાળો રહ્યો. 'આન' ફિલ્મની સ્ટીલ ફોટોગ્રાફી એમણે કરી હતી. દરમ્યાનમાં એમના પ્રિય પત્ની શ્રીમતિ જયાબેનનું, એક બાળકની એમને ભેટ આપી, ભરયુવાનીમાં અવસાન થયું. એમના ઉજ્જવળ ભાવિના અનેક સંકેતો અને પ્રલાભનો છતાં પત્નીના અવસાન પછી મુંબઈ એમને જરાય ગોઠ્યું નહીં. યુવાવસ્થા અને અનેક તરફી દબાણો છતાં એમણે પુનઃલગ્ન ન કર્યા. એમના પુત્ર હર્ષદ અને એમની તસવીર કળાના વિકાસના લક્ષ્ય સાથે તેઓ ૧૯૬૫માં ભુજ આવી ગયા. ભુજમાં દરબારગઢ પાસે એમણે સ્ટુડિયો ખોલ્યો અને વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે હેન્ડ્સ-ઓન તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.




શ્રી પોમલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફીક કાઉન્સીલના માનદ્ સભ્ય હતા. તેમને



**તસવીરની તાકાત : શ્રી પોમલની 'પીરાટન'ની પગથારે પાંગરતા પરવાળા (કોરલ)ની તસવીરો રસપૂર્વક નિહાળતા તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતિ ઈંદીરા ગાંધી. આ તસવીરો જોઈ શ્રીમતિ ગાંધીએ તત્કાલ કોરલ વસાહતોના વૈજ્ઞાનિક નિરીક્ષણ અને જાળવણી હેતુ નેશનલ મરીન પાર્ક બનાવવાનો આદેશ આપેલો. કચ્છના અખાતમાં આજે પરવાળાની ૩૦૦ જાતોનું સફળ પુનર્વસન થયેલ છે.**

છબીકલા ક્ષેત્રે ઝળહળતા ધ્રુવ તારા સમાન સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ (કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભૂષણ - કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચી સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું. અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે.જે. સ્કૂલ ઓફ



આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફી નો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર.શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ પાછા મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજીત ફોટો કોમ્પીટીશમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એમને શ્રેષ્ઠતા - ઈનામો મળ્યા.


હવે એમની સર્જનશીલ તસવીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી. મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં એમનો સિંહફાળો રહ્યો. 'આન' ફિલ્મની સ્ટીલ ફોટોગ્રાફી એમણે કરી હતી. દરમ્યાનમાં એમના પ્રિય પત્ની શ્રીમતિ જયાબેનનું, એક બાળકની એમને ભેટ આપી, ભરયુવાનીમાં અવસાન થયું. એમના ઉજ્જવળ ભાવિના અનેક સંકેતો અને પ્રલાભનો છતાં પત્નીના અવસાન પછી મુંબઈ એમને જરાય ગોઠ્યું નહીં. યુવાવસ્થા અને અનેક તરફી દબાણો છતાં એમણે પુનઃલગ્ન ન કર્યા. એમના પુત્ર હર્ષદ અને એમની તસવીર કળાના વિકાસના લક્ષ્ય સાથે તેઓ ૧૯૬૫માં ભુજ આવી ગયા. ભુજમાં દરબારગઢ પાસે એમણે સ્ટુડિયો ખોલ્યો અને વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે હેન્ડ્સ-ઓન તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.

શ્રી પોમલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફીક કાઉન્સીલના માનદ્ સભ્ય હતા. તેમને ઓન.પી.એસ.આઈ.નું બહુમાન પ્રાપ્ત થયું હતું.


શ્રી લાલજીભાઈ પોમલે કચ્છની સંસ્કૃતિ, લોક જીવન, પશુ-પક્ષી અને પ્રકૃતિ, પુરાતત્ત્વ અવશેષો અને સ્થાપત્યો જે કંઈ એમની સર્જક દૃષ્ટીએ દીઠું અને એમને સૌંદર્યબોધ થયો, તેને પોતાની આગવી છાયા પ્રકાશની સુઝબુઝગી કલાત્મક ઢબે કેમેરામાં કંડારી જગતને અર્પણ કર્યું અને

"૧૯૭૦ની સાલમાં કચ્છમાં આવેલા ખાવડા બેટ પરની ફ્લેમિંગો વસાહતમાં ગાળેલા ચાર દિવસ મારા જીવનની સૌથી યાદગાર પળો હતી. અહીં પહોંચવા માટે ૩૦ કિલોમીટર સુધી ઊંટ પર સવારી કરવી પડી. આ રણવિસ્તારમાં વરસાદની ઋતુમાં પાણી ભરાઈ જાય છે. અહીં લગભગ ૫૦,૦૦૦ થી પણ વધુ ફ્લેમિંગો પક્ષીઓએ અહીં માળા બાંધ્યા હતા. એ અણમોલ પળોને મેં મારા કેમેરામાં કેદ કરી અને નામ આપ્યું 'સુરખાબનગર'. ફ્લેમિંગોના જીવનની દરેક ઘટનાના એ ફોટોગ્રાફ સાક્ષી છે."

***- એલ. એમ. પોમલ***



પોતાના અસ્તિત્વના સંતોષ સાથે ૮૨ વર્ષનું સ્વસ્થ અને સુદીર્ઘ જીવન ઝીંદાદિલીથી વિતાવી, ૧ ઓક્ટોબર ૨૦૦૦ના દિવસે અંતિમ શ્વાસ લીધા. શ્રી પોમલ ભલે હવે સદેહે નથી રહ્યા પરંતુ એમની પ્રતિભાના પ્રતિબિંબ પેઢીઓ સુધી પ્રકાશતા રહેશે.




**ફલેમીંગોના શ્રી પોમલે લીધેલા ૪૫ ચિત્રોનું ચિત્રલેખા સામાયિક દ્વારા મુંબઈ મધ્યે તા. ૧૭-૧૯ મે ૧૯૭૫ દરમ્યાન આયોજીત પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન વિશ્વવિખ્યાત પક્ષીવિદ સાલીમ અલીએ કર્યું હતું.**

***પ્રસ્તુત છે, કચ્છના અણમોલ ગ્રંથ ''કચ્છનું સાંસ્કૃતિક દર્શન''ના લેખક અને પોમલના અંતરંગ મિત્ર શ્રી રામસિંહજી રાઠોડના સંવત ૨૦૪૦ના 'કચ્છમિત્ર'માં પ્રકાશિત લેખ 'કચ્છની છબીકલાના ઈતિહાસ'ના કેટલાક અંશ.... - હંસરાજ કંસારા***

ભુજનું કમાંગરી ચિત્રકળા, સોના-ચાંદીનું કચ્છ વર્કનું કળા કામ અને મીનાકામ એશિયાભરમાં ઉત્તમ પંકાયું. છે. આના અભ્યાસ માટે ભુજમાં એક હુન્નરશાળા પણ ચાલે. ઉત્કૃષ્ટ મીનાકામના નિષ્ણાત દેવજીભાઈ એ વખતના એના સંચાલક. ત્યાં ડ્રોઈંગની પરિક્ષાઓ આપવાનીય વ્યવસ્થા ખરી. ફોટોગ્રાફર ધોળકીયા ઑલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં અમારા ડ્રોઈંગ ટીચર. ભુજમાં ભણતા ત્યાં મારે ડ્રોઈંગનો અભ્યાસ કરવાનું બન્યું. સને ૧૯૩૦માં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ તરફથી લેવાતી એની એલીમેન્ટરી ગ્રેડની પરિક્ષા આપવા માટે મારે હુન્નર શાળામાં જવાનું થયું ત્યારે ત્યાં કામ કરતા હુન્નર કળાના વિદ્યાર્થીઓની કામગીરી જોઈ નાનો એવો હું દંગ થઈ ગયો. ત્યારે જેમાં મને વધુ રસ પડ્યો એવા બે કળા વિદ્યાર્થીઓ કોણ છે એમ જીજ્ઞાસા થઈ તો નામ જાણવા મળ્યું કે એક ''લાલજી'' છે અને બીજો પણ ''લાલજી'' છે. પાછળથી હવે ખ્યાલ થાય છે કે એ હતા આપણા કચ્છના નીવડેલા બે નામાંકિત કલાકારો એલ. સી. સોની અને એલ. એમ. પોમલ.

ભુજમાં ૧૯૩૪માં લાલજી પોમલનું નામ ફોટો કલાકાર તરીકે ઝબુકતું જાણ્યું. પછી તો પ્રમાણ્યું કે એમણે ચિત્રકળાને અનુસરી એમની આગવી સૂઝથી એમની ફોટો કળાને વિકસાવી છે. તસવીર કામમાં એ સમજપૂર્વકનું ભાવદર્શન કરાવતા થયા. આગવી કલા તરીકે ફોટોગ્રાફીને એમણે અલિપ્ત વ્યક્તિનું માધ્યમ બનાવ્યું. આ અરસામાં મુંબઈમાં તારાપોરવાલાનું નામ તો બહુ મોટું. કાલે ખંડાલાવાલા અને રત્નાકરના નામો પણ મળે કે ૧૯૨૫ અમદાવાદમાં કુમાર કેમેરા ક્લબ સ્થપાયેલી, તે ૧૯૩૬માં 'નિહારીકા' નામે જાણીતી બની. આવા સંજોગોમાં એલેમને મુંબઈ આવવું-જવું થયું. અહીં એમણે કલા વ્યવસાય તરીકે ફોટોગ્રાફીનો વિકાસ કર્યો. ધંધાદારી વર્તુળ પૂરતાં મર્યાદિત રાખ્યા વિના એમણે આપવા માંડી. કૃતિ જોતાં કર્તા પરખાઈ જાય એવી કેટલીક કલાકૃતિઓનું એમણે સરર્જન કર્યું. દેશ-પરદેશ એમની નામના થઈ. પોમલે પોતાની ફોટોગ્રાફીના વિકાસમાં ઘણી ઘણી અજમાયશો કરી છે અને ઘણી તરકીબો લડાવી છે. માણસની આંખે ન પ્રમાણાય એવી ઘણી બાબતો કેમેરાની આંખે દેખાડી એમણે પોતાના ફોટોગ્રાફમાં ધારી અસર અને સચોટતા લાવી દીધાં છે. ખુલ્લા આકાશ નીચે મેદાનમાં કે સ્ટુડિયોમાં ફોટો પડાવો, પછી એનું ડેવલપીંગ, પ્રિન્ટીંગ, એનલારર્જીંગ, કાપકૂપ કરી ચિત્ર સંયોજીત



કરવું એવી કાર્ડરૂમની ક્રિયા પ્રક્રિયાઓ તેઓ જાતે જ કરે. પ્રેસ ફોટોગ્રાફીમાં ચિત્ર વિષયની પૂરેપૂરી વાસ્તવિકતા રજૂ કરવા સાથે દસ્તાવેજી વિગતોવાળા સુંદર ફોટો ચિત્રો એમણે આપ્યા છે.

એમણે પુષ્પની કુમાશની ફોટોગ્રાફી કરી છે. તો ચંબલવેલીમાં પહોંચી ત્યાંના ડાકુઓની કરડાકીભરી ફોટોગ્રાફી પણ કરી છે. ૧૯૭૧ની લડાઈ દરમ્યાન ભારતે કબજે લીધેલા પાકિસ્તાનના પ્રદેશની ફોટોગ્રાફી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી એએમનો ખાસ શોખ છે. કંઈ વિરલ દશ્ય નજરે ચડે તો ગમે તે ભોગે એનો ફોટોગ્રાફ લેવાનું એ ચૂકતા નથી. રંગીન ફોટોગ્રાફીએ હજુ દેખા દીધી નહોતી ત્યારે કલાકાર તરીકે એમણે રંગીન ફોટો ચિત્રો હુબહુ પ્રાકૃતિક રંગોમાં રળીયામણાં બનાવ્યા છે. જ્યારે હવે અદ્યતન ઢબે અને ઉત્તમ પરિણામભરી રંગીન ફોટોગ્રાફીને તેઓ એક વિશિષ્ટ શોખ તરીકે વિકસાવી રહ્યા છે.

૧૯૬૮માં ગુજરાત રાજ્યમાં વન વિભાગ

થકી તેના પ્રકાશન અને સંપર્ક અધિકારીની હોસિયતમાં ગુજરાતના જંગલોનો પ્રત્યક્ષ પરિચય કરાવવા મેં કલાકારોના એક પ્રવાસનું આયોજન ગોઠવ્યું. ત્યારે ભુજથી આવી પોમલ આ પ્રવાસમાં જોડાયા. વડોદરામાં અમે ફતેહસિંહ રાવ મ્યુઝીયમ જોવા ગયા. પોમલે ત્યારે ત્યાંથી એમને અતિપ્રિય બન્યા એવા પાનખર, વસંત અને વર્ષાના ફોટો ચિત્રો ઝડપ્યાં. કચ્છના નાના રણમાં કુડા અને બજાણ વચ્ચે જંગલી ઘૂડખરની ફોટોગ્રાફી કરવાની ઉત્તમ તક પણ અમે ત્યારે ઝડપી. અમારા વાહનને જંગલી ગધેડાના ટોળા પાસેથી પસાર કરાવી સામેથી દોડતા આવતા ઘૂડખરની વિરલ છબી પોમલે ઝડપી છે. સાઠ કિલોમિટરના વેગે દોડતી અને આધી પાછી તથા ઊંચીનીચી ધ્રુજારી પેદા કરતી જીપમાં ડોલતા પોમલ, હાલતા ચાલતા કેમેરા ગોઠવી, તેટલી જ અને તેવી પૂરપાટ ઝડપે દોટ દેતા રાની ગધેડાની લાક્ષણિકતાને કેમેરામાં કબજે કરી લેતા.

કચ્છના મોટા રણના મધ્ય ભાગે આવેલા 'સુરખાબનગર' (ફ્લેમિંગો સીટી) પહોંચવું એ સાધારણ પરિસ્થિતિમાં અસંભવિત જેવું લાગે! ૧૯૭૦ના ઓક્ટોબરમાં કચ્છ વન વિભાગ તરફથી જવાહર નહેરૂ સ્કોલર શૃંખલાના સુરખાબનગરના એક પ્રવાસનું આયોજન થયું ત્યારે બીએસએફના કમાન્ડેન્ટ બેદીના માર્ગદર્શન અને સંભાળ તળે એ સાહસ સભર પ્રવાસોમાં જોડાઈ, પોમલ ચાર દિવસ સુરખાબનગર રોકાયા અને સુરખાબ ફ્લેમિંગોની રંગીન દુનિયા અને ત્યાંની સૌંદર્ય ચેતનાની એમણે દિલભરી ફોટોગ્રાફી કરી. પ્રકૃતિની સ્વપ્ન સૃષ્ટી સરીખી કચ્છી સુરખાબની અજબ એવી પ્રજનનની ભૂમિમાં એમણે ફોટોગ્રાફી કરી. પછી એની રસલ્હાણના એમણે એના પ્રસન્નતાભર્યા પ્રદર્શનો પણ ગોઠવ્યા.

કચ્છના મારા પ્રવાસો માં ક્યાંય ખાસ વિશિષ્ટ કે ચિત્રમય ભાસતું ત્યારે ત્યારે પોમલે અચૂક મારો સથવારો દીધો છે; અને એ વારે એમની ફોટોગ્રાફીની માવજતની રસલ્હાણ માણી છે, અને તરકીબથી ફોટોગ્રાફી કરતા પોમલને તસછીરોને ઝડપી લેવાની હામ પણ મેં ભીડી છે. એ છબીઓ જોવાની એમની ફોટો ખેંચવા માટેની તાલાવેલી, તરવરાટ અને તરકીબોની અંદાજ આવશે. કચ્છમાં એમણે પેટ ભરીને ફોટોગ્રાફી કરી છે.

---

## ઓલમ્પિક અને અભિનવ

*- મનસુખભાઈ પોમલ-ભુજ*

કોઈપણ સ્પર્ધા માણસને સજ્જ રહેવા માટે જાગૃત રાખે છે. એકલો માણસ ક્યારેક આળસુ થઈ જાય છે. બહારની દુનિયામાં પગ મૂકીએ ત્યારે જ સમજાય છે કે આપણા કરતા વધુ શ્રેષ્ઠ સર્જનશક્તિ ધરાવતા માણસો બહાર છે. સાહજીકતા, સતમતા અને સધ્ધરતાની સાથે સાથે સાતત્યપૂર્ણ પર્ફોમન્સ દાખવનાર જ હવેની દુનિયામાં જીતી શકશે. સંજોગ ગમે તેવા હોય, મુશ્કેલીઓને પણ મહાત કરીને જે માણસ સતત મહેનત કરતો રહે એને માટે જીતવાના ચાન્સ રહે છે. મેદાન છોડી જનાર ક્યારેય જીતી શકતો નથી.

ઓલમ્પિક રમતોત્સવમાં ભારતના શૂટર અભિનવ બિન્દ્રાને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો તે ભારતને લાયે વળગે છે ત્યાં સુધી ૧૧/૮/૦૮નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. ૨૪ વર્ષિય ખેલાડી અભિનવ બિન્દ્રાએ ૧૦ મીટર એર રાઈફલ શૂટીંગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. ૧૧૨ વર્ષના ઓલમ્પિક ઈતિહાસમાં વ્યક્તિગત સ્પર્ધામાં ભારતને મળેલો આ પ્રથમ સુવર્ણચંદ્રક છે અને છેલ્લા ૨૮ વર્ષ પછી પહેલો આ સુવર્ણચંદ્રક છે.

ગુજરાત માટે ઉલ્લેખનીય એ વાત છે કે તેની કારકિર્દીનો પ્રથમ ગોલ્ડ મેડલ તેને ૧૯૯૬માં અમદાવાદમાં યોજાયેલ શૂટીંગ સ્પર્ધામાં જીત્યો હતો. યોગ્ય કોચની તાલીમને કારણે અભિનવ આ સિધ્ધિ મેળવીને ભારતનું ગૌરવ વધાર્યું છે.

ઓલમ્પિકના ઈતિહાસ પર એક નજર કરીએ તો ૧૯૪૮ થી ૨૦૦૫ વચ્ચે કુલ્લ ૧૫ ઓલમ્પિક ગેમો રમાઈ ચૂકી છે. દર ચાર વર્ષે એક વખત ઓલમ્પિક ગેમોનું આયોજન અલગ અલગ દેશોમાં થાય છે. ઓલમ્પિકના અત્યાર સુધીના ઈતિહાસમાં ભારતની સ્થિતિ બહુજ નબળી પૂરવાર સાબિત થઈ છે અને ફક્ત ૧૫ જ પદક મેળવી શક્યું છે, જેમાના ૧૧ તો હોકીમાં જ મળ્યા છે. ઓલમ્પિક રમત ગમતમાં ભારતની શરૂઆત ૧૯૦૦ના પેરીસ ઓલમ્પિક થી થઈ, જ્યાં કલકત્તા સ્થિત એક 'એંગ્લો ઈન્ડિયન'એ ૨૦૦૦ મીટરની ચોક દોડ સ્પર્ધામાં રજત પદક જીત્યો હતો. આ નૌજવાન છે નોર્મન ગિલબર્ટ.

૧૦ મીટર એર રાઈફલ શૂટીંગમાં સુવર્ણચંદ્રક મેળવી ભારતનું નામ રોશન કરનાર અભિનવ બિન્દ્રાને ચાલો... અભિનંદન પાઠવીએ. સાથોસાથ આપણા યુવાન જ્ઞાતિજનો આમાંથી પ્રેરણા એળવે તે માટે પૂરતી તકો અને સુવિધાઓના અમલીકરણ માટે જહેમત ઉઠાવીએ.

# ચાઈનીઝ ડીશીસ

- સુધા એ. બુદ્ધભટ્ટી

*બહેનો! આપણે અગાઉના અંકમાં ચાઈનીઝ ડીશની વિશિષ્ટતા તેમજ અમુક આઈટમોની ટૂંકમાં ચર્ચા કરી હતી. આ વખતે આપણે ફરીથી તેમાં વપરાતી સામગ્રીની વિગતવાર ચર્ચા કરી અવનવી આઈટમોનું આસ્વાદ માણીશું. ચાઈનીઝ આઈટમોની ચર્ચા દુનિયાના શ્રેષ્ઠ પાકશાસ્ત્રમાં થાય છે, કારણ કે, તેમાં વેજ તેમજ નોન વેજ બંને આઈટમોનો સમન્વય છે. તેમાં વેજ આઈટમો મર્યાદિત છતાં પણ આજની પેઢીની તે લોકપ્રિય ડીશ છે. તો આજે આપણે તેની બેઝીક રેસીપી વિશે વિગતવાર ચર્ચા કરીશું.*

બહેનો! ચાઈનીઝ વાનગી હંમેશા ગરમ જ ખાવાના ઉપયોગમાં લેવી જોઈએ. તેને સંપૂર્ણ રાંધવામાં આવતી નથી. સામાન્ય રીતે તે સાંતળેલી જ ઉપયોગમાં લેવાય છે. તેમાં મુખ્યત્વે મકાઈનું તેલ અથવા તલનું તેલ વપરાય છે, પરંતુ આપણે તે ટેસ્ટથી ટેવાયેલા ન હોવાથી આપણે શીંગતેલનુંજ વધારે વપરાશ કરીએ છીએ. ચાઈનીઝ વાનગીમાં કાંદા, લસણ, આદુ પહેલા સાંતળવા જેથી શાકમાં તેનો સ્વાદ બહાર આવે, ત્યારબાદ જ શાક, નુડલ્સ, રાઈસ મિક્સ કરવા. ચાઈનીઝ ડીશમાં નુડલ્સ, વ્હાઈટ સોસ, વિનેગર વીથ ચીલી, કોર્ન ફ્લોર, ફણગાવેલા મગ, મકાઈ, વિવિધ જાતના શાકભાજી, ટમેટા સોસ, સોયા સોસ મુખ્ય છે.

નુડલ્સ :- ચાઈનીઝ ડીશના મુખ્ય નુડલ્સ જુદા જુદા પ્રકારના હોય છે. મેક્રોની, સ્વેર્ગટી, હાકા-સાકા, મામા નુડલ્સ વગેરે. સામાનયતઃ નુડલ્સ ચોખા તેમજ મેંદાના બનેલા હોય છે. જોકે આપણે હાકા નુડલ્સ કે જેના પર વેજ હાકા લખેલું હોય તેવા નુડલ્સ વધારે વાપરીએ છીએ. તેને બાફવાની તેમજ તળવાની રીત પણ અલગ જ છે.

બાફવાની રીત :- સૌ પ્રથમ પહોળા વાસણમાં પાણી (પ્રમાણસર) ભરી ૨ થી ૩ ટે. સ્પૂન તેલ નાખી પાણી ખૂબ ઊકાળવું. નુડલ્સના ટુકડા કરી ફાસ્ટ ગેસે ૫ થી ૭ મિનિટ રાંધવા. ત્યારબાદ ચારણીમાં નાખી પાણી કાઢી મૂકવું અને તેમાં ઉપરથી ઠંડુ પાણી રેડવું. ફરી ૨ ટે.સ્પૂન જેટલું તેલ લગાવવું જેથી નુડલ્સ છુટા રહે. તે ઠંડા પડે પછી વાપરવા.

તળવાની રીત :- આપણે ત્યાં તળેલા નુડલ્સ બજારમાં તૈયાર ભાગ્યેજ મળે છે. અને જે નુડલ્સ મળે છે તે જોઈએ તેવા કરકરા થતા નથી. નીચે બતાવેલ રીતથી નુડલ્સ પહેલેથી તળી એર ટાઈટ ડબામાં ભરી જરૂર પડ્યે વાપરી શકાય છે. નુડલ્સને તળવા માટે સૌ પ્રથમ નુડલ્સને બાફી તેલ લગાવવું. ત્યારબાદ કોર્ન ફ્લોર લગાવવું અને તેને કપડા પર છુટા પાથરવા.

૧ કલાક પછી તેલમાં કડક બદામી રંગના તળવા. તેની બીજી રીત પ્રમાણે ૧ કપ મેંદામાં મીઠું તેમજ તેલનું મોણ નાખી સાધારણ નરમ લોટ બાંધવું. લોટનું અથમણ લઈ બને તેટલી પાતળી પુરી વણી ધારદાર ચપ્પુ વળે લાંબી પાતળી પટ્ટીઓ કાપી ગરમ તેલમાં તળવી.

વ્હાઈટ સોસ :- ૨ કપ દૂધમાં ૧ કપ મેંદો, ૩ થી ૪ ટે. સ્પૂન બટર નાખી પહોળા વાસણમાં ગરમ કરી ખૂબ હલાવવું. ટમેટા સોસ જેવું ઘટ્ટ થાય ત્યારે નીચે ઉતારી તેમાં મીઠું, મરી, ચીઝ વગેરે નાખવા.

વિનેગર વીથ ચીલી :- મરચાંને જીણા સમારી વિનેગર (વ્હાઈટ)માં એક કલાક પલાળી ચાઈનીઝ વાનગી સાથે પીરસવા.

કોર્ન ફ્લોર :- ગ્રેવી અથવા સુપને ઘટ્ટ બનાવવા માટે કોર્ન ફ્લોર વાપરવામાં આવે છે. કોર્ન ફ્લોરને ઠંડા દૂધ કે પાણીમાં હલાવીને પછી જ નાખવું. અને તે હંમેશા વાનગી બની જાય પછી જ તે નાખવું.

શાકભાજી :- ચાઈનીઝ વાનગીમાં ફણસી, ગાજર, કોબીજ, ડુંગળી, નીલી ડુંગળી, કેપ્સીકમ, ટમેટાં, લસણ, આદુ મુખ્યત્વે વપરાય છે. આ દરેક શાકભાજી જીણા પાતળા ઠંડા પાણીમાં સમારવા જોઈએ જેથી તે કડક રહેશે.

આ ઉપરાંત ફણગાવેલા મગ, મકાઈ, આજીનો મોટો વગેરે સામગ્રી ચાઈનીઝ વાનગીમાં વાપરવામાં આવે છે. હવે આપણે ચાઈનીઝ ડીશની અમુક આઈટમો જોઈએ.

ચાઈનીઝ ભેળ

સામગ્રી :- ૧ પૅકેટ બાફીને તેલ લગાવેલ નુડલ્સ, ૧ કપ બાફેલા મકાઈના દાણા, ૧૦૦ ગ્રામ ગાજર (લાંબા ખમણવા), ૨૦૦ ગ્રામ લાંબી ખમણેલી કોબીજ, ૧૦૦ ગ્રામ કેપ્સીકમ લાંબા પાતળા સમારવા, ૧૦૦ ગ્રામ બારીક સમારેલા કાંદા, ૫૦ ગ્રામ જીણી સમારેલી કોથમીર, તળેલા નુડલ્સ (જેની રીત ઉપર આપેલ છે).

સોસ માટેની સામગ્રી :- ૧૦૦ ગ્રામ કોથમીર, ૧ નાનો કટકો આદુ, ૪ થી ૫ ફણસી, ૪ ટે.સ્પૂન ટમેટા સોસ, ૧ ટી સ્પૂન વિનેગર, ૧ કપ ટોમેટો કેચપ, પ્રમાણસર સાકર, મીઠું, ૧ ટી સ્પૂન મરી પાવડર, પ્રમાણસર લાલ મરચું.

ઉપરોક્ત દરેક વસ્તુ મીક્સ કરી ચટણી વાટવી.

જરૂર પડ્યે પાણી નાખવું (આશરે ૧.૫ કપ) વાટેલી ચટણીને ગરમ કરી ઉકાળવું. છેલ્લે કોર્ન ફ્લોરને પાણીમાં ઓગાળી સોસમાં નાખવું. જરૂર પડ્યે રેડ કલર પાણીમાં ઓગાળી મીક્સ કરવું. આ રીતે સોસ તૈયાર કરવું.

બનાવવાની રીત :- સૌ પ્રથમ આગળ બતાવેલ છે તે પ્રમાણે નુડલ્સ તળવા. પહોળા વાસણમાં તેલ ગરમ કરવું. તેમાં કોબી, ગાજર, કેપ્સીકમ, આજીનો મોટો નાખી ૫ મિનિટ હલાવી ઉતારી ઠંડુ કરવું. ઊંડી ડીશમાં તળેલા નુડલ્સ, મકાઈના દાણા, ઉપરોક્ત શાક-ડુંગળી મીક્સ કરવા. બાફેલા નુડલ્સ નાખવા. ત્યારબાદ સોસ નાખી હલાવવું. છેલ્લે મીઠું, મરી, કોથમીર છાંટીને સર્વ કરવું.

ચાઈનીઝ ગોલ્ડ કોઈન :

સામગ્રી :- ૧ મોટી સ્લાઈસ વાળો બ્રેડનો પૅકેટ, ૧૦૦ ગ્રામ ફણસી, ૧૦૦ ગ્રામ ગાજર, ૫ લીલા કાંદા, ૧૦૦ ગ્રામ કેપ્સીકમ, ૩ બટેટા, ૩ ટી સ્પૂન સોયા સોસ, પ્રમાણસર મરચું, અડધી ટી સ્પૂન આજીનો મોટો, ૧.૫ કપ મેંદો, બ્રેડકમ્સ, મીઠું, તેલ, પ્રમાણસર ચીલી સોસ.

બનાવવાની રીત :- બટેટાને બાફી તેને અધકચરા છુંદવા. શાકને જીણા સમારવા. પહોળા વાસણમાં તેલ ગરમ કરી શાક તેમજ આજીનો મોટો નાખી ૬ મિનિટ ચઢવા દો. ત્યારબાદ તેમાં છુંદેલા બટેટા, સોયા સોસ, લાલ મરચું, મીઠું નાખી ૫ મિનિટ થવા દેવું. મિશ્રણને ઠંડું પડવા દેવું. ત્યારબાદ બિસ્કીટ કટર અથવા ધારદાર વાટકીથી દરેક બ્રેડની સ્લાઈસ માંથી નાના ગોળાકાર કરવા. દરેક ગોળાકાર બ્રેડ પર ઉપરોક્ત પુરકા મૂકી હાથથી બરાબર દબાવવું. મેંદામાં થોડું પાણી નાખી ઘટ્ટ પેસ્ટ બનાવી આ પેસ્ટ શાકના પુરકા પર લગાડવી. છેલ્લે તેના પર બ્રેડ કમ્સ ભભરાવી તેલમાં તળી ચીલી સોસથી ડેકોરેટ કરી ગરમ ગરમ પીરસવા.

ડ્રાય મન્ચુરીયન :

સામગ્રી :- (કોફતા માટે) ૧.૫ કપ ચોપરમાં બારીક ચોપ્ડ કરેલ કોબી, ૧ કપ બારીક ખમણેલા ગાજર, ૧૨૫ ગ્રામ મેંદો, ૨ ટે.સ્પૂન કોર્ન ફ્લોર, અડધો ટી સ્પૂન મરી પાવડર, ૬ થી ૭ ટે.સ્પૂન સોસ, ૫ા ટી સ્પૂન આજીનો મોટો, મીઠું, તેલ.

કોફતા બનાવવાની રીત :- વાસણમાં કોબી, ગાજર, મેંદો, કોર્ન ફ્લોર, મીઠું, આજીનો મોટો, મરી નાખી મીક્સ કરવું. જરૂર પડે તોજ પાણીનો ઉપયોગ કરવું. ત્યારબાદ તેલ ગરમ કરી તેમાં કોફતા તળવા. તેમને શરૂઆતમાં ફાસ્ટ ગેસ પર પછી ધીમા ગેસ પર બ્રાઉન કલરના કોફતા તળવા.

સામગ્રી :- ૧૦૦ ગ્રામ કેપ્સીકમ, ૧૦૦ ગ્રામ લીલા પાતળા સમારેલા કાંદા, ૧૦૦ ગ્રામ ટમેટા, ૧ કટોરી કોથમીર, ૧ થી ૧.૫ ટી સ્પૂન આદુ+લસણની પેસ્ટ, ૧ કપ ટમેટા સોસ, ૩ ટી સ્પૂન સોયા સોસ, પ્રમાણસર લાલ મરચું, વઘાર માટે તેલ, મીઠું, આજીનો મોટો ૧ ચપ્ટી.

સૌ પ્રથમ પહોળા વાસણમાં તેલ ગરમ કરવું. ત્યારબાદ તેમાં પાતળા લાંબા સમારેલા કેપ્સીકમ, લસણ આદુની પેસ્ટ નાખી ૫ મિનિટ સંતાળવું. ત્યારબાદ ઉપરોક્ત સોસ, મીઠું, મસાલો નાખી ફરી સંતાળવું. છેલ્લે તેમાં તળેલા કોફતા નાખી કોથમીર ભભરાવી ગરમ ગરમ પીરસવા.

હાકા નુડલ્સ :

સામગ્રી :- ૨ કપ બાફીને તેલ લગાડેલા વેજ. હાકા નુડલ્સ, ૨ કપ લાંબી ખમણેલી કોબી, ૨ કપ લાંબા ખમણેલા ગાજર, ૧ કપ લાંબા પાતળા સમારેલા કેપ્સીકમ, ૧ કપ લાંબી પાતળી સમારેલી ફણસી, ૧કપ કાંદાને પણ લાંબા પાતળા સમારવા, ૧ કપ સોસ, ૧ સ્પૂન સોયા સોસ, ૧ ટી સ્પૂન મરી પાવડર, પ્રમાણસર મીઠું, ૫ા ટી સ્પૂન આજીનો મોટો, ૧ નાની કટોરી તેલ.

બનાવવાની રીત :- સૌ પ્રથમ પહોળા વાસણમાં તેલ ગરમ કરી પ્રથમ કાંદા સંતાળવા. ત્યારબાદ બીજા શાકભાજી નાખી હલાવવું. ૫ મિનિટ બાદ ઉપરોક્ત મસાલો, સોસ તેમજ અડધો કપ પાણી નાખી મીક્સ કરી નુડલ્સ નાખવા. છેલ્લે હલાવી ગરમ થયા બાદ તરતજ ખાવાના ઉપયોગમાં લેવા.

## ત્રણ પૂરાણ

| | |
|---|---|
| - આ ત્રણ પાસે નમ્ર બનજો | માતા, પિતા અને ગુરૂજી |
| - આ ત્રણ હૃદયમાં રાખજો | દયા, ક્ષમા અને વિનય |
| - આ ત્રણનું સન્માન કરજો | સંત, વિદ્વાન અને વૃધ્ધ |
| - આ ત્રણ જગ્યાએ જતા રહેજો | મંદિર, વિદ્યાલય અને ઘર |
| - આ ત્રણથી દૂર રહેજો | પારકી પંચાત, ખરાબ વાણી, દુઃખ થાય તેવું વર્તન |
| - આ ત્રણની હંસી ન ઉડાવશો | અનાથ, અપંગ અને અભણ |
| - આ ત્રણ પ્રકારનીજ વાણી બોલજો | મધુરી, સત્ય અને હિતકારી |
| - આ ત્રણ ભાવ સદા કેળવજો | સદ્ભાવ, આનંદવૃત્તિ અને સંતોષ |
| - આ ત્રણથી સદા બચતા રહેજો | ખોટી સંગત, સ્વાર્થી વર્તન અને પરનિંદા |

***- પોમલ હિનલ પ્રકાશભાઈ-અંજાર***

## અમૂલ્ય બંધન

બહેન કરે તેના ભાઈને
એક બાંધી એવો ગઠબંધન,
જે તેના રાખે સૌ સબંધને
ભરપૂર એવા મજબૂતાઈથી.
આપી મીઠું મો ને ભાઈ કરે
તેના માટેની રક્ષાની દુઆને,
અને ટકાવી જાણે એ જ
રક્ષાબંધન જેવા અમૂલ્ય પર્વનું જ બંધન

***- જાનકી ઘનશ્યામભાઈ બારમેડા***

# દેવી ભક્ત કીલા કંસારા

*સુરત કંસારા જ્ઞાતિમાં જન્મ લેનાર પરમ દેવી ભક્ત શ્રી કીલા કંસારાનો જીવન ચરિત્ર અગાઉ આઈ ખોડિયાર જ્યોતમાં પ્રસિધ્ધ થયેલ તે તેના સૌજન્યથી આગામી નવરાત્રી નિમિત્તે 'જ્ઞાતિસેતુ'ના વાચકો માટે પ્રસ્તુત છે. આ લેખની વિગતો ભુજના ઉષાબેન શરદચંદ્ર બુદ્ધભટ્ટી દ્વારા મોકલવામાં આવેલ છે.*

*- મુખ્ય તંત્રી*

દેવી ભક્ત કીલા કંસારા પોતાના પદમાં લખે છે, 'ભક્તની પાછળ દોડે મારી માવડી રે'... આ પંક્તિ તેમના જીવનમાં ધ્રુવ વાક્ય બનીને રહી હતી. કીલા કંસારા સુરતની ધરતી ઉપર 'દેવી ભક્ત' તરીકે પંકાયા. તેઓશ્રી કંસારા જ્ઞાતિમાં વિ. સં. ૧૯૧૯માં માતા યશોમતીની કુખે જનમ્યા. પિતાનું નામ જગજીવન હતું. તેઓ પણ દેવી ઉપાસક હતા.

બાળ કીલાને લઈને તેઓ શ્રી માતાજીના દર્શન જતા. સુરતના તીર્થધામ જેવો લત્તો બાલાજી-અંબાજી રોડનો ગણાય, જ્યાં અંબાજી, મહાકાલી, રેણુકા, મહાલક્ષ્મીજી તેમજ અન્ય દેવ દેવીના ઘણાંય મંદિરો છે. બાલાજી, રણછોડજી, સત્યનારાયણ મંદિરોમાં સત્સંગ ભવનની સુવિધા હોઈ દરેક ભક્ત એક જ ફેરામાં પુણ્યનું ભાથું બાંધતા.

બાળ કીલાને બાળપણથી જ માતાજી પ્રત્યે અનુરાગ કેવી રીતે થયો; તે પણ અદ્‌ભૂત ઘટના હતી. નિશાળે થયા પછી બાળકે પોતાના શિક્ષક પ્રભાશંકરને કહ્યું, 'માસ્તરજી, હું જે વાંચું છું તે યાદ રહેતું નથી.' માસ્તરજીતો તેની હિંમત પર વારી ગયા. કારણ કે આટલી જીગર રાખીને કહેનારો આ બાળક પહેલો હતો.

અક્ષરજ્ઞાન મેળવી ચૂકેલા કીલાને માસ્તરજીએ કહ્યું, 'જો બચ્ચા! આ સરસ્વતી મંત્ર છે તે હું તને આપું છું. ખૂબજ પ્રેમથી રોજ પાંચ માળા કરજે.'

બાળ કીલાએ મંત્રને કંઠસ્થ કર્યો. બાદ રોજ પાતાના ઘરના પૂજાસ્થાને બેસીને મંત્રજાપ શરૂ કર્યાં. બાળહઠ, રાજહઠ, જોગીહઠ, સ્ત્રીહઠ : આ ચાર હઠમાં બાળ કીલાએ તો માતાજી આગળ ધૂણી લગાવી, 'મા! આજે દર્શન નહીં આપે તો ખાવાનો નહીં, પાણી પણ નહીં પીઉં.

આ હઠની વાત માતાજીની પ્રતિમા સમક્ષ કરી અને એક-બે માળા, પાંચ માળા, દસ માળા થઈ. મા યશોમતી બૂમ પાડે છે, 'બેટા, જમી લે, નાસ્તો તો કરી જા.' પણ ધ્યાનમાં બેસી ગયેલો બાળક હઠે ચઢયો.

માળા એક્સો ને આઠ થઈ. બાળક તો જાપ કરતા કરતા પૂજાસ્થાને બેહોશ થઈ ગયો અને આ અવસ્થામાં માતા સરસ્વતીએ દર્શન આપ્યાં. બાળકના મસ્તકે હાથ ફેરવ્યો અને માતાએ કહ્યું, 'જા દીકરા, હવે ભોજન કરી લે, તારી માતુશ્રી યાદ કરે છે.'

આ જ સમયે મા યશોમતી આવી. બાળકને બેહોશ અવસ્થામાં જોઈને ચીસ પાડી. ઘરના બધાય સદસ્યો ભેગા થઈ ગયા. બાળકના મસ્તકે પાણી છાંટવામાં આવ્યું. બાળ કીલાચંદ તો ભાનમાં આવ્યા અને માતાને કહેવા લાગ્યા, 'મા મા! માતા સરસ્વતીએ દર્શન આપ્યા. માતાજીએ મારા મસ્તકે હાથ ફેરવ્યો.' માની આંખોમાં અશ્રુ ટપકી રહ્યાં, 'બેટા! હવે જમી લે. બપોરના ચાર વાગી ગયા. તેં હજી ખાધું નથી.'

એ પછી બાળકે માતાજીને થાળ ધરી પોતે જમી લીધું. આ બાળ કીલાની જીત્વાગ્રે માતા સરસ્વતીનો નિવાસ હોવાથી કિશોરાવસ્થામાંજ માતાજીના છંદની રચના કરીને રોજ માતાજીના મંદિરમાં ઘરમાં પૂજાસ્થાને ગાવાનો હૃદયભાવ જાગ્યો.

તેમના સમયમાં દેવીભક્ત અમીચંદના છંદો ખ્યાતનામ હતા. આ છંદની લઢણ કાયમ સાંભળતા હોવાથી છંદ રચવાની ફાવટ કિશોર કીલાએ અપનાવી. યેવાવસ્થાએ કીલાભાઈએ નિત્ય ચંડીપાઠ કરવાનો નિયમ લીધો અને પછી ચંડીપાઠની એક એક વિગત છંદમાં રચી. લાવણી અને ખ્યાલબાજી જેવા પ્રકારમાં ભગવતીની પ્રશંસા શબ્દો દ્વારા વર્ણવી.

દેવીભક્ત અમીચંદ ઝવેરીના છંદમાં આરાસુર અંબાજીની લાવણી રચીને આર્તવેદના રજુ કરી.

'હે મા, તમે મને કેમ બોલાવતા નથી?'
'હે મા, સર્વ જગતને બોલાવો છો તો મેં શો ગુનો કર્યો છે?'
'હે મા, હું તારો બાળક છું, મને આરાસુરમાં ક્યારે બોલાવશો?'

'હે જગત જનની! તારા સર્વ બાળુડાંને દર્શન આપો છો તો મેં શો ગુનો કર્યો છે?'

આ પ્રકારનો હૃદયભાવ લાવણીમાં હતો, પણ કલમ થકી લખતા એક એક શબ્દ પર કીલાભાઈએ આંસુ સાર્યા.

માતાજીએ સ્વપ્નમાં દર્શન આપ્યા અને કહ્યું, 'બેટા, તારે માટે તારા દરબારના બારણા સદાય ખુલ્લાં છે. અત્યારે સુરતનો દેવીભક્ત સંઘ ઉપડશે. તેમા દીકરા! તને આમંત્રણ મળશે. મારા ધામમાં આવ્યા પછી સાત દિવસ સુધી સુખેથી રહેજે.'

માતાજીનો આદેશ મળ્યો. પણ આ વિગત કોઈને પણ ન કહી. હકીકત એ બની કે, સંઘના દસપતિ ત્રિભુવન કીલાભાઈને તેડવા આવ્યા. અને કહ્યું, 'મને એમ થયું કે, આપ માતાજીના છંદ સરસ ગાઓ છો તો આરાસુર અંબાજી તમે સાથે ચાલો. તમારે કોઈ ખર્ચ કરવાનો

નથી. તમે કાવ્ય પ્રસાદી આપશો એ જ તમારા તરફથી ખર્ચ મળ્યાનું ગણીશું.'

આરાસુર સંઘ ઉપડ્યો. માતાજીના નામની જય બીલાવતા દેવીભક્ત કીલાભાઈ બધાને પ્રિય થઈ પડ્યા. ભક્ત કીલાભાઈ કોઈ વખત મંજીરા લઈને તો કોઈ વખત કરતાલ લઈને માતાજીના છંદ ગાતા વગાડતા.

આ ભાવાવેશમાં એટલા તલ્લીન થઈ જતા કે, તમને દેહનું પણ ભાન ન રહેતું. રસ્તામાં સંઘને લૂંટવા માટે કેટલાક ધાડપાડું-ડાકુઓએ સંઘને રોક્યો. આ સમયે દેવીભક્ત કીલા આગળ આવ્યા. ડાકુના સરદારને કહ્યું, 'તમારે શું લૂંટવું છે?'

'અમારે પૈસા જોઈએ!'

'તો મને પહેલા મારી નાખો, પછી જ તમારા તીરકામઠાં કે તલવાર બીજા પર ઉપાડજો.' આ સમયે ભાવાવેશમાં તેમણે પદ લલકાર્યું, 'ભક્તની પાછળ દોડે મારી માવડી રે...' આ પદની રચના જ એવી હતી કે, ડાકુના સરદાર કંઈક નરમ પડીને શબ્દો સાંભળતો રહ્યો. હકીકતમાં તેની પણ કુળદેવી અંબા હતી. અંબાના ભક્તને લૂંટવા એ ઠીક નથી એવો સદ્‌ભાવ પ્રગટ થતાં સરદારે અંબા માની જય બોલાવીને ડાકુઓ ત્વરાથી જ... જેટલા ઝડપથી આવ્યા એટલી જ ઝડપે નજીકના ડુંગરોમાં ચાલ્યા ગયા.

સંઘના દલપતિ એટલા આનંદવિભોર બન્યા કે, તેઓ કીલાભાઈને પગે લાગ્યા. અને કહેવા લાગ્યા, 'ભક્ત! શાંત થાવ. ભક્તરાજ શાંત થાવ!'

આ તરફ કીલાભાઈને તો ભાવાવેશમાં કશી ખબર નહીતો કે શું બન્યુ? આખરે ભક્તના મુખારવિંદ ઉપર દલપતિએ પાણી છાંટ્યું.

એટલે ભક્તરાજ જાણે નિંદરમાંથી જાગૃત થયા હોય તેમ કહેવા લાગ્યા, 'ક્યાં ગયા મારા દેવી ભક્તો? ક્યાં ગયા મારા માના સેવકો? ક્યાં ગયા તીરકામઠાવાળા વહાલા પ્રેમીભક્તો?'

આ શબ્દો આવેલા ધાડપાડુએ ભિખારી વેશમાં મૂકેલા જાસૂસે સાંભળ્યા. તેની આંખોમાં પાણી આવ્યો અને તે દોડી ગયો પોતાના સરદાર પાસે.

બધી હકીકત કહી તો ધાડપાડુનો સરદાર તદ્દન સાદા વેશમાં મળ્યો. કીલાભાઈએ હૃદયથી જાણી લીધા. ધાડપાડુના સરદારે શ્રીફળ, ચુંદડી અને ૫૧ રૂપિયા કીલાભાઈને આપ્યા અને કહ્યું, 'ભક્તરાજ! માતાજી અંબાના ચરણકમળમાં આ મારી નમ્ર ભેટ મૂકજો. જે કંઈ બન્યું તે ભૂલી જજો.'

બસ! આટલું કહીને ત્વરાથી ડુંગર તરફ ચાલી ગયા. આ અદ્‌ભૂત ઘટના થકી સંઘના તમામ સભ્યો આનંદિત બન્યા. અને જ્યારે અંબાજીના મંદિરે પહોંચ્યા ત્યારે બધાજ આનંદમાં હતા.

દેવીભક્ત કીલાભાઈ માતાજી મંદિરમાં જઈ હાથ જોડી ઊભા. આ સમયે તેમણે સંઘના ભાઈબહેનોને કહ્યું, 'જુઓ મારી માવડી સિંહ સવારીએ સામે દર્શન આપે છે.'

સંઘના સભ્યો કહે, 'અમને તો કશું દેખાતું નથી.'

કીલાભાઈ કહે, 'અહો! એમાં ચર્મચક્ષુ નહીં ચાલે, એમાં જ્ઞાનચક્ષુની જરૂરત પડે છે.'

આ ગંભીર વાણીની કોઈને સમજ ન પડી. રાઘવે કહ્યું, 'અહીં માતાજીની પ્રતિમા નથી. અહીં તો વીસો યંત્ર પૂજાય છે. પછી માવડીના દર્શન થયાં એવું જે તમે કહો છો એ મને સમજાતું નથી.'

આવો ટોણો-કડવો શબ્દ સાંભળીને કીલાભાઈ કહે, 'અરે ભક્તરાજ! તમને એ લાભ ન મળ્યો. બહારની કચરો કાઢો અને પછી જુઓ.'

રાઘવ આ શબ્દથી ડઘાઈ ગયો. 'ભક્તરાજ! મારી ભૂલ થઈ.' કહીને આંખોમાથી અશ્રુધારા વહાવવા લાગ્યો.

ભાવાવેશમાં ભક્તરાજ કીલાભાઈએ તેની આંખો સમક્ષ હાથ ધર્યો. 'રડો નહીં, રાઘવ! લ્યો જુઓ, આ હથેળીમાં....'

આ સાંભળી રાઘવે હથેળીમાં જોયું તો માતાજીની મુખાકૃતિ હાસ્ય વેરતી દેખાઈ. રાઘવ તો નાચવા લાગ્યો. 'મા, મા, માવડી! હજારો જન્મોના પાપ દૂર થયા. મા, મા, તેં દર્શન આપ્યા.'

એ જ હથેળીમાંથી કંકુની ધારા પ્રગટી. જમીન ઉપર કંકુ પડવા લાગ્યું. રાઘવે પોતાનું મસ્તક ધર્યું. એને પણ દેવી ભક્તનો અંશ મળ્યો. તે પણ પૂર્ણ નાસ્તિક હોવા છતાં સંઘમાં જોડાયેલો. એવું જીવન ધન્ય બની ગયું. એ પાછળથી રાઘવ દેવીભક્ત નામે ખ્યાતનામ થયા હતા.

કીલાભાઈના શરીરથી ભાવાવેશ ઊતરતાં તે જ જગ્યા ઉપર બેસી ગયા.

આ સમયે પૂજારી મહારાજે કીલાભાઈને બલાવ્યા. માતાજીની પાવડી તેમના મસ્તકે ધરી. માતાજીના ચરણકમળના પુષ્પો હાથમાં આપ્યા.

કીલાભાઈએ કહ્યું, 'પૂજારીજી, આ બધાય ભક્તો ઊભા છે. તેમને લાભ આપો.'

'ના જી, માતાજીનો આદેશ મળ્યો. એ લાભ બધાને મળતો નથી. આ તો સિંહણનું પય, સિંહ સુતને જ અપાય. બધાને એ નસીબ હોતા નથી.'

રાઘવે વિગત જાણી ત્યારે જાણે હજારો જન્મના પાપ દૂર થતાં હોય એમ લાગ્યું અને પોતાને જે લાભ મળ્યો તે માટે અત્યાનંદ થયો.

રાઘવે પૂછ્યું, 'કીલાભાઈ, પૂજારીએ જે વિગત કહી તેની સમજ આપશો?'

(અનુસંધાન પાના નં. ૩૨ પર)

કીલાભાઈ કહે, 'સમજુને સમજવાની મારી પાસે બુદ્ધિ નથી. દરેક આંખો સામે વિઘ્નરૂપી પડદો હોય છે. એ હટી જાય એટલે જગત શક્તિમય ભાસે છે. માત્ર લાગણી વડે જ આખો સંસાર ચાલે છે. તેમાં માયાનું આવરણ એવું છે કે મારું તારું એમાંથી જ પ્રગટે છે. પણ... પોતાની કાયા પણ પોતાની નથી. તે પણ જે સમજી શકતા નથી તેને સમજાવવા ભગવાન જાતે નીચે ઊતરે તો પણ સમજી શકવાના નથી. ઉદયકાળ થતાં જ પોતે સમજે છે પછી એને તમામ માર્ગો સ્પષ્ટ દેખાય છે.'

કીલા ભગત સંઘ સાથે સુરત આવ્યા. તે જ રાત્રિએ માતાએ દર્શન આપ્યા. ભક્તરાજ! સંભાળજો. જગતના નર-નારીની સંખ્યાને સમતોલ કરવા કુદરત રોગ રાજને મોકલે છે. ભયંકર રોગ આવશે, જે સુરતમાં ફેલાશે. તમે તમારે ઘરઆંગણે શ્રીફળનું તોરણ બાંધજો. એ રોગથી તમારું ઘર મુક્ત રહેશે.'

કીલા ભગત મંદિરે ગયા. માતાજી સમક્ષ પાંચ શ્રીફળ ધરીને તેનું તોરણ બનાવી ઘરઆંગણે

*- સૌજન્ય મિનાક્ષીબેન માંકડ*

# ગરબાનો સુશોભન

આપણા દરેક ધર્મમાં પ્રતીકનો ઉપયોગ થાય છે. હિંદુ ધર્મમાં પણ પૂજા આરાધના પ્રતિકરૂપે થાય છે. ગણપતિને બદલે સોપારીની પૂજા થાય છે. એમ ગરબો એ માતાજીનું પ્રતીક છે. ગરબો શબ્દ સમૂહમાં તર્તુળાકારે ફરતા દેવીની સ્તુતીના ગીતો વખતે પ્રગટાવેલા માટીના ઘડા માટે વપરાતો શબ્દ. ગરબો વસ્તુ સૂચક નામ હતું. ગરબો શબ્દ ગર્ભદીપ ઉપરથી ઉત્પન્ન થયો હોવાનું મંતવ્ય નરસિંહરાવ દિવેટછયાનું હતું.

સત્તરમાં સતકમાં કવિ ભાણદાસે ગરબી શબ્દથી પોતાના ઘણા કાવ્યોને ઓળખાવ્યા છે. આ શબ્દનો પ્રથમ પ્રયોગ કરેલો છે. એટલે એ શબ્દનો વપરાશ એ સમયની આસપાસ હશે. ગરબો એ માતાજીનું પ્રતીક છે. તેમ સત્યનારાયણની કથાનો કળશ એ બ્રહ્માંડનું પ્રતીક છે. બ્રહ્માંડ એ માતાજીનો ગરબો. તારા□

પૃથ્વીના સર્જનકાળમાંથી સમય સતત બદલાતો રહ્યો છે. બદલાવું એ સમયની પ્રકૃતિ છે અને સમય બદલાય એટલે તેની સાથે માનવીની જીવનશૈલી, જીવન દૃષ્ટિ, રસ, રૂચિ, લાગણી, વિચાર અને તેની અભિવ્યક્તિની રીતમાં પણ બદલાવ આવે. કલાનો વિકાસ જેમ જેમ થતો ગયો. ભગવાનની અભિવ્યક્તિ વિકસતી ગઈ તેમ તેમ માતાજીના સ્વરૂપના પ્રતિકરૂપે ગરબો અને આરતી પણ સાધન સામગ્રી કલાત્મક બનતા ગયા. માનવીની સૌંદર્યલક્ષી દૃષ્ટિ વિકસી અને સાધન સામગ્રી પણ ઉપલબ્ધ બની. પરિણામે એ બંનેમાં કલાત્મક અભિવ્યક્તિએ પ્રગતિ કરી.

આજે વિવિધ સામગ્રી ઉપલબ્ધ છે ત્યારે ગરબો અને આરતીના કલાત્મક સુશોભન કેવી કેવી રીતે કલ્પના શક્તિને વિકસાવી ભાવનાની અભિવ્યક્તિ કરી શકાય તેઓ આ નમ્ર પ્રયાસ છે.

## બાંધણીના કાપડનો ગરબો



સામગ્રી : બાંધણીના ચોરસ પીસ, લેસ, જરદોશી વર્કના ફુલ, લાલ કલર, ગુલાબી કાગળ

રીત : બાંધણીના કાપડમાંથી ચોરસ પીસ કરવા. માટલીના કાંઠા પર ફેવીકોલથી તે ચોંટાડી તેની નીચે સોનેરી લેસ લગાડવી. તેની નીચે ગુલાબી કાગળ ચોંટાડવો. હવે તેની નીચેના ભાગમાં બાંધણીના પીસ ચિત્રમાં આપ્યા પ્રમાણે ચોંટાડી આજુ બાજુ લેસ લગાડવી. બંને પીસની વચ્ચે જરદોશી ફુલ લગાવવા. બાકીના ભાગમાં લાલ ઓઈલ પેઈન્ટ કલર કરવો.

## એક જ કુરબાની

ઝૂકાવીશ હું નંદનવન કરીને માતા
  જ્યારે તારા ચરણમાં શીશ,
અડગ રહી કરતા રહીશ એકવાર
  મારા દેશ માટેની જ અને
મળી સૌ સાથમાં આપીને એક જ
  વખત કુરબાનીને,
લહેરાવી ત્રણેય રંગોના મિશ્રણથી
  ભરપૂર થયેલા ધ્વજને કરી સલામી,
અને આપતા રહેશું
  પોતે એક વખતના દેશ માટેની
કુરબાનીને જ.

*- જાનકી બારમેડા*

## થર્મોકોલનો ગરબો



સામગ્રી : છિદ્રોવાળો ગરબો, નાનું મોટું કોડિયું, રંગ, પીંછી, ઈંઢોણી, દીવા માટે મીણબત્તી/બાકસ, થર્મોકોલના ટુકડા, લેસ - વરમાળા, રંગબેરંગી જરી, જુદા જુદા આકારના આભલા.

રીત : પ્રથમ કાચ પેપરથી માટલીને સરખી રીતે ઘસીને કપડાથી સાફ કરી સોનેરી રંગથી રંગી લેવો. ત્યારબાદ થર્મોકોલના આકાર કાપી કાંઠા પર લેસ લગાવી આકાર ચોંટાડવા. વરમાળાનો ગોળાકારમાં ફેવીકોલ લગાવી દેવી. ત્યારબાદ કાચ અને આભલા ચોંટાડવા અને વરમાળા તેમજ લેસની બોર્ડરથી ગરબો શણગારવો. કોડિયામાં દીવો મૂકવો. ઢાંકણ અને નાળિયેર પર સુશોભન નાના આભલા અને લેસથી કરવું. થોડા થર્મોકોલના બોલ પણ વાપરી શોભા કરી શકાય.

## થઈ બેઠા છીએ

પ્રતિષ્ઠાના પીંજરામાં કોઈકના મુખે
  'વાહ' થઈ બેઠા છીએ
લાગણીના લલાટમાં કોઈકની
  'ચાહ' થઈ બેઠા છીએ
એમ જ નથી આવ્યા અમે
  રસ્તાની વચ્ચે 'જીનલ'
પણ અમે કોઈકની 'રાહ'
  થઈ બેઠા છીએ

*-જીનલ પી. સોની નાગલપુર માંડવી*

## સુડોકુ કસોટીનો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 2 | 8 | 7 | 6 | 3 | 1 | 4 | 9 |
| 3 | 7 | 6 | 4 | 1 | 9 | 8 | 2 | 5 |
| 9 | 4 | 1 | 2 | 8 | 5 | 6 | 7 | 3 |
| 6 | 3 | 9 | 8 | 5 | 2 | 7 | 1 | 4 |
| 7 | 5 | 2 | 1 | 9 | 4 | 3 | 6 | 8 |
| 1 | 8 | 4 | 6 | 3 | 7 | 5 | 9 | 2 |
| 4 | 9 | 3 | 5 | 7 | 1 | 2 | 8 | 6 |
| 2 | 6 | 7 | 3 | 4 | 8 | 9 | 5 | 1 |
| 8 | 1 | 5 | 9 | 2 | 6 | 4 | 3 | 7 |

# કોમ્પ્યુટરનો કક્કો (૫)

*ટી. એલ. કંસારા*

## *ઈન્ફોર્મેશન ટેકનોલોજી એટલે શું?*

ઈન્ફોર્મેશન ટેકનોલોજી (જેને અંગ્રેજીમાં આઈટી કહેવામાં આવે છે, આપણે પણ આઈટી જ કહીશું.) આ આઈટી એટલી માહિતીને લગતું ટેકનીકલ જ્ઞાન અથવા કહો કે માહિતીના મેનેજમેન્ટ માટે ઈલેક્ટ્રોનિક એન્જીનીયરીંગમાં કોમ્પ્યુટરના ઉપયોગની સાથેનો અભયાસ.

આ આઈટી વિશે કેટલાક ભ્રામક ખ્યાલો આજની યુવા પેઢીમાં તેમજ મોટા ભાગના ભણેલા વર્ગમાં પણ પ્રવર્તમાન હોવાનું જોવા મળે છે. દા.ત.

**ભ્રમણા - ૧.** આઈટી એટલે કોમ્પ્યુટર અને કોડીંગ કે પ્રોગ્રામીંગને લગતું જ્ઞાન. ખરેખર તો આ આઈટીએ માત્ર કોમ્પ્યુટર અને કોડીંગ કે પ્રોગ્રામીંગ નથી, પરંતુ તેથી ઘણું બધું વિશેષ છે. એ તો એક મોટા ફલક પર પથરાયેલ એવું કેનવાશ છે કે જેના પર તમે ધારો તેવા ચિત્રો દોરીને ફાવે તેવા રંગો પૂરી શકાય. એતો એક એવું પ્લેટફોર્મ છે જેના પર ઈચ્છો તેવો ભાગ ભજવીને માનવ જીવનને લગતી દરેક નાનામાં નાની બાબતનું મૂલ્ય તમારી કલ્પના શક્તિને કામે લગાડીને અકલ્પનીય રીતે વધારી શકો. એ તો વિવિધ હથિયારોને લગતું એવું જ્ઞાન છે કે જેના થકી તમે તમારી રોજી-રોટી કમાતા કમાતા તમોને ગમનું કામ કરી શકો.

**ભ્રમણા - ૨** આઈટી એક એવું જ્ઞાન છે જે શહેરી યુવક-યેવતીઓને પ્રાપ્ય છે, કારણ કે તેમને અભ્યાસ માટે અનેક સુવિધાઓ મળતી હોય છે. બદનસીબે આ એક અક્ષમ્ય, ઘોર અજ્ઞાનતા છે. ખરેખર તો ગામડામાં રહેતા બાળકો, પોતાની જાતને, તેમના શહેરી ભાંડુઓ કરતા સારી રીતે તૈયાર કરવા માટે, વધારે એકાગ્રતાથી મહેનત કરતા હોય છે. અલબત્ત આ બાળકો આ માટે તેને લગતા પુસ્તકો અને મેગેઝીનો, ચોપનીયાઓ વિગેરે પ્રસિધ્ધ સાહિત્ય ઉપર વધારે મદાર રાખતા હોય છે. ખરેખર તો કોઈપણ વ્યક્તને આ સ્પર્ધાત્મક જગતમાં આગળ વધવા માટે ખંત અને સમજણપૂર્વકનું આયોજન જ મદદરૂપ બનતું હોય છે, પછી ભલે તેમને ઈન્ટરનેટ કનેક્શન તેમજ આધુનિક સ્કૂલોનો વૈભવ પ્રાપ્ય ન હોય. આવા ભ્રમિત ખ્યાલોને દૂર કરવા માટે એ જરૂરી છે કે આપણે કોઈપણ વિષયનો અભ્યાસ પદ્ધતિસર કરીને તેને વારંવાર ચકાસવો જોઈએ. આજે આપણે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એસોશીએશન ઓફ અમેરિકાએ આપેલી વ્યાખ્યા સમજીએ.

As defined by Information Technology Association of America, IT is a study, design, development, implementation, support or management of computer based information systems, perticularly software applications and computer hardware. It deals with the use of electronic computers and computer softwares to convert, store, protect, process, transmit and secure relative information.

ઉપરની વ્યાખ્યાના બે મુખ્ય વિભાગ છે.

(૧) આઈટી અભ્યાસના વિશાળ ફંડમાં આવે છે. ડિઝાઈન, ડેવલપમેન્ટ, ઈમ્પલિમેન્ટેશન અને મદદને લગતી વ્યવસ્થા. જેમ કોઈપણ કાર્ય શરૂ કરવા માટે તેનો નકશો કે ડિઝાઈન કે રૂપરેખા તૈયાર કરવા પડે પછીજ વસ્તુ બનાવવાની પ્રક્રિયા શરૂ થાય, તેનું ડેવલપમેન્ટ શરૂ કરી શકાય, અને તે તૈયાર થઈ જાય પછી તેનો ઉપયોગ શરૂ થાય, તેનું ઈમ્પલિમેન્ટેશન થાય. આ ઉપયોગ દરમ્યાન મુશ્કેલી પડે તો તેને મદદની જરૂર પડે, સપોર્ટની જરૂર પડે, તેથી તેવા સાપોર્ટની વ્યવસ્થા પણ કરવી પડે. જે વ્યવસ્થા કેમ કરી શકાય તે આ આઈટીના માહિતીને લગતા અભ્યાસમાં આવે. હવે કોઈપણ વસ્તુ શીખવા માટે જેમ પુસ્તકો જોઈએ, વાતચીત કરીને, ન સમજાતું હોય ત્યાં સમજાવવા માટે કોઈ વડીલ જોઈએ, અને ત્યારબાદ તેમની ગેર હાજરીમાં જાતે મથવા માટે પ્રેક્ટીસ કરવા માટે સાધન જોઈએ તેમ આ બધુંજ, એટલે કે માહિતીને લગતી ટેકનોલોજી શીખવા માટેનું સાધન એટલે કોમ્પ્યુટરના હાર્ડવેર અને સોફ્ટવેર.


(૨) કોઈપણ કારીગરે સૌ પ્રથમ તેના હથિયારને ઓળખવું પડે, તેમ આ આઈટીના હથિયાર કે સાધન તે કોમ્પ્યુટરની ઓળખ એટલે આ વ્યાખ્યાનો બીજો વિભાગ જેમાં આવે છે તેની ખૂબીઓ. આ કોમ્પ્યુટર શું કરે છે તે વ્યાખ્યાના આ ભાગમાં સમાવિષ્ટ છે, જેમ કે તે ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટર અને સોફ્ટવેરના વપરાશને લગતું જ્ઞાન; જેમાં આવે છે માહિતીને કન્વર્ટ કરવી કે બીજા સ્વરૂપમાં ફેરવી, સંગ્રહવી, બચાવવી કે સાચવીને રાખવી, તેના ઉપર પ્રક્રિયા કરવી, તેને ટ્રાન્સમીટ કરવી કે અન્ય જગ્યાએ મોકલવી, અને સંદર્ભને લાગતી માહિતી (કઈ રીતે ચોક્કસતાથી) મેળવવી. આમ, ઉપરની વ્યાખ્યાની સમજણથી ખ્યાલ આવે છે કે આઈટી એ કોમ્પ્યુટરના જ્ઞાનથી વિશેષ છે. તો ચાલો, આજે આપણે આ આઈટીના હથિયાર કે સાધન સમા કોમ્પ્યુટરના કી-બોર્ડ વિશે બની શકે તેટલું જાણીએ.

નીચેના ટેબલમાં દરેક પ્રથમ અંગ્રેજીમાં આપેલ છે, ત્યારબાદ તેનો ગુજરાતીમાં ઉચ્ચાર આપેલ છે અને છેલ્લે તેનો અર્થ ટૂંકમાં અંગ્રેજીમાં તેમજ ટેબલની નીચે ગુજરાતીમાં સંપૂર્ણ વિવરણ સાથે સમજાવેલ છે.

| Word in English<br>અંગ્રેજી શબ્દ | English Word in Gujarati<br>ગુજરાતી લિપિમાં ઉચ્ચાર | Meaning<br>અર્થ |
|---|---|---|
| Key & Keyboard | કી અને કીબોર્ડ | A button on a Keyboard<br>A set of keys arranged as on a typewriter that is the principal input device for most computers |

ગુજરાતીમાં વિવરણ : કીબોર્ડ ઉપરનું એક બટન જે દબાવવાથી કોમ્પ્યુટરમાં ડાટા દાખલ કરી શકાય છે કે તેને કમાન્ડ કી થી આદેશ આપી શકાય છે. મોટા ભાગના કોમ્પ્યુટરોમાં ડાટા ઈનપુટ માટે ટાઈપરાઈટર જેવી કી કે ચાવીઓો ધરાવતું કીબોર્ડ આપેલ હોય છે, જેને કોમ્પ્યુટરના પાયાના અંગોમાંના એક અગત્યના અંગ તરીકે ઓળખવામાં આવે છે. કીબોર્ડ બાબતમાં અહીં જે ચર્ચા કરેલ છે, તે સામાન્ય કીબોર્ડ માટેની પાયાની બાબતોનો ખ્યાલ આવે તે હેતુથી જ કરેલ છે, કારણ કે, દરેક કંપની પોતાની જરૂરિયાત મુજબ એમાં થોડા ઘણા ફેરફાર કરતી હોય છે. દા.ત. એટી સ્ટાન્ડર્ડ, એટી એનહેન્સ્ડ અને એક્ષટીમાં પણ નજીવો ફરક તો રહેવાનો જ. ઉપરાંત, નીચે વર્ણવવામાં આવેલ કીબોર્ડ વિશેની મુખ્ય બાબતોમાં, બની શકે તેટલી માહિતીનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે, પરંતુ તે આખરી ના જ કહી શકાય.

કીપેડ સાથેના કીબોર્ડનો લે-આઉટ. (વિવિધ કીની સમજણ માટે)
૧. ટાઈપરાઈટરની ચાવીઓ ૨. સિસ્ટમ કી



૩. એપ્લીકેશન કી ૪. ચોક્કસ કામો માટેની ચાવીઓ ૫. સંખ્યાઓ દાખલ કરવાનું કીપેડ ૬. કર્સર કંટ્રોલ કી અથવા એરો કી ૭. એન્ટર કી ૮. અન્ય

તમે જોઈ શકો છો કે ઉપરના ચિત્રમાં આઠ પ્રકારો કે વિભાગો પાડીને કીબોર્ડને સમજાવવામાં આવેલ છે. આ ઉપરાંત દરેક કી કે ચાવી કેવી રીતે કામ કરે છે અને કયા કયા નામોથી ઓળખવામાં આવે છે તેની માહિતી આગળ આપેલ છે. સૌ પ્રથમ આપણે ઉપરના આઠ વિભાગો વિશે થોડી ચર્ચા કરીશું.

ટાઈપરાઈટર્સ કીઝ : દરેક કીબોર્ડમાં અક્ષરો અને આંકડાઓ () સહિતની ચાવીઓનો સેટ હોય છે જે પ્રચલિત ટાઈપરાઈટરના લે-આઉટ પ્રમાણે જ હોય છે, જેને ક્યુ ડબલ્યુ ઈ આર ટી વાય કે ક્વેર્ટી લેઆઉટ કહેવામાં આવે છે. પ્રથમ છ અક્ષરોને કારણે તેનું નામ ક્વેર્ટી પડેલ છે. તમે જોલ શકો છો કે તેમાં એ થી ઝેડ સુધીના ૨૬ અક્ષરો ટાઈપરાઈટરના કીબોર્ડની જેમ જ ગોઠવવામાં આવેલ છે, આથી તેને ટાઈપરાઈટર્સ કીઝ કહેવામાં આવે છે.

ક્વેસ્ટીનો ઈતિહાસ : ૧૮૬૮માં સી.એલ. શોલ્સ નામની વ્યક્તિએ ટાઈપરાઈટર માટે તેની પેટન્ટ લીધેલ અને ત્યારબાદ ટાઈપરાઈટરમાં બાજુ-બાજુમાં ગોઠવેલ અમુક ચાવીઓની દાંડીઓ એક-બીજાને અડકીને ફસાઈ જતી હતી, તેથી ઝડપ મળતી ન હતી. આવી ક્ષતિઓને કારણે તે બરાબર ચાલ્યું નહી. તેથી તેણે ફરીથી ફેરફાર કરીને આ ક્વેર્ટીની શોધ કરી અને ૧૮૭૮માં તેની પેટન્ટ લીધી. આજ લેઆઉટ ટાઈપરાઈટર તેમજ કોમ્પ્યુટરોના કીબોર્ડો માટે પણ હવે સ્ટાન્ડર્ડ થઈ ગયેલ છે.

અલબત્ત, કીબોર્ડ માટે હજુ સુધી કોઈ સ્ટાન્ડર્ડાઈઝેશન થયેલ નથી, પરંતુ મોટા ભાગની કીબોર્ડ બનાવતી કંપનીઓ આઈબીએમ પીસીના આ લેઆઉટને અનુસરે છે.

ક્વેસ્ટી સિવાયનું લેઆઉટ, ડીવોરાક કીબોર્ડ : જોકે, ૧૯૩૦માં ઑગષ્ટ ડીવોરાકે ઝડપથી ટાઈપ કરી શકાય માટે એબીસીડીના બધાજ આલ્ફાબેટ્સને કીબોર્ડની મધ્યની લાઈનોમાં ગોઠવીને ક્વેર્ટી કરતા અલગ ડિઝાઈનનું કીબોર્ડ બનાવેલ જે ડીવોરાક કીબોર્ડ તરીકે ઓળખાય છે. ઘણા કોમ્પ્યુટરોમાં એ કીબોર્ડ વિકલ્પ તરીકે વળે છે. પરંતુ આપણે તયાં તે ખાસ પ્રચલિત નથી. આ સિવાય, મેકીન્ટોશ કંપનીના કીબોર્ડને તેનું આપેલ ડેસ્કટોપ બસ (એડીબી) મારફતે જોડાણ થતું હોવાને કારણે એડીબી કીબોર્ડ કહેવામાં આવે છે.

સિસ્ટમ કીઝ : વિન્ડોસના ૧૦૪ કીના કીબોર્ડમાં એપ્લીકેશન કે મેનુ તરીકે ઓળખાતી કી નો સમાવેશ કરવામાં આવ્યો, જે ઉપર (૩) નંબરની સામે તીરથી દેખાડેલ છે. માઉસના રાઈટ બટન દબાવ્યા સિવાય તમે આ કી થી શોર્ટકટ થી સીધાજ મેનુ અથવા તો એપ્લીકેશન એટલે કે જે ઓપરેટીંગ સિસ્ટમ તમારા કોમ્પ્યુટરમાં હોય કે નાખવામાં આવલ હોય, દા.ત. વિન્ડોસ ૨૦૦૦ના સ્ટાર્ટઅપ મેનુમાં પહોંચી જાઓ છો, અને ત્યાંથી જોઈતો પ્રોગ્રામ કે વિકલ્પ પસંદ કરીને તમારૂં કામ શ કરી શકો છો.

ફંક્શન કીઝ : ફંક્શન કીઝ, કે ચોક્કસ કાર્યો માટેની ચાવીઓ કે જે તમારા કોમ્પ્યુટરમાં ચલાવવામાં ચાલતા પ્રોગ્રામમાં જેના કાર્યો નિશ્ચિત થયેલ છે તેવી ચાવીઓ દા.ત. એફ૧, એફ૨, ઈત્યાદી. આવી ૧૨ ચાવીઓ, જે ચિત્રમાં સૌથી ઉપરની લાઈનમાં દેખાય છે.

ન્યુમરીક કી અને કીપેડ : આંકડાઓ માટે વપરાતી ૧૦ ચાવીઓ જે ઉપરથી બીજી લાઈનમાં આવેલ છે. આ ઉપરાંત જમણી તરફના ચોરસ કે લંબચોરસ ખાનામાં આવી કુલ્લ ૧૭ કી આવેલ છે જેમાંની ૧૬ કીનો ઉપયોગ કેલ્ક્યુલેટરના કાર્યો કરવા માટે થાય છે. એમાંની પ્રથમ ૭ના અંકડાની ઉપર આવેલ કી જેના ઉપર નમ લોક લખેલ છે તેને એક વખત દબાવવાથી કીબોર્ડની પેનલમાં ઉપરના ભાગમાં એક નાની લાઈટનું ઈન્ડીકેટર ચાલુ થાય છે અને બધાજ આંકડાઓ કેલ્ક્યુલેટરના કાર્યો કરવા લાગે છે. આ ચાવીનો ઉપયોગ ડાટા એન્ટ્રી ઓપરેટરો કે જેમને મોટા ભાગનો

આંકડાઓનો ડાટા કી-ઈન કરવાનો હોય છે, તેઓ વધારે કરે છે. જેમ કેલ્ક્યુલેટર કે મોબાઈલ ફોનમાં પણ કીપેડ આપેલ હોય છે તેમ આ ચોરસ ખાનાને પણ ન્યુમરીક કીપેડ કહેવામાં આવે છે. ૧૭મી લંબચોરસ કી એન્ટર કી છે જેના કાર્યોની ચર્ચા નીને કરવામાં આવેલ છે. તમે જોઈ શકો છો કે આવી બે એન્ટર કી વપરાશકર્તાની અનુકુળતા માટે આપેલ છે. બાકી બન્નેનો ઉપયોગ એક સરખો જ છે.

આ સિવાય કીપેડ ઉપર આવેલ અન્ય કીની સગવડો એરો કીની જેમ કર્સર કન્ટ્રોલ માટે છે. ચાર ખુણે આપેલ હોલ, પેજ અપ, પેજ ડાઉન અને એન્ડ કીઝ અનુક્રમે તમે ટાઈપ કરતા હો ત્યારે એક વખત દબાવવાથી તે લાઈનની શઆતમાં અને એન્ડ કી લાઈનને છેડે કર્સરને લઈ જશે, જ્યારે પેજ અપ અને પેજ ડાઉન ચાવીઓ એક એક પેજ ઉપર કે નીતે કૂદાવશે.

સામાન્ય રીતે કામ કરતી વખતે જયારે આ નમલોક કીનો ઉપયોગ કરવામાં ન આવ્યો હાય ત્યારે આ ન્યુમરીક કીપેડની ચાવીઓ તેમના ઉપર દર્શાવિલ અન્ય કાર્યો બજાવશે. પરંતુ તે જ કાર્યો નમલોક કી દબાવ્યા પછીથી કરવા માટે તમારે શીફ્ટ કીનો આશરો લેવો પડશે. મતલબ ટાઈપ કરતા હો તે લાઈનની શરૂઆતમાં કર્સરને લઈ જવું હોય તો શીફ્ટ કીને દબાવી રાખીને હોમ કીને પ્રેસ કરવાની.

કર્સર અને કર્સર કંટ્રોલ કીઝ : કર્સર કે જે નાની ઉભી લીટી જેવું ઝબુકતું રહે છે અને તમે સ્ક્રીન ઉપર કઈ જગ્યાએ કામ કરી રહ્યા છો તે દર્શાવતું રહે છે. તેને કંટ્રોલ કરતી કીબોર્ડ પરની ચાવીઓને કર્સર કંટ્રોલ કીઝ કહેવામાં આવે છે. આ ચાર ચાવીઓ, જે ચિત્ર (૯) નંબરની સામે તીરથી પ્રદર્શિત કરેલ છે અને તમારા કીબોર્ડની જમણી તરફ નીચેના ભાગમાં હોય છે અને તે એરો કીઝ તરીકે પણ ઓળખાય છે. આ દરેક એરો કીને દબાવવાથી તમારા કર્સરને એક સ્પેસ જમણે, ડાબે, ઉપર કે નીચે લઈ જાય છે.

એન્ટર કે રીટર્ન કી : તમારા કીબોર્ડ પર જમણી તરફ એન્ટર કે રીટર્ન લખેલ કી તમે ટાઈપ કરતા હો તે લાઈન પૂરી થાય અને નવો ફકરો શરૂ કરવાનો હોય, ત્યારે એન્ટર કીનો ઉપયોગ થાય છે. (દા.ત. તમ. વર્ડમાં કામ કરતા હો ત્યારે આ ચાવી ઉપરની ક્લિક તમારા કર્સરને બીજી લાઈનની શરૂઆતમાં લાવીને મૂકી દેશે.)

આપણે ઉપર જોયું તેમ સામાન્ય રીતે ૧૦૪ કીના કીબોર્ડમાં આવી બે એન્ટર કી આપેલ હોય છે. જેમાંની એક જમણી તરફના ન્યુમરીક કીપેડની સાથે અને બીજી કીબોર્ડની મધ્યમાં.

તમારા કીબોર્ડમાં ઉપર જણાવ્યા સિવાયની પણ અન્ય તેમજ ખાસ ચાવીઓ આવેલી છે, જેની ચર્ચા ફરી ક્યારેક.

## કૌન બનેગા કોમ્પ્યુટર વિઝાર્ડ

આજ સુધી ક્વીઝ (૧) (ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૮)ના જવાબો આ મુજબ છે. ૧. સોની વિધિ લક્ષ્મીકાંતભાઈ. ધો.૬. નવરંગ પ્રાથમિક શાળા (ઓઢવ), ક્વીઝ (૨) (એપ્રિલ-મે ૨૦૦૮) ૧. સોની વિધિ લક્ષ્મીકાંતભાઈ, ૨. પોમલ હિનલ પ્રકાશભાઈ - અંજાર.

ઉપર લખ્યા સિવાય આ અંક વાંચનારો માંથી કોઈએ સ્પર્ધામાં ભાગ લઈને જવાબો મોકલોલ હોય, અને કારણોસર ન પહોંચ્યા હોય તો તેઓ તેમના જવાબો હજુ પણ મોકલી શકે છે. દીપોત્સવી અંકમાં દરેક સ્પર્ધકના નામો સામે તેમણે મેળવેલ ગુણ તેમજ તેમનો ક્રમાંક આપવામાં આવશે. ત્યાં સુધીમાં આ વિષયમાં આગળ વધવા માંગતા અને બાકી રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે આ ક્વીઝમાં ભાગ લઈ, અત્યાર સુધીના પ્રશ્નોના જવાબો મોકલી આપવાની મુદત વધારેલ છે. તો ઉઠાવો પેન, શોધો અગાઉના અંકો અને ટીક કરી નાખો સાચા જવાબો.તમારૂં પુરું નામ, સરનામું, વર્તમાન અભ્યાસનું ધોરણ અને જન્મ તારીખ લખવાનું ન ભુલતા. **આ અંકના સવાલો**

૧. http એટલે શું? અ. વેબ સર્વર અને વેબ પેજ વચ્ચેનું જોડાણ બ. કોમ્પ્યુટરની દુનિયામાં ઈન્ટરનેટ માટની એક ભાષા ક. ઈન્ટરનેટ ઉપર માહિતીને સંચાર કરવા માટેનો હાઈવે ડ. આમાં થી કોઈ જ નહીં

૨. આમાંથી કોઈ એક બ્રાઉઝર નથી., ઓળખી કાઢો. અ. ઈન્ટરનેટ એક્સ્પ્લોરર બ. મોઝીલા ફાયર ફોક્સ ક. નેટસ્કર્ટ ડ. રેડહેટ

૩. આ સર્વરમાંથી કયા સર્વરથી તમે વાસ્તવિક સમય (રીયલ દુનિયા)માં દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલા વ્યક્તિ સાથે ચર્ચા વિચારણા કરી શકો છો?
અ. ગ્રુપવેર બ. આઈઆરસી સર્વર ક. પ્રોક્સી ડ. ટેલેન્ટ

૪. www નો મતલબ શું થાય છે? અ. વર્લ્ડ વાઈલ્ડ વેબ બ. વર્લ્ડ વાઈસ વેબ ક. વર્લ્ડ વાઈલ્ડ વ્રેસ્ટલીંગ ડ. વર્લ્ડ વાઈડ વેબ

૫. આઈપી એડ્રેસમાં કેટલા ડીજીટ હોય છે? અ. ૧૨ બ. ૧૬ ક. ૩૨ ડ. ૧૫

૬. ના નામની સ્થાપના કઈ સાલમાં થઈ? અ. ૧૯૪૫ બ. ૧૯૫૪ ક. ૧૯૮૦ ડ. ૧૯૯૬

૬. ઈન્ટરનેટના આઈપી સરનામામાં બાયનરી અંકોનો ઉપયોગ કરવામાં આવે છે છતાં આપણે દેખાતા આ અંકો તો ડેસીમલમાં જ હોય છે. તેનું કારણ શું?
અ. બાયનરી અંકો લખવામાં અઘરા છે બ. ડેસીમલ અંકોથી આપણે ટેવાઈ ગયા છીએ ક. બાયનરી અંકો યાદ રાખવામાં અઘરા છે ડ. બાયનરી ડીજીટ લખીજ શકાતા નથી.

## જ્ઞાતિના તેજસ્વી તારલાઓ


Jagruti M. Barmeda
Gandhidham
B.Ed. - 76.57%


Riddhi K. Kansara
F.Y. B.C.A. - 73%


Mansi D. Kotadia


Veera A. Kotadia
Bhuj


Keshvi A. Kotadia
Bhuj



Khushbu B. Soni
Ahmedabad
Std. 9th - 71.11%


Bharghav B. Soni
Ahmedabad
J. KG - A Grade


*- સૌજન્ય મિનાક્ષીબેન માંકડ*

## વિદેશમાં અભ્યાસનો અનુભવ

*ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે દેશના સીમાડાઓની પણ મર્યાદા નડતી નથી. એન્જીનીયરીંગ તથા એમ.બી.એ. માટે અમેરિકા તથા બ્રિટનમાં અભ્યાસ કરવાનું ઘણા વિદ્યાર્થીઓ પસંદ કરે છે. હાલમાં મેડિકલ ક્ષેત્રમાં રશિયાની કૉલેજમાં અભ્યાસ કરી ડૉક્ટરી ડિગ્રી મેળવવાનું ચલણ વધ્યું છે. આપણા સમાજના બે યુવકો હેત યોગેશભાઈ સોની તથા હીર યોગેશભાઈ સોની (ભુજ) હાલમાં રશિયામાં રહી મેડિકલ લાઈનમાં અભ્યાસ કરે છે. તેમના અનુભવો તેમના શબ્દોમાં આ સાથે પ્રસ્તુત છે.*



**Het Yogeshbhai Soni**



**Hir Yogeshbhai Soni**

Hello friends! I am **Het Soni**. I'll share my experience of studying in Russia with you all. First of all I'll tell you that there are almost 800 Indians with us. We stay in hostels. There are 2 hostels for Indian students. The entire system of studies is different from India. We study in group of 14 students. We really enjoy studying there, because everyday we have test & compulsary we have to attend the classes and we have to attend classes 100%. The atmosphere out there is very cool. The temperature in Winter goes upto -25°C, but the best thing I liked is that our entire academy, hostels, each and every building has centrally heating system.

## Importance of Women Education

**-Jagruti M. Barmeda - Kotada (Chakar)**

From ancient times, Raja Ram Mohan Roy, Vidhya Sagar, Dayanand Saraswati, Gandhiji, all have worked for the strengthning of Women Education. Gandhiji said that, "If Women are educated, their whole family will progress in right direction.

Women Education helps in progress in Social, Economic and Political field. Pratibha Patil is the best example of women empowerment in efforts in our country. Other example of educated women are Kiran Bedi, Kalpana Chawala, Sunita Williams, etc. Though there are some educated women in our country, there is need for education of every woman. We should gain inspiration from the above mentioned women and try to involve more women in education and put steps towards this progressive world. For the importance of women education, it has been rightly said that, "If you educate a boy you educate an individual, but if you educate a girl, you educate a family".

Above lines says that what is the inportance of women education. Women can play a great role to develop any country or any culture.

In recognisation of the ipmortance of women education in accelerating socio-economic development, the Government has formulated a variety of measures from time to time.

1. National education policy on women education.
2. University education commision.
3. National Council for women education.
4. Kothari commission on women education.

All this commission and policy on education envisages thae education would be used as a strategy for achieving basic change in the status of women and they suggests policies and programmes regarding the expansion of women education.

According to the Kothari Commission about the importance of women education. "For full development of our human resources, the improvement of homes and moulding the character of children during the most impressible years of infancy, the education of women is of even greater importance than that of men."

Our Government have to play a great role in women education.

It is therefore true that if a country, a nation or community has to achieve greatness and progress Women Education is a must.

We all have to keep in mind the importance of Women Education. Let us make all efforts to educate our girls.

"The hand that rocks the cradle rules the World."

## અરે! જરા જુઓ તો ખરા!

*કંસારા મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર*

## આપણને પુરસ્કાર લેવા માટે પણ સમય નથી !!!

અભ્યાસ કરવો એ જરૂરી છે. અભ્યાસથી જીવનમાં સારા સંસ્કારોનું ચિંતન થાય છે, જીવનનું સાચું ઘડતર થાય છે. વિવિધ અભ્યાસ દ્વારા ઊંચી પદવી પર પહોંચી શકાય છે. અભ્યાસ વિદ્યાર્થીઓનો ખોરાક છે. દરરોજ સવારે વહેલા ઊઠવું, ચા-નાસ્તો કરવો, સ્કૂલે જવું, ટ્યુશને જવું, ફરી રાત્રે ગૃહકાર્ય કરવું. આમ વિદ્યાર્થી અવસ્થામાં સતત પ્રવૃત્તિમય જીવન જીવવાનું હોય છે. મહેનત....... મહેનત....... ને સખત મહેનત જ.

વિદ્યાર્થી મિત્રો આખું વર્ષ દિવસ-રાત જોયા વિના મહેનત કરે છે, ત્યાર પછી તેઓ સારા ગુણાંક સાથે પાસ થાય છે. તેમને તેમની મહેનતનું સાચું ફળ મળે છે. આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે રૂચીજોગ, આગળ વધવાની ધગશ ઊભી થાય, પોતાનું અને સમાજનું નામ રોશન થાય, તે માટે જ્ઞાતિ દ્વારા દર વર્ષે 'સરસ્વતી સન્માન સમારંભ'નું આયોજન કરવામાં આવે છે, જેથી આપણે આપણી જ્ઞાતિના તેજસ્વી તારલાઓને ઓળખી શકીએ. સારા ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી તેમને બહુમાનિત કરી શકાય.

તાજેતરમાં અંજાર, ભુજ અને ગાંધીધામમાં આપણી જ્ઞાતિ દ્વારા 'સરસ્વતી સન્માન સમારંભ'નું આયોજન થયું. તેમાં જ્ઞાતિના અગ્રણીઓ દ્વારા ઈનામો આપવામાં આવ્યા. સ્ટેજ પરથી ઈનામ પાત્ર વિદ્યાર્થીઓની જાહેરાત કરવામાં આવી. અરે! આ શું થયું? દરેક ધોરણમાં ઈનામ મેળવનાર એક-બે, એક-બે ગેરહાજર. અરે! આવું આયોજન આપણા માટેજ થાય ને આપણુંજ આયોજન છે. આયોજન માટે ઘણા દિવસોથી તૈયારીની જરૂર પડે છે. તેમાં તન, મન અને ધનથી કામ કરવું પડે છે. માત્ર વાતો કરવાથી કંઈ વળતું નથી. એકવાર આયોજન કરી તો જુઓ !

જ્ઞાતિનું કોઈપણ કાર્ય જ્ઞાતિજનોની હાજરીથી સફળ થાય છે. તેથી આપણે આપણી જ્ઞાતિ પ્રત્યેની જવાબદારી સમજીએ. જ્ઞાતિના દરેક કાર્યક્રમમાં સમયસર અચૂક હાજરી આપીએ. આપણા આયોજકો આપણી મહેનતનું ફળ આપવા તૈયાર છે, પણ આપણે લેવા માટે તૈયાર નથી. ઈનામમાં શું મળ્યું તે મહત્વનું નથી પણ આખી જ્ઞાતિજનોની હાજરીમાં, સ્ટેજ પર જઈને અને જ્ઞાતિના અગ્રણીઓ હસ્તે ઈનામ મેળવવો એ જીવનનો અનમોલ લ્હાવો છે. આવું નસીબ કોઈક જ ભાગ્યશાળી વિદ્યાર્થીઓને મળે છે. જરા વિચારીએ. ઈનામમાં આપણને માત્રને માત્ર રૂા. ૧૦ની વસ્તુ જ મળી છે. તેના કરતાં દસ ઘણી વસ્તુ આપણે બજારમાંથી ખરીદીએ, તો બેમાં શું ફેર-ફાર દેખાય ? જવાબ તમે જ સમજી શકો છો.

'સરસ્વતી સન્માન સમારંભ' એટલે મા સરસ્વતી દેવીની પૂજા અને અર્ચના કરવાનો પાવન દિવસ. મા સરસ્વતી દેવીની અસીમ કૃપાથી આપણે સમાજમાં માન મેળવીએ છીએ. તેમની દયાથી શિક્ષણનું કાર્ય ચાલે છે. પરમકૃપાળુ મા સરસ્વતી દેવીના કાર્યક્રમમાં આપણે હાજર ન હોઈએ? આ આપણી અણસમજ છે, અજ્ઞાનતા છે કે પછી આપણી બેદરકારી છે, તે સમજાતું નથી. વિદ્યાર્થીઓની સાથે વાલીઓની ખાસ જવાબદારી છે કે, તેઓ તેમની સાથે જ્ઞાતિના દરેક કાર્યક્રમમાં હાજરી આપે. વડીલો જ જો જ્ઞાતિના કાર્યક્રમમાં આવવાની ઉપણ દાખવશે તો આવનાર પેઢી પણ આમજ ચાલશે.

ટૂંકમાં, આપણે ભાગ્યશાળી છીએ કે, આપણી જ્ઞાતિમાં "અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહા મંડળ"ની રચના થઈ. જેને પરિણામે આપણી જ્ઞાતિમાં ખૂબજ વિકાસ થયો છે. ખાસ કરીને અમદાવાદના જ્ઞાતિજનો અને કાર્યકરો જે મહેનત કરે છે, તેમને ધન્યવાદ. મા સરસ્વતી દેવીની અને મા કાલીકાદેવીની આપણી જ્ઞાતિ પર કૃપા થાય. આપણી જ્ઞાતિ વધુને વધુ આગળ આવે. આપણે આપણી જવાબદારી સમજીએ. જ્ઞાતિના આયોજકોને તેમની મહેનતનું ફળ આપીએ. તેમનું સાચું ફળ સ્વરૂપ છે "કાર્યક્રમમાં આપણી સમયસરની અચૂક હાજરી."

## આત્મવિશ્વાસ

ઘણા લોકોને પોતાની શક્તિમાં જ શ્રધ્ધા હોતી નથી. આત્મવિશ્વાસનો અભાવ એક જાણીતી નબળાઈ છે. અને તેથી દરેક કાર્યમાં નિષ્ફળતા જ મળે છે. તમારામાં શક્તિ કદાચ થોડી હોય તો પણ તમારે એવી શ્રધ્ધા રાખવી જોઈએ કે તમારા કાર્યમાં તમને જરૂર સફળતા મળશે. આત્મવિશ્વાસ એ અડધી સફળતા છે, જેનામાં આત્મવિશ્વાસ છે, તે સદા સફળતા પ્રાપ્ત કરી શકે છે.

ચારિત્ર્ય, બુદ્ધિ, ઉમદા ગુણો, નૈતિક રીત ભાત, મધુર સ્વભાવ આવી ઘણી બધી વસ્તુઓના સરવાળાથી જ મનુષ્યનું વ્યક્તિત્વ ઘડાય છે અને તેવી વ્યક્તિ પ્રતિભાશાળી ગણાય છે. પૂર્ણ યોગી અથવા જ્ઞાની દુનિયામાં સૌથી વધુ પ્રતિભા ધરાવતો હોય છે. કોઈપણ વ્યક્તિ સદાચારને જીવનમાં સતત વણીને આકર્ષક પ્રતિભા પ્રાપ્ત કરી શકે છે. તે લાખો લોકો પર અસર પાડી શકે છે.

*- માનસી ડી. કોટડીયા*

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ આ મુજબ છે :

***(૧) બુધ્ધદેવ ભટ્ટાચાર્ય (૨) ચાંપાનેર (૩) મહાત્મા ગાંધી***
***સાચા જવાબો આપનાર છે શીતલ અરૂણભાઈ બુદ્ધભટ્ટી - ભુજ.***
***તેમને રૂા. ૧૦૧નું ઈનામ પ્રભુકૃપા જ્વેલર્સ તરફથી આપવામાં આવે છે.***

આ અંકના પ્રશ્નો છે

૧. બેઈજીંગ ઓલમ્પિકમાં અભિનવ બિન્દ્રાને કઈ રમત માટે સુવર્ણચંદ્રક મળેલ છે?
અ. બોક્સીંગ  બ. શૂટીંગ  ક.કુસ્તી

૨. ટાટા કંપની દ્વારા એક લાખની કિંમતની કઈ કાર ટૂંક સમયમાં બજારમાં આવશે?
અ. નેનો કાર  બ. ઈ-કાર  ક. માઈક્રોકાર

૩. પાકિસ્તાનનું પાટનગર કયું શહેર છે?
અ. લાહોર  બ. ઈસ્લામાબાદ  ક. રાવલપીંડી

**ઉપરોક્ત સવાલોના જવાબ તા. ૩૦/૯/૨૦૦૮ સુધીમાં જ્ઞાતિસેતુ કાર્યાલયના સરનામે મોકલશો. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧નું ઈનામ આપવામાં આવશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઓફ લક.**

## ઝંઝાવાત!

ઝંખનાના ઝંઝાવાતે ઊડી ઘણું ઊંચે!,
રોમાંચિત થયું મન રહી બહુ ઊંચે-ઊંચે!
પણ સમજાયું, અસ્તિત્વ તો માત્ર તણખલાં જેવું,
ક્ષણભરજ રહેવાનું હતું, ઊંચે ઊંચે!
સમ્યો વાયરો ક્ષણભરમાં જ્યારે,
કેમ કહીશ હવે ઊંચે ઊંચે?
ઝંઝાવાત તો થંભી ગયું,
પણ મન જવા ઝંખે ઊંચે ઊંચે!
ક્ષણવારના ઝંઝાવાતે કર્યું અસ્તિત્વ ભિન્ન!,
તણખલાં જેવું અસ્તિત્વ ભાળી મન થયું ખિન્ન!
ઓ ઝંઝાવાત! આવ ફરી વેગીલું બની,
ખિન્નતા હર મનની, લઈ જા ફરી ઊંચે-ઊંચે!

***- કુ. એકતા કટ્ટા - અંજાર***

## ગમ્મત ગુલાલ

☺ રીના કહે છોકરો હંમેશા છોકરીનો હાથ જ કેમ માંગે છે, પગ કેમ નહીં?
મીનાએ કહ્યું કારણ કે હાથમાં સોનાની વીંટી, બંગળી, મોંઘી ઘડીયાલ પણ હોય છે. અને પગમાં માત્ર ઊંચી હીલવાળા સેન્ડલ.
☺ રેખા (બોસને) સર, મને એક અઠવાડિયાની રજા જોઈએ. તેમાં શુ છે કે, મારી સાસુ થોડા દિવસ માટે અમારી સાથે રહેવા આવે છે.
બોસ :- રેખા, ઓફિસમાં પહેલેથી જ સ્ટાફ ઓછો છે અને તુ રજા માંગે છે? તને રજા નહીં મળી શકે.
રેખા : થેન્ક્યુ સર, હું જાણતી હતી કે મુશ્કેલીના સમયે તમે જ કામ આવી શકશો.
☺ ઝૂમકાએ તેના મુર્ખ પ્રેમી પોપટનો હાથ પકડતા પૂછ્યું "જ્યારે આપણી સાગઈ થશે ત્યારે તમે મને 'રીંગ' આપશો ને?"
પોપટ : હા, હા, કેમ નહીં!
લેન્ડલાઈન પર આપું કે મોબાઈલ પર?

***- માનસી ડી. કોટડીયા***

## SUDOKU

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 8 | 7 | 6 | 3 | | | |
| 3 | | | | | 9 | 8 | 2 | 5 |
| 9 | 4 | | | | 5 | 6 | | 3 |
| | 3 | | | 5 | 2 | | 1 | 4 |
| 7 | 5 | 2 | | | | 3 | 6 | |
| | | 4 | 6 | 3 | 7 | | 9 | |
| | 9 | 3 | 5 | 7 | | 2 | | |
| | | 7 | 3 | 4 | | | 5 | 1 |
| 8 | 1 | | 9 | | | 4 | 3 | |

સુડોકુ કસોટીના ઉકેલ માટે ૧ થી ૯ અંક એવી રીતે ગોઠવો કે દરેક ઊભી હરોળ અને આડી હરોળ અને ૩+ ૩ના નાના ચોરસમાં તે અંકો આવે. કસોટીનો ઉકેલ આ અંકમાં જ છે. પણ તે શોધવા ઉતાવળ ન કરતા. પેનસીલ અને રબ્બરનો ઉપયોગ કરી ધીરજ પૂર્વક અંક ગોઠવણી કરો અને કસોટીની મજા માણો.
*Its a Challange !!!*

## बारीश

बादल बारीश लाते है,
गरज गरज बरसाते है,
बिजली भी चमकती है,
हवा तेज़ चलती है,
बारीश मध्धम लगती है।
बारीश में बच्चे खेलते है,
पानी छब-छब सरते है,
गली-गली पानी भर जाता है,
उसमे कागज़ की नाव तैराते है,
बारीश मध्धम लगती है।

*- कीर्तन सोनी - अंजार*

## સ્માઈલ પ્લીઝ

☺શિક્ષક : વિદ્યાર્થીઓ, તમને કોનો અવાજ વધારે ગમે?
વિદ્યાર્થીઓ : રજા પડવાની ઘંટડીનો.

☺પત્ની : જો હું માઉન્ટ એવરેસ્ટ સફળતાપૂર્વક ચડી જાઉં તો તમે મને શું આપશો?
પતી : ધક્કો.

***- સોની જીગર હિંમતલાલ***

**દેવી ભક્ત કીલા કંસારા**
**પાના નં. ૨૪ થી ચાલુ**

લગાવ્યું. અને ખરેખર! પ્લેગ નામનો રોગ સુરતમાં ફેલાયો. હજારો લોકો મરણ પામ્યા. બ્રિટિશ રાજ્યની શરૂઆત હતી. તે લોકોએ પણ ભારે મહેનત લીધી. પણ આ રોગ થકી હજારો લોકો મરણ પામ્યા. લોકો ઘર ઉપર તાળાં મારીને સુરત બહાર ઝૂંપડાં બાંધીને રહ્યા.

કીલાભાઈ કંસારાનું ઘર બચ્યું. જ્યારે મહોલ્લામાં બધાં ઘરને તાળાં હતાં, આ રોગ પ્રથમ ઉંદરને થતો. ઉંદરો ગોળ ગોળ ચક્કર મારીને મરી જતા. પછી ઘરના તમામ માણસોને પ્લેગની ગાંઠ થતી. માત્ર થોડા જ કલાકમાં માણસ મરણ પામતા. દેવીની અપાર કૃપા થકી કીલાભક્તનું ઘર બચી ગયું. કીલાભાઈનો વ્યવસાય વાસણ બનાવીને વેચવાનો હતો. એક દિવસ સારો વકરો થયો તે ચોરી કરનારાઓએ નજરે જોયું. નજરે જોયું એટલે રાત્રિસમયે ખાતર પાડીને ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાંથી સંપત્તિનો ગાંસડો બાંધ્યો.

એકાએક માવડી પ્રગટ થયાં. હજારો સૂર્ય પ્રગટ થયા હોય એવો પ્રકાશ જોતાં જ ચોર અને સાથીદારો ગાંસડો મૂકીને ભાગ્યા. કીલાચંદ પણ ધબાકો થતાં ઊઠ્યા. સંપત્તિ લૂંટાતી બચી ગઈ. માતાજીનો આભાર માન્યો. પછી ભજન ગાયું, ‘ગાય પાછળ દોડે જેમ ગાવડી રે, ભક્ત પાછળ દોડે મારી માવડી રે.’

કીલાભાઈ પ્રભાતકાળે ચાર વાગે ઊઠી જતા અને માતાજીના પદ, છંદ અને લાવણીની રચના કરતા હતા. અન્ય મિત્રો કહેતા, ‘ભક્તરાજ, આ છંદોની ચોપડી છપાવો.’ ભક્તરાજ કહે, ‘એ કામ મારી માનું છે. હું એની આજ્ઞા વગર છપાવી શકતો નથી. મારા હાથે એ કાર્ય પરિપૂર્ણ ન થાય તો બીજા ભક્તો કરશે.’ ભક્તરાજની વય ૬૮ વર્ષની હતી. કીલાભાઈએ પદ રચનામાં લખ્યું, ‘આણા આવ્યા છે પરલોકના, એમાં વાયદા ન ચાલે મારી માવડી રે.’

સ્વજનોને કહ્યું, ‘હવે આ ફાની દુનિયાથી હું વિદાય લઈશે કંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો. માતાજી તરફ રાખજો. જન્મકાળની સાથી મા છે. મા થકી જ આ દુનિયા નિહાળી છે.’ આવી વિમળ વાણી કહેતા ભક્તરાજ વિ. સં. ૧૯૭૧ના અષાઢ વદ ૧૧ને દિવસે આ લોક છોડી ગયા.

અંતિમ સમયે સ્વજનોને કહ્યું, ‘માતાજી પ્રત્યે પ્રેમભાવ રાખજો. અને માનો હુકમ થાય ત્યારે તેમને લગતું કાવ્યમય સાહિત્ય પ્રગટ કરજો.’ ભક્તરાજ ગયા બાદ ‘નવીન છંદ પ્રકાશ’ નામે ભક્તરાજ કીલાભાઈએ રચેલ છંદ લાવણી પદનો ગ્રંથ ભૂરાભાઈ નામના ભક્તે પ્રગટ કર્યો. લોકોમાં ખૂબજ આદર પામ્યો. દસ વર્ષ બાદ એની બીજી આવૃત્તિ બહાર પડી, જે લોકોમાં ખૂબજ ખ્યાતિ પામી ગઈ.

કીલા ભગતના જીવનમાં રોજના એવા કેટલાય પ્રસંગો બન્યા, જેથી તેમણે લોકોના દુઃખ દૂર કર્યા હતા. તેઓશ્રી માત્ર ફૂલ અને પાણી આપતા. ઘણાય દુઃખીઓના દુઃખ દૂર થયાં, જે લોકોમાં આજે પણ યાદી સ્વરૂપે સચવાયા છે.

આજે કીલા ભગત નથી, છતાં તેમના દેવીભક્તિના છંદ યાદગીરી રૂપે અંબાજી તેમજ દેવીમંદિરોમાં ગવાય છે, એ જ લોકહૃદયમાં સ્થાન પામ્યાની ભવ્ય નિશાની છે.


**દીપાવલી અવસરે અમૂલ્ય ઉપહાર**

સેતુ વિશેષાંક

**જ્ઞાતિસેતુ**




**આપણો સ્વર્ણિમ સમાજ**

આ અંકમાં માણો

વિવિધ સ્થળે વસતા આપણા જ્ઞાતિ પરિવારોની રસપ્રદ માહિતી
આપણી પ્રેરક પરંપરાઓ
આપણા પુરુષાર્થ પૂર્વજોના પ્રેરક જીવન ચરિત્રો
આપણા ‘સ્વર્ણિમ સમાજ’ના ઘડવૈયાઓ
આપણી ‘આવતી કાલ’નું હીર
આપણી મહિલા શક્તિ
આપણી યુવા શક્તિ
આપણું બાળધન

તદ્ઉપરાંત રસપ્રદ વાનગી, વાર્તાઓ, રમુજ રહસ્ય, રોમાંચક કથાઓ

**આ દળદાર અંકના ‘રંગીન’ પૃષ્ઠો માટે વિજ્ઞાપન આપી અંકને ‘સરસ’ બનાવવા ‘સહયોગ’ આપવા આપણા સમાજના શ્રેષ્ઠીઓને વિશેષ અનુરોધ છે.**

## માનસી બાળ શબ્દ કસોટી

ગત અંકના જવાબો.

*આડી ચાવી : ૧. ઈમાનદાર, ૨. મારગ, ૩. મા, ૪. રમુજ, ૯. કારજ, ૧૨. નસ*

*ઊભી ચાવી : ૧. ઈનામ, ૨. નગર, ૬. મુકામ, ૭. જર, ૮. યશોદા, ૧૦. જણસ*

*- નોંધ આડી ચાવી ૧૧માં પ્રિન્ટીંગ ભૂલ હોવાથી સ્પર્ધા માટે તે ધ્યાનમાં લેવાયેલ નથી.....*

સાચા જવાબ આપનાર મિત્રો

વિરલ પ્રવિણભાઈ સોની - ખોંભડી, તા. નખત્રાણા, રોહિણી ભરત બુદ્ધભટ્ટી - ભુજ, શીતલ અરૂણભાઈ બુદ્ધભટ્ટી - ભુજ

**ભાગ્યશાળી વિજેતા છે વિરલ પ્રવિણભાઈ સોની, ખોંભડી તેઓને જ્ઞાતિસેતુ તરફથી ૧૦૧નું ઈનામ મોકલાવી આપવામાં આવશે.** આ અંકની કસોટી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ |
| | ■ | | ■ | ૪ | |
| ■ | ૫ | | | | ■ |
| ૬ | | | ■ | ૭ | ૮ |
| | ■ | ■ | ૯ | ■ | |
| ૧૦ | | | | ■ | |

આડી ચાવી

૧. માતાજીની આરાધનાનો પર્વ (૪)
૫. ગુંડાગીરી, જોરજુલ્મ (૪)
૬. ચાની એક જાત, નાનો દાણો (૩)
૭. કુટેવ, અનિષ્ટ (૨)
૧૦. ઘર, રહેણાંક (૪)

ઊભી ચાવી

૧. એક અંક (૨)
૨. વટેમાર્ગ, પથિક (૪)
૩. પોતીકું, અંગત (૨)
૪. નિર્ધન (૩)
૫. કિંમત, મૂલ્ય (૨)
૬. મોર (૩)
૮. રજવાડાના મંત્રી (૩)
૯. પ્રતિજ્ઞા, વચન (૨)

ઉપરોક્ત સવાલોના જવાબ તા. ૩૦/૯/૨૦૦૮ સુધીમાં જ્ઞાતિસેતુ કાર્યાલયના સરનામે મોકલશો.

સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને જ્ઞાતિસેતુ તરફથી રૂા. ૧૦૧નું ઈનામ આપવામાં આવશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઓફ લક.

**હવેથી વિજેતાને ઈનામ સ્વરૂપે મળશે રૂા.૨૫૦/-નાં મુલ્યનું ગૂર્જર સાહિત્ય પ્રકાશનનું 'સહજ બાલઆનંદ' માસિક એક વર્ષ માટે.**

PRINTOGRAPHY Colortoons



નામ ________ ઉંમર ________

સરનામું ________

સેતુ સભ્ય નં. ________ (આપનાં સેતુનાં કવર પર સભ્યપદ નંબર આપેલ છે.)

**રંગપૂરેલ કૃતિ ૩૦-૯-૦૮ પહેલા 'જ્ઞાતિસેતુ'નાં કાર્યાલય પર મોકલી આપો.**

ગત અંકની કલરટુન સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારો :

પ્રશાંત ચંપકભાઈ - અંજાર
નેન્સી એસ. સોની - તલોદ
જીગર એચ. સોની - વિથોણ
રાજ એસ. સોની - વિથોણ
માનવ બી. સોની - ભુજ
યશ એ. બુદ્ધભટ્ટી - ભુજ
કૃણાલ પી. પોમલ - અંજાર
હીના એ. સોની - અંજાર
જાહન્વી એન. સોની - દેવપર
માનસી એમ. બારમેડા - બાયડ

**વિજેતા : સોની પ્રિયંકા અરૂણભાઈ - અંજાર**

## સેતુ પરિવારના સભ્યો જોગ

સેતુ કાર્યાલય દ્વારા દરેક સભ્યને પોસ્ટ દ્વારા અંક ચોક્કસ મોકલવામાં આવે છે. જો આપને અંક ન મળતો હોય તો આપનું પુરું સરનામું પીનકોડ નંબર સાથે પોસ્ટકાર્ડ પર લખી જણાવવા વિનંતી છે. અન્ય કોઈ સભ્યને સેતુ ન મળતું ન હોય તો તેમણે પણ આ રીતે પોસ્ટકાર્ડ લખવા જણાવવા વિનંતી જેથી સેતુ નિયમિત મળતું રહે.

## સેતુના નવા સભ્યોની યાદી

સોની કેશવજી લખમશી - અંજાર
નિતીન રામદાસ સોલંકી - ભુજ
અશોક ખીમજી સાકરીયા - ભુજ
કંસારા સુધીરકુમાર હંસરાજભાઈ - વીસનગર
કાંતીલાલ નરભેરામ બુદ્ધભટ્ટી - ભુજ
સોની ગીરીશ રામદાસ - કેરા, તા. ભુજ
સોની પ્રવિણભાઈ ગેલાભાઈ - નાગપુર

## સેતુના વિજ્ઞાપનદાતાઓ જોગ

'જ્ઞાતિસેતુ'ની પ્રગતિ માટે આપના તરફથી સાથ સહકાર મળે છે તે માટે 'સેતુ' સદા આપનું આભારી છે. અમોને ખ્યાલ છે જ કે વિજ્ઞાપનદાતાઓની જાહેરાત રૂપે અપાતા યોગદાનનો હેતુ જ્ઞાતિના મુખપત્રને શક્ય તે રીતે સહાયરૂપ થવાનો છે. અને એટલે જ સેતુના વાચકોને આપનો વિસ્તૃત પરિચય આપવાનો પ્રસ્તાવ છે. અતઃ આપ સૌ વિજ્ઞાપનદાતાઓને વિનંતી છે કે પ્રકાશન હેતુ આપના પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ સાથે આપનો તથા આપના વ્યવસાયનો ટૂંકો પરિચય લખી જણાવશો જે આગામી વિશેષાંકમાં પ્રસિધ્ધ કરી શકાય.

*આભાર સહ.. - તંત્રી મંડળ*

### 'જ્ઞાતિસેતુ' માટે જાહેરાતના દર

| | | | |
|---|---|---|---|
| કવર પેજ-૨ (મલ્ટી કલરમાં) | : રૂા. ૩૦૦૦/- | અંદર આખું પાનું (મલ્ટી કલરમાં) | : રૂા. ૧૫૦૦/- |
| કવર પેજ-૩ (મલ્ટી કલરમાં) | : રૂા. ૨૫૦૦/- | અંદર આખું પાનું (B/W) | : રૂા. ૧૦૦૦/- |
| કવર પેજ-૪ (મલ્ટી કલરમાં) | : રૂા. ૨૫૦૦/- | અંદર અડધું પાનું (B/W) | : રૂા. ૬૦૦/- |

| | |
|---|---|
| અંદર પા પાનું (B/W) | : રૂા. ૪૦૦/- |
| દરેક પાનાની નીચે ૧''ની પટ્ટી | : રૂા. ૧૫૦/- |
| મલ્ટી કલર ક્લાસીફાઈડ ૧/૮ પેજ ૬ અંક માટે | : રૂા. ૨૫૦૦/- |

**'જ્ઞાતિસેતુ'માં જાહેરાત સ્વરૂપે સહયોગ આપનાર હિતેચ્છુઓના અમો આભારી છીએ. જાહેરાતની વિગત તથા જાહેરાતની રકમ મની ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફટ અથવા રોકડા સ્વરૂપે જ્ઞાતિસેતુ કાર્યાલય ખાતે મોકલવા વિનંતી.**

## પ્રતિભાવ

'જ્ઞાતિસેતુ'ને અને તેની પૂરી ટીમને મારા અને મારા પરિવારના જય શ્રી કૃષ્ણ. 'જ્ઞાતિસેતુ'નો આ અંક ખૂબજ સરસ, વાંચવા અને જાણવા લાયક હોય છે અને વાંચીને સંતોષ જ ન થાય તેવી માહિતી, કાવ્ય, વાનગીઓ, લેખ અને અન્ય પ્રકારની માહિતી 'જ્ઞાતિસેતુ'માં સમાયેલી હોય છે. દરેક દરેક અંકો સંગ્રહ કરવા જેવા હોય છે. નાના બાળકો, યુવાન તેમજ મોટેરાઓને સમાવી લેવાની ક્ષમતા આપણી 'જ્ઞાતિસેતુ' ધરાવે છે. આજ રીતે નિરંતર પ્રગતિ કરે અને દરેક ઘરમાં પહોંચે અને હંમેશા ચાલુ રહે એજ મારી નમ્ર વિનંતી સાથે આપણી જ્ઞાતિના તેજસ્વી તારલાઓ કાર્તિકેય બુદ્ધભટ્ટી અને જીનલ સોલંકીને અભિનંદન અને ગત અંકના કલરટુન વિજેતા મારી પુત્રી પોમલ હીનલ પ્રકાશભાઈને હાર્દિક શુભેચ્છા.

*-આર.પી. પોમલ-અંજાર*

મેં લખેલા એક નાનકડા આર્ટીકલને તેનો મુખ્ય હોદે સમજીને આપે તેને જુન-જુલાઈ 'જ્ઞાતિસેતુ'ના અંકમાં છાપી મને પ્રોત્સાહિત કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. 'જ્ઞાતિસેતુ'ના સભ્યોની સંખ્યા વધતી જાય છે, તે વાંચી આશ્ચર્ય થયો. દિન-પ્રતિદિન જ્ઞાતિનો વ્યાપ વધતો જાય છે, સંખ્યાબળ વધે છે, પ્રશ્નો ઘણા છે, ઘણા કાર્યો કરવાના છે. અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં વિકાસ બાબતે આપણે ઘણા પાછળ છીએ, તેમ છતાં આવતી કાલ ઉજ્જવળ હશે. આપણે સૌ સાથે મળી સહિયાસ પ્રયત્નોથી વિકાસ માટે મથતા રહીશું તેવી અભિલાષા. ભુજમાં મારા લાયક કોઈપણ કામકાજ હોય તો ગમે ત્યારે જણાવશો.

*- મોહન બી. પોમલ*

આપના તરફથી ''જ્ઞાતિસેતુ''નો જુન-જુલાઈનો અંક મળેલ છે. આભાર! આપે આપના આ અંકમાં પૃષ્ઠ ૨૮ પર અમારી જાહેરાત છાપી તે માટે આપનો આભારી છું. સંજોગો વસાત જ આ બધાને સરસ પરસ પરિચિત થવાનું નિર્ણય હશે. આપ વિના સંકોચે અમોને ઉપરોક્ત સરનામે બીલ મોકલશો તો અમે પેમેન્ટ પણ મોકલાવી આપીશું. આમાં આપને ક્ષોભ અનુભવવાની જરૂર નથી. એક જ્ઞાતિબંધુ તરીકે જ્યારે વિશ્વ આટલું નાનું અને નજદીક થઈ ગયું છે, ત્યારે આપણે સૌએ મારૂ, ગુજરાતી, અમદાવાદી, વિસનગર, સુરતી વિગેરે આડનામને બદલે ફક્ત ''કંસારા'' કહેવડાવવાની જરૂર છે. જે આજથી ૫૦ વર્ષ પહેલા મારા પૂજ્ય પિતાશ્રી લાલજીભાઈ ગોકલદાસ કંસારાએ પાવાગઢ સંમેલનમાં જણાવેલ હતું. હું ૨૦૦૨ના ભુકંપ બાદ અમારા પિતાશ્રીના ટ્રસ્ટમાં સમસ્ત કંસારા સમાજ વતી પરદેશના આપણા જ્ઞાતિબંધુઓ દ્વારા આવેલ ફંડનું વિતરણ કરવા ભુજ-અંજાર આવેલો ત્યારે ભુજના અમદાવાદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સિધ્ધિ કરતા તુલસીભાઈ અમારી સાથે હતા. હું સામાજીક કાર્યોમાં ખૂબ જ રસ ધરાવું છું. આપની મેડિકલ શૈક્ષણિક સેવાઓ પ્રશંસનીય છે. દીકરા-દીકરીના સગાઈ-લગ્ન બાદ છુટા થવાના કેસનો દાખલો ખૂબ જ ગમ્યો. આ ન બને તે માટે આપણે કટીબધ્ધ થવું જોઈએ અને જુના બંધનો છોડી આપણે સરસ પરસ રોટી-બેટીનો વ્યવહાર શરૂ કરીએ તોજ ભાવનાત્મક એકતા વધશે અને સમસ્ત સમાજનું કાર્ય સાર્થક થશે. આપ જરૂર મારે લાયક આ બાજુ જ કોઈપણ કાર્ય વિના સંકોચ ફરમાવશો. જરૂર આપને યથા યોગ્ય મદદરૂપ થવા પ્રયત્નશીલ રહીશ.

*- અશ્વિન એલ. કંસારા - મોરબી*

Printed & Published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad - 380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad - 380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00